
કિંમત ₹ ૫

# શ્રી સ્વામિનારાયણ

માસિક

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક ૯૯ ● જુલાઈ -૨૦૧૫



વિશ્વનું સૌ પ્રથમ
શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર
નવા રૂપ રંગ સાથે

શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ











૧.આપણા આઈ.એસ.એસ.ઓ. શ્રી સ્વામિનારાયણ મંદિર હ્યુસ્ટનના દશાબ્દી પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ.ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ્રાસંગિક સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી ૨. શિકાગો મંદિરમાં સત્સંગ કરાવતા શા. સ્વામી આત્મપ્રકાશદાસજી, શા.ભક્તિ સ્વામી, શા. વિશ્વવિહારી સ્વામી અને શા. યજ્ઞપ્રકાશ સ્વામી.



# શ્રી સ્વામિનારાયણ


**શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર**

**વર્ષ - ૯ ● અંક : ૯૯**

**જુલાઈ-૨૦૧૫**

**(મૂળ વર્ષ ૪૭)**





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**
એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | જેતલપુરના ગંગામાની ગાથા | ૦૬ |
| ૦૪. | શ્રીહરિના અપર સ્વરૂપના મુખેથી અમૃતવચનો | ૦૯ |
| ૦૫. | તમને સત્સંગના કવિ સ્થાપિયે છીએ | ૧૨ |
| ૦૬. | સુસ્વાસ્થ્ય અને આહારના માહાત્મય સભર શ્રી સહજાનંદ સ્વામી નિર્મિત શાકોત્સવ | ૧૪ |
| ૦૭. | ''સત્સંગી થયા તો કેવા થયા'' - શ્રીહરિની શીખ | ૧૬ |
| ૦૮. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૯ |
| ૦૯. | સત્સંગ બાલવાટિકા | ૨૧ |
| ૧૦. | ભક્તિ સુધા | ૨૩ |
| ૧૧. | પ્રશ્ન પેટી | ૨૬ |
| ૧૨. | સત્સંગ સમાચાર | ૨૭ |



**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

# અસ્મદીયમ્

આપણા ઈષ્ટદેવ સર્વોપરિ અવતારના અવતારી પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન અતિ દયાળુ છે. ચોમાસાની ઋતુ બેસતા જ સર્વત્ર વરસાદ વરસાવ્યો. અમરેલી જીલ્લામાં અતિ વૃષ્ટિએ ખૂબજ તારાજી કરી છે. ઘણા લોકો પાણીમાં તણાઈ ગયા. ઢોર-ઢાંખર જંગલમાં વસતા સાવજ અને અનેક પ્રાણીઓ મરી ગયા છે. માલ-મિલ્કત અને ખેતરોમાં ઘણું જ નુકસાન થયુંછે. જ્યારે અમુક વિસ્તારમાં સારો વાવણી લાયક વરસાદ પડ્યો છે. દુઃખ અને આનંદ બન્ને છે.

હાલ પુરુષોત્તમ માસ ચાલે છે. અધિક માસ એટલે અધિક ભજન ભક્તિ કરવાનો સુલભ સમય ગમે તે પ્રકારે ભગવાન ભજવા છે. ભજન કરતા કરતા આપણે વાસના રહિત થવું છે.

અને કોઈકને એવો સંશય થાય જે ‘અત્યંત નિર્વાસનિક નહિ થઈએ ને કાચા ને કાચા મરી જઈશું તો શા હાલ થશે ?’ તો એવો વિચાર ભગવાનના ભક્તને કરવો નહિ અને એમ સમજવું જે, ‘મરશે તો દેહ મરશે પણ હું તો આત્મા છું અને અજર અમર છું માટે હું મરું નહિ.’ એવું સમજીને હૈયામાં હિંમત રાખવી અને પરમેશ્વર વિના સર્વે વાસના ત્યાગ કરીને અચળ મતિ કરવી. અને એમ વાસના ટાળતાં ટાળતાં જો કાંઈક થોડી ઘણી વાસના રહી ગઈ તો જેવા મોક્ષધર્મમાં નરક કહ્યા છે તેવા નરકની પ્રાપ્તિ થશે. તે નરકની વિગતિ જે ભગવાનનો ભક્ત હોય તેને કાંઈ જગતની વાસના રહે તેને ઈન્દ્રાદિક દેવતાના જે લોક તેની પ્રાપ્તિ થાય ને તે લોકને વિષે જઈને અપ્સરાઓ તથા વિમાન તથા મણિમય મહોલ એ આદિક જે વૈભવ તે સર્વે પરમેશ્વરના ધામની આગળ નરક જેવા છે તેને ભોગવે છે પણ વિમુખ જીવની પેઠે યમપુરીમાં જાય નહિ અને ચોરાશીમાં પણ જાય નહિ. માટે જો સવાસનિક ભગવાનના ભક્ત હશો તોપણ ઘણું થશો તો દેવતા થવું પડશે ને દેવતામાંથી પડશો તો મનુષ્ય થશો ને મનુષ્ય થઈને વળી પાછી ભગવાનની ભક્તિ કરીને ને નિર્વાસનિક થઈને અંત્યે ભગવાનના ધામને પામશો, પણ વિમુખ જીવની પેઠે નરક ચોરાશીને નહિ ભોગવો, એવું જાણીને ભગવાનનો ભક્ત હોય તેને વાસનાનું બળ દેખીને હિંમત હારવી નહિ ને આનંદમાં ભગવાનનું ભજન કર્યા કરવું અને વાસના ટાળ્યાના ઉપાયમાં રહેવું અને ભગવાન ને ભગવાનના સંતના વચનમાં દૃઢ વિશ્વાસ રાખવો.’’

(વચ. સારંગપુરનું ૪ થું.)

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ



## પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની

# તવારીખ

### (જૂન-૨૦૧૫)

| | |
|---|---|
| ૧ | સોજા ગામે પધરામણી |
| ૩ થી ૨૪ | પર્થ ઓસ્ટ્રેલીયા સત્સંગ પ્રચાર અર્થે અને શ્રી સ્વામિનારાયણ મંદિર હ્યુસ્ટન (અમેરિકા)ના પાટોત્સવ પ્રસંગે અને સત્સંગ સભા પ્રસંગે પધરામણી. |
| ૨૬ | શ્રી સ્વામિનારાયણ મંદિર બીલીયા કથા પ્રસંગે પધરામણી |
| ૨૮ | શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અધિક પુરુષોત્તમ માસ નિમિત્તે આયોજીત સમૂહ મહાપૂજા પોતાના શુભ સાનિધ્યમાં સંપન્ન થઈ. |
| | શ્રી સ્વામિનારાયણ મંદિર અંજલી સમૂહ મહાપૂજા પ્રસંગે પધરામણી. |

# જેતલપુરના ગંગામા ની ગાથા

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

જુનાગઢના નાગર નરસિંહ મહેતાની દીકરી કુંવરબાઈને ઉના પરણાવી હતી. તેની દીકરી શર્મિષ્ઠાના વડનગર લગ્ન કર્યા. ભક્તરાજ નરસિંહ મહેતા પાછળની ઉંમર દીકરીની દીકરીને ત્યાં આવીને અંતિમ જીવન વિતાવ્યું હતું.

શર્મિષ્ઠાને તાનારીરી નામે બે દીકરીઓ હતી. જેઓને નરસિંહ મહેતાએ સંગીત શીખવાડ્યું અને કવિ સમ્રાટ તાનસેનને મલ્હાર રાગનું ગાન કરી દીપક રાગની ઉષ્ણતા શાંત કરી હતી. તથા ભીમ મહેતા નામે એક પુત્ર હતો. તેને નવ પુત્રો થયા. તેમાં (૧) ઉનાવા (૨) ઊંઝા (૩) નારદીપુર (૪) માણસા (૫) કોઠા (૬) પેથાપુર (૭) મહેતાપુરા (૮) પલિયડ (૯) વેડા માં જઈને વસ્યા.

નવ પૈકીના શ્યામજી મહેતા નારદીપુર આવીને વસ્યા. તેમના ભુદર મહેતા નામે પુત્ર થયા. તેમના ઘરે અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ જેઓને ''મા'' કહીને બોલાવતા એવા જેતલપુરના તથા સંપ્રદાયના ઈતિહાસને ઉજાગર કરનાર તેમજ દશક્રોશી સહિત ઉત્તર ગુજરાતના ઉદ્ધવ સંપ્રદાયના પ્રણેતા એવા સત્સંગ શિરોમણી ''ગંગામા'' નો વિક્રમ સંવત ૧૮૦૭ જેઠ સુદ સાતમ ગંગા સપ્તમીના પવિત્ર દિવસે માતા પ્રેમકુંવરબાના કૂખ થકી પ્રથમ સંતાન રૂપે પ્રાદુર્ભાવ થયો.

ભુદર મહેતાને ત્રણ પુત્રીઓ અને બે પુત્ર થયા.

(ગંગામા) ગંગાકુવર, રળીયાતકુંવર, કશળીકુંવર પુત્રીઓ અને નાનાલાલ અને જોઈતારામ પુત્રો થયા.

ભુદર મહેતાએ પુત્રી ગંગાકુંવર (ગંગામા)ને નારદીપુરગામમાં વલ્લભદાસના પુત્ર વિશ્વનાથન રાવલને ઘેર પરણાવી. તથા રળીયાતકુંવર દીકરીને ઉનાવા (બાલવા) પરણાવી, કશળકુંવરીએ સ્વેચ્છાએ નાગર ઈતર



જ્ઞાતિમાં મહેસાણામાં દવે જ્ઞાતિમાં લગ્ન કર્યા. તે સમયે તેનો વિવાદ થવાથી તેઓને નાત બહાર મુક્યા. જે કશળીકુંવરના ઘેર શ્રીહરિએ ખીચડીના દાતણ કર્યા હતા તથા રળીયાતકુંવરને ત્યાં ઉનાવામાં શ્રીહરિ સાતવાર ઘેર પધારી થાળ જમ્યા હતા. પુત્ર નાનાલાલ કરજીસણ રહેવા જતા રહ્યા અને કડવા પટેલ ૪૨ સમાજના ગોર પદુ કરતા. બીજા પુત્ર જોઈતારામ નારદીપુર રહ્યાં.

ગંગામાના માતા પિતાના લગ્ન સમયે લગ્ન માંગુ લઈને દરબાર પિપળજ ઠાકોર રાજા સાહેબ પોતે વાણીયા વેડા ગામે ગયેલા હતા તેથી પુત્રી ગંગામાને ઠાકોર સાહેબ ભાણી કહીને બોલાવતા. નારદીપુર અને વેડાનો વાંટો (રાજ્ય) પિપળજના ઠાકોર સાહેબનો હતો. ગંગામાના પિતા ભુદરજીને બળદેવજી બીજા નામે ઓળખાતા. જેઓએ રામાનંદ સ્વામીના સચિવ તરીકે સેવા આપેલી. પિપળજ ઠાકોર સાહેબના અંગત સન્માનનીય ભુદરજીએ રામાનંદ સ્વામીની સાથે વિચરણ કરીને ઉદ્ધવ સંપ્રદાયના વિસનગર સહિત નાગરોના નવ ગામ ગોળમાં પાયા નાખ્યા હતા. તે વખતે વામપંથીઓનો ખૂબજ પ્રચાર પ્રભાવ હતો. પરંતુ ઠાકોર સાહેબના સહયોગથી ઉદ્ધવ સંપ્રદાયના આશ્રિતો વધવા લાગ્યા.

એકવાર ગંગામાના દાદા શ્યામજી મહેતાને સ્વપ્ન આવ્યું કે નારદીપુરમાં રબારીવાસના ટેકરા નીચે ભગવાનની મૂર્તિયો મુગલ શાસન સમયથી દબાયેલી છે અને લક્ષ્મણજીના જમણા ગાલે મોટા તલની નિશાની છે. આ વાત જમીન માલિક રબારીને કરી તો તેણે પણ સાક્ષી પુરી કે અમારી ગાયો પણ આ ટેકરા પર અનેકવાર શિંગડાથી જમીન ખોદવાનો પ્રયત્ન કરે છે.

પીપળજ ઠાકોરની મદદથી ટેકરાનું ખોદકામ કર્યું તો તેમાંથી બળીયાદેવ, શ્રીકૃષ્ણ, રાધાજી, બળદેવજી, રેવતીજી, પાંચ પાંડવ, કુંતાજી, અષ્ટપટરાણી આદિ મૂરતિયો નીકળી. તે મૂર્તિયોમાં બળિયાદેવને નારદીપુરના નાયક લોકો લાંભા ગામના તળાવના કિનારે સ્થાપના કરીને મંદિર કર્યું. જે આજે લાંભા બળીયા કાકા દેવ મંદિર ખૂબજ પ્રસિદ્ધ છે. તથા પાંડવો કુંતાજીની મૂર્તિયોને એક નાયક બહુચરાજી પાસે આસજોલ ગામે લાવીને મંદિર કરીને સ્થાપના કરી.

નારદીપુરના નાયક સમાજના લોકો લાંભામાં રહેવા આવતાં નાયકના ગોર પદ વલ્લભદાસ રાવલ લાંભા રહેવા આવ્યા. તેઓ ખૂબજ વિદ્વાન અને જ્ઞાની હોવાથી લાંભા-અસલાલી-જેતલપુરના ગોરપદે ગ્રામવાસીઓએ નિયુક્ત કરતા વલ્લભદાસ જેતલપુર સ્થાયી થયા.

વલ્લભદાસ રાવલને વિશ્વનાથ નામે પુત્ર હતા. તેમના લગ્ન નારદીપુરના ભુદરજી મહેતાની પુત્રી ગંગાકુંવર (ગંગાબા) સાથે થયાં હતાં એટલે ગંગાબા જેતલપુર રહેવા આવ્યાં.

વલ્લભદાસ રાવલને ઘણા ગામોનું ગોરપદુ હતું તથા સાત્વિક સંયમી અને સંતોષી સ્વભાવના હોવાથી યજમાન વૃત્તિથી આર્થિક રીતે સુખી સમ્પન્ન હતા. તેઓ અવાર નવાર યજ્ઞાદિકર્મ કરતાં.

નારદીપુરમાં રબારીવાસના ટેકરામાંથી નીકળેલી મૂર્તિયોમાની રાધાકૃષ્ણની મૂર્તિની ઘરમાં સ્થાપના કરી પૂર્ણ પૂજા અર્ચના નૈવેધ કરતા. તથા બળદેવજી રેવતીજી અને લક્ષ્મણજીની મૂર્તિને નારદીપુરમાં ગંગામાના પિતા ભુદરજી મહેતાએ ઘરમાં રાખી પૂજા કરતાં. (સમયાન્તરે શ્રીહરિએ જેતલપુરમાં આનંદાનંદ સ્વામી પાસે મંદિર કરાવીને મધ્ય મંદિરમાં સ્વહસ્તે બળદેવજી રેવતીજી સાથે લક્ષ્મણજીની મૂર્તિને હરિકૃષ્ણ નામાભિધાન કરીને સંવત ૧૮૮૨ ફાગણ વદ-૮ ના રોજ પ્રાણ પ્રતિષ્ઠા કરી પધરાવી.)

એકવાર સદ્‌ગુરુ રામાનંદ સ્વામી ઉદ્ધવ પધાર્યા ત્યારે વિશ્વનાથ રાવલ પત્ની ગંગાકુંવર આદિ ઉદ્ધવ સંપ્રદાયના આશ્રિત થયા અને સ્વામીની આજ્ઞાથી અન્નક્ષેત્ર શરૂ કર્યું તેમાં ગંગાકુંવરે અતિથિને જમાડ્યા વિના જમવું નહિ એવું આકરુ નિયમ રાખ્યું હતું.

એકવાર સંવત ૧૮૩૭ ના ચૈત્ર માસમાં વડનગરના નાગરોના અધિષ્ઠાતાદેવ હાટકેશ્વર જયંતીના પર્વમાં જેતલપુરથી વિશ્વનાથ રાવલ વડનગર શિવપૂજન કરવા રોકાયા. ત્યાં લુણેશ્વર મહાદેવ મંદિરમાં જનમેદનીની ભયંકર ભીડમાં કરુણ ઘટના બની કે ગંગામાના પતિ વિશ્વનાથનું માત્ર ૩૨ વર્ષની ઉમરે નિધન થયું.

તે સમયે પીપળજના ઠાકોર સાહેબે વિશ્વનાથના પાર્થિવ શરીરને જેતલપુર પહોંચતું કરાવ્યું.

નાની ઉંમરે વિધવા બનતા ગંગાબા પતિને દેવ સરોવરના કિનારે પશ્ચિમી પાળે ચિતા ગોઠવાને સતી થવાનો સંકલ્પ કર્યો, અને ચિત્તામાં બેસવા જતાં સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણે પ્રગટ દર્શન આપીને હાથ પકડીને ચિત્તામાં બેસવાની ના પાડી અને દિવ્યરૂપે પ્રભુ બોલ્યા કે ગંગા હજી તારા હાથે અમારી બહુજ સેવા લેવાની બાકી છે. ગંગા કહે, મારે કોઈ પુત્ર નથી તો હવે જીવીને શું કરવું ? શ્રીકૃષ્ણ બોલ્યા કે - ગંગા હું તારો પુત્ર બનીને રહીશ. તમને મા કહીને બોલાવીશ. અને મારા બધા આશ્રિતો તને મા કહીને બોલાવશે.

આવું પરમાત્માનું વચન સાંભળી પતિના વિયોગનો શોક ટળી ગયો. પછી પતિના પિતા વલ્લભદાસ રાવલની અનુવૃત્તિમાં રહી રાધાકૃષ્ણની સેવા પ્રગટ ભાવે કરતાં. એકવાર રામાનંદ સ્વામીના આશીર્વાદથી રાધાકૃષ્ણની મૂર્તિયો પ્રત્યક્ષ થાળ-દૂધ જળ આરોગતા.

તે દિવસથી પુત્ર રૂપે પરબ્રહ્મની પ્રતિક્ષા કરતાં ગંગામાને દેવ સરોવરના કાંઠે નિલકંઠ વર્ણીને ઘરે લાવ્યા. થાળ જમવાના ટાણે દીકરો કહે ‘‘મા’’ એવું વચન માંગતાં પતિના અંતિમ સંસ્કાર વખતે આપેલા દીકરાનું વચન યાદ આવ્યું અને સ્તનમાં દૂધ ઉભરાઈ આવ્યું. સંપ્રદાયમાં ઉત્તમ ભક્તિના કોટીના અસંખ્ય સ્ત્રી ભક્તો થયાં પરન્તુ ‘‘મા’’ શબ્દ માત્ર ગંગામાને માટે જ કહ્યો.

ગંગામા, રામાનંદ સ્વામી અને શ્રીહરિએ શ્યામમૂર્તિ રાધાકૃષ્ણદેવ તથા મહાપ્રતાપી બળદેવજી રેવતીજી દક્ષિણ પડખે લક્ષ્મણજીની મૂર્તિ (હરિકૃષ્ણ મહારાજ) અનેકવાર થાળ પૂજન આરતી કરેલી છે.

સંપ્રદાયના સુપ્રસિદ્ધ નારદીપુરના ભક્ત તીતા ભક્ત મેવાડ ચિતોડગઢના વતની હતી. ગંગામા તેમને ભાઈ કહેતા.

ગંગામાનુ પિયર ભુદર મહેતાનું ઘર હાલમાં નારદીપુર ‘‘કિયારી’’ પાસે આવેલું છે. અને જેતલપુર મંદિરના ચોકમાં આવેલી છત્રીની જગ્યાએ તેમનું જુનું ઘર હતું.

મંદિર બનાવ્યા પછી મંદિરની પૂર્વ દરવાજાની સામે આવેલા ઘરમાં જીવન પર્યન્ત રહ્યાં. અને વિ.સં. ૧૮૯૮ પોષ સુદ-૧૫ પૂનમના રોજ ૯૭ વર્ષની વયે અક્ષરવાસી થયાં.

જ્યાં પોતાના પતિ વિશ્વનાથનો અગ્નિ સંસ્કાર કર્યો હતો તે જ જગ્યાએ દેવ સરોવરના કાંઠે પ્રસાદીની અક્ષર ફુલવાડીમાં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા. (૩૦) ત્રીસ વર્ષની ઉંમરે વિધવા થયાં. અને દેહ ત્યાગ કર્યો ત્યારે તેમની ઉંમર ૯૭ વર્ષની હતી.

ગંગામાના સાસુનું નામ ભવાની કુંવરબા હતું. તેઓનું પિયર લુણાવાડા પાસે મોટા સોનેલા હતું.

## કાલુપુર મંદિર દ્વારા વચનામૃત ગુટકો (૨૭૩) અંગ્રેજી માં પ્રકાશન

જેમ જેમ સત્સંગ દેશ વિદેશમાં વૃદ્ધિ પામ્યો તેમ તેમ ભાવિ પેઢીમાં પણ અંગ્રેજી સાહિત્યની વાચનની ભૂખ વધી છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પૂ. મહંત સ.ગુ. શા.સ્વા. હરિકૃષ્ણદાસજીની પ્રેરણાથી સત્સંગ સાહિત્ય પ્રેમી આપણા એક હરિભક્ત તરફથી વચનામૃત અંગ્રેજી ગુટકો (૨૭૩) નું અધિક અષાઢ સુદ-૧૧ એકાદશીના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે વિધિવત રીતે વિમોચન થયું. વિદેશના આપણા દરેક મંદિરોમાં તે ભેટરૂપે મોકલવામાં આવશે.

(પૂજારી બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી)

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે એડ્રેસ**

**shreeswaminarayan9@gmail.com**

**મોબાઈલથી પાડેલા ફોટા છપાશે નહિ**



# શ્રીહરિના અપર સ્વરૂપના મુખેથી અમૃતવચનો

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

**હર્ષદ કોલોની મંદિર પંચમ પાટોત્સવ (બહેનોનું નૂતન મંદિર)ની સભા પ્રસંગે તા. ૧૦-૫-૧૫, પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી :** અમે નાના હતા ત્યારે અહીં આવતા ત્યારે ઘણા વર્ષો પહેલા અહીં થોડા હરિભક્તો ભજન ભક્તિ કરતા, (હાલમાં જે ભાઈઓનું મંદિર છે તે ત્રીસ વર્ષ જુનું છે) તે હરિભક્તોના તપ અને ભજન ભક્તિથી આ વિસ્તારમાં આજે સત્સંગ અભિવૃદ્ધિ પામ્યો. આ વિસ્તારમાં જે મંદિરો બન્યા છે તેના પાયામાં આ મંદિર છે તેવું કહીએ તો અસ્થાને ન કહેવાય. મંદિરની વાત પરથી પ.પૂ. મહારાજશ્રીએ કહ્યું કે, નૂતન મંદિરો બનાવવા માટે અમારી લગભગ 'હા' જ હોય છે. કારણ કે જગતના લોકો ઠેર ઠેર હોટલો અને મોલ બનાવતા હોય તો આપણે શેરીએ શેરીએ મંદિરો બનાવીએ એમાં શું વાંધો છે ? મહારાજ કહેતા ને કે અમારે તો ગામો ગામ, ઘેર ઘેર અને છેવટે વ્યક્તિએ વ્યક્તિએ મંદિરો (પૂજા પેટી) બનાવવા છે ! લોકોને ગ્રાહકો શોધવા જવા પડે છે. ગ્રાહકો ન મળે તો મોલ પાડી નાખવા પડે છે. આપણે તો ગ્રાહક શોધવા ક્યાંય જવું પડતું  જ નથી. કલ્યાણના ખપવાળા એની મેળે આપણા મંદિરો શોધી લે છે. મંદિરો બનાવવામાં આપણો કોઈ સ્વાર્થ કે વેપાર નથી. વળી વર્તમાન કાળે ટેકનોલોજીની સુગમતાથી મંદિરો બનાવવા આપણા માટે બહુ અઘરા પણ નથી, સંકલ્પ કરીએ ને મંદિરો બની જાય છે !

મંદિરે બે-ચાર દિવસ કે અઠવાડિયું ન જઈએ અને કોઈ કહે કે કેમ હમણા આવતા નથી ? તો પૂછનાર સંતો કે ભક્તોનો ગુણ લેવો પરંતુ સત્સંગમાં ક્યારેય કોઈનો અવગુણ ન લેવો. જે બીજાના દોષ કે અવગુણ જોયા કરે છે તે અડધો વિમુખ જેવો છે. ઘણા તો મંદિર આવીને મહારાજ સામે જુએ તેના કરતા વધારે બાજુવાળા ભક્તો પર વધારે દ્રષ્ટિ કરતા હોય છે. આ ભક્ત ફક્ત આટલી જ માળા કરે છે કે માળા કરતો જ નથી. ફલાણા ભગત દંડવત જ નથી કરતા વગેરે વગેરે ........ આવું જે વિચારે છે તેને એમ માનવું જોઈએ કે બાજુવાળો પૂર્વ જન્મમાં માળા કે દંડવત કરીને આવ્યો હશે. જ્યારે મારે હજુ મંદિરની ટાઈલ્સ ઘસવાની બાકી છે. એટલે બીજાના ગુણ જોઈએ અને પોતાના દોષ જોઈએ તો જ સત્સંગમાં આપણી ઉર્ધ્વગતિ થાય. બીજાનું ધ્યાન રાખવામાં આપણે ધ્યાન કરવાનું રહી જતું હોય છે.

આ તો ભગવાન આપણને સહેજે સહેજે મળી ગયા છે એટલે તેનું આપણને જોઈએ તેવું માહાત્મ્ય સમજવામાં આવતું નથી. બાકી પૂર્વે ઋષિ મુનિઓએ હજારો વર્ષો સુધી ભગવાન મેળવવા માટે તપ કર્યું છે તો પણ ભગવાન મળવાને બદલે છેવટે તપોભંગ થયા છે. જે વસ્તુ સરળતાથી સહજમાં પ્રાપ્ત થઈ જાય છે તેની કિંમત સમજાતી નથી. કોઈ ખેડૂત હોય તે પરસેવો પાડીને થોડા રૂપિયા કમાયો હોય તેને રૂપિયા બે રૂપિયાની પણ કિંમત હોય જ્યારે એ જ રૂપિયા ખેડૂતના દીકરાને મહેનત વિના તૈયાર મળી જાય તો તે વ્યક્તિ તે પૈસાનું મૂલ્ય ન સમજી શકે.

આજે પૈસા, મોટર, બંગલા, પદ પાછળ માણસની દોટ ખૂબ વધતી જાય છે. પૈસાથી સગવડતા જરૂર મળશે. પરંતુ સાચું સુખ અને શાંતિ નહિ મળે. સાચું સુખ અને

શાંતિ તો ભગવાનના ચરણોમાં જ છે. પૈસાથી જો શાંતિ મળી જતી હોય તો પૈસાદાર વ્યક્તિને પણ બબ્બે એ.સી. ચાલું કરીને શા માટે આખી રાત પડખા ફેરવવા પડે ! એ જ જગ્યાએ તમારા બાપ-દાદાઓનો વિચાર કરો તો બપોરે ખેતરમાં ખુલ્લી જમીન પર વૃક્ષની છાયામાં એક ઢેફાળું મૂકી તેના પર પોતાના એક હાથનું ઓશીકું કરી તેના પર માથું મુકીને ઘસઘસાટ ઊંધી જતા હતા. અને આજે પણ ઉંઘી જાય છે. પૈસાનો અમારે વિરોધ નથી, કારણ કે કોઈની પણ ગાડી પાણીથી નથી ચાલતી, પેટ્રોલથી જ ચાલે છે. પરંતુ સૌથી મહત્વની વસ્તુ સંસ્કાર છે. જો પૈસા સાથે સંસ્કાર હશે તો આપણી ગાડી મંદિર તરફ જશે. બીજાની જ્યાં જવી હશે ત્યાં જશે ! જો સંસ્કાર હશે તો આપણું ધન સન્માર્ગે વપરાશે, સંસ્કાર વિનાના માણસો પોતાનું ધન ક્યાં વાપરે છે તે સૌ જાણે છે ! અને એ સંસ્કારોના ઘડતર માટે આપણા મંદિરો કેન્દ્ર સ્થાને છે. માટે આપણા મંદિરો, સંતો અને શાસ્ત્રોનો મહત્તમ ઉપયોગ કરવો.

પુરાણો પર દ્રષ્ટિ કરો તો વાત તો એ જ આવશે કે કોઈ વધારે તપ કરવા લાગ્યું, પછી ઈન્દ્રાસન ડોલ્યું, ઈન્દ્રને પોતાના પદની ચિંતા થઈ, અપ્સરા મોકલી ને તપસ્વીનો તપો ભંગ કર્યો ને ઘણીવાર તો એકે બીજાને તલવાર મારીને ઝૂંટવી લીધું. આજે પણ સ્થિતિ તો એ જ છે પરંતુ આજે કાયદાનું કંઈક નિયંત્રણ હોવાથી સીધો તલવારનો ઘા થઈ શકતો નથી તો બીજી રીતે, માનસિક રીતે દુઃખ પહોંચાડીને માણસ માણસને હેરાન કરે છે. અમે જે માનીએ છીએ તે જ બોલીએ છીએ. પોતે ન માનતા હોય અને વાત કરવા જાય તો સામેની વ્યક્તિ ઉપર તેની કોઈ અસર થાય નહિં. એક જાણપણું દરેકે રાખવું જોઈએ કે આપણા ઘરથી નજીકનું સ્મશાનગૃહ કેટલા કિલોમીટર દૂર છે ? એક વાર ગાડી લઈને જઈ આવવું અને કિ.મી. જોઈ લેવા. કોઈને ૧ કિ.મી. દૂર હશે તો કોઈને વધી વધીને ૪ થી ૫ કિ.મી. દૂર હશે. કિ.મી. જોવાનું કારણ એ છે કે અંતદ્રષ્ટિ કરીએ તો ખ્યાલ આવશે કે **દરેક માણસની જન્મથી તે મરણ સુધીની ગતિ ફક્ત તેના ઘરથી શરૂ કરીને સ્મશાનગૃહ સુધીની જ હોય છે!** હવે જીવનના આટલા ટૂંકા રૂટમાં વચ્ચેના સમયમાં માણસ કેટ કેટલા ખેલ ખેલે છે ! કેટલું દોડે છે ! કેટલું ભેગુ કરે છે ! ઈર્ષ્યા, અહંકાર, ઝઘડાનો કોઈ પાર નહી ! એટલે દરેકે વિચારવું કે આપણે શા માટે આવ્યા છીએ ! શું કરવાનું છે ? અને શું કરી રહ્યાં છીએ ? એક માત્ર ભગવાન શાશ્વત છે અને સૌના હિતકર્તા છે. અમે પણ શાશ્વત નથી માટે પ્રીતિ કરવા જેવા એક માત્ર ભગવાન હોવાથી ભગવાનની ભક્તિ કરી લેવી. આપણને મળ્યા જે ભગવાન તે આપણથી દૂર જાય તેવા નથી. પરંતુ ક્યારેક ક્યારેક આપણે આપણી સ્વભાવ, પ્રકૃતિને વશ થઈને ભગવાનને થોડા સમય માટે આપણાથી અળગા કરી દેતા હોઈએ છીએ. તમને કોઈને ઉપદેશ આપવા હું નથી આવ્યો. કારણ કે તમે સૌ કાયમ માટે દરેક પ્રસંગે ખૂબ સેવા કરતા આવ્યા છો. કરી રહ્યા છો, ભગવાન સાથે પ્રીતિ હોય તો જ સેવા થતી હોય છે.

**કુંદનપુર (કચ્છ) મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે :** યજમાનશ્રીના ઘેર અમે આજે પધરામણીએ ગયા હતા ત્યારે ત્યાં ૨૨ વર્ષ પહેલાની શોભાયાત્રાની એક પત્રિકા જોઈ. ૨૨ વર્ષે આજે ફરી આ ગામમાં શોભાયાત્રા નીકળી. ૨૨ વર્ષે ૨ વાર શોભાયાત્રા નીકળે ત્યાં સુધી તો વાંધો નહીં પરંતુ ઘણી જગ્યાએ ૧ વર્ષમાં ૨૨ વાર વરઘોડાનું આયોજન થતું હોય છે ! કુંદનપુરના ભક્તો હાર પોતાના ગળામાં ન પહેરી લે પરંતુ આપણે સૌએ ભેગા મળીને આ બાબત પર વિચાર વિમર્શ કરીને તેનું નિયંત્રણ લાવવાનું છે. કારણ કે અત્યારે તમે જુઓ છો તેમ સત્સંગનો વ્યાપ ખૂબ વધ્યો છે. એકી સાથે ઘણી જગ્યાએ ઉત્સવો-પાટોત્સવોના આયોજન હોય છે. ઘણા વર્ષો પહેલા અમે કચ્છ દેશમાં ૧ વર્ષે બે વાર આવતા જ્યારે વર્તમાન કાળે મહિનામાં બે કે તેથી વધારે વાર આવવાનું થઈ જાય છે. અમદાવાદથી અહીં આવવામાં પાંચ કલાક ગાડીમાં બેસીએ, બે-ત્રણ કલાક શોભાયાત્રામાં બેસીએ અને પછી યજમાનશ્રીઓ વગેરેના સન્માનના કાર્યક્રમ માટે બે કલાક સભામાં બેસીએ.... **(પ.પૂ. મહારાજશ્રી સત્સંગી માત્રને સુખ આપવા માટે, ભાવના પુરી કરવા માટે, જીવાત્માઓના કલ્યાણ અર્થે નિઃસ્વાર્થ ભાવે રાત્રિ દિવસ આવું વિચરણ કરે છે તો સામે સત્સંગી**

**તથા સાધુ માત્રએ શોભાયાત્રાનો આગ્રહ કાયમ માટે ભૂલી જવો જોઈએ તે જ સાચો વિવેક છે)** વળી હાલની શોભાયાત્રા એ સ્વાગત - સામૈયું નથી પરંતુ વરઘોડા રૂપે બની રહી છે. વરઘોડાથી ટ્રાફિક સમસ્યા પણ થતી હોય છે. તમારે ગામડામાં ટ્રાફિક ન હોય પરંતુ શહેરમાં આપણે જોવું પડે કે આપણે બીજાને નડીએ નહીં. સુરત શહેરમાં તો ઘણા યુવકોએ શપથ લીધા છેકે અમે લગ્ન પ્રસંગમાં અમારો વરઘોડો-ફુલેકું નેહી કાઢીએ. તેઓનો વિવેક ધન્યવાદને પાત્ર છે. વરઘોડામાં અમે તમને ઓળખીએ છીએ અને તમે અમને ઓળખો છો. બાકી વારંવાર તો રોડ પરના ગલ્લાવાળાને તથા કરિયાણાવાળાને પણ એમ થાય કે આ લોકો હમણા આવ્યા હતા અને આજે ફરી પાછા આવી ગયા ! **મહારાજે આપણને દરેક બાબતમાં વિવેક બુદ્ધિ રાખવાનું શીખવાડ્યું છે** તો શોભાયાત્રાનો જે ટાઈમ બચે તે ટાઈમ આપણે કથા માટે વિશેષપણે ફાળવી શકીએ. એક બીજાને શાંતિથી હળી મળી શકીએ, ખબર અંતર પૂછી શકીએ. કથા વાર્તાથી સદ્‌ગુણો તથા સંસ્કારોને વધારે પોષણ મળશે. અમદાવાદ દેશમાં અમારે એ બાજુ ૧૦૦૦ ગામડા છે ત્યાં અમે 'શ્રી સ્વામિનારાયણ' માસિક અંકના માધ્યમથી પણ આ બાબતનો સંદેશ પાઠવી દીધો છે. અહીં પણ સૌ સાથે મળી ધીમે ધીમે નિયંત્રણ લાવી દઈએ તો આનંદ થશે. એકી સાથે બ્રેક મારવામાં તૂટી જાય તેથી ધીમે ધીમે ઓછું કરતા જઈએ.

પ્રતિષ્ઠા ઉત્સવમાં જેટલો ઉમંગ અને ઉત્સાહ હોય છે એટલો જ ઉત્સાહ મંદિરમાં નિત્યે મહારાજનું દર્શન કરવામાં રહે તે જરૂરી છે. સ્વામી ! (કથાના વક્તાશ્રી) તમે આગેવાન ભક્તો દ્વારા દર્શન કરવા આવનાર ભક્તોની નિત્ય પ્રત્યે હાજરી પુરાય તેવું કંઈક આયોજન કરો. **જેની મહત્તમ હાજરી હશે તેવા ભક્તોને અમે અમારા હાથે હાર પહેરાવીશું ! (સત્સંગી માત્રએ પોતાના ઈષ્ટદેવ શ્રીહરિને રાજી કરવા માટે વિચારવા જેવું આ વાક્ય છે!)**

નિવૃત્તિબાદ પ.પૂ. મોટા મહારાજશ્રીની તેઓશ્રીનું આશીર્વચન પ્રકાશિત થાય તેવી રૂચિ ન હોવા છતાં તેઓશ્રીના વચનો એટલા પ્રેરણાત્મક હોય છે કે વધારે નહીં તો એક પેરેગ્રાફ અંતમાં લખીને વિરામ પામીએ.

**પ.પૂ. મોટા મહારાજશ્રી : આપણું જીવન કેવું ક્ષણ ભંગુર છે તેની એક સરસ કહેવત છે કે સોમવારે આપણો જન્મ થાય મંગળવારે, વર્તમાન ધરાવાય, બુધવારે ભણવા બેસીએ, ગુરુવારે નોકરી મળે, શુક્રવારે વૃધ્ધ થઈએ, શનિવારે બિમાર પડીએ અને રવિવારે આપણું મૃત્યુ થઈ જાય !** તો આટલા ટૂંકા સમયમાં સત્સંગ-ભક્તિ કરીને મનુષ્ય જીવન સાર્થક કરી લે તે જ સાચો બુધ્ધિશાળી કહેવાય.

કોઈની પાસે ખૂબ ધન-સંપત્તિ હોય અને ચિંતામણિ પણ હોય અને ધારો કે તેનું બધું જ ધન ચોર લોકો આવીને ચોરી જાય, તો પણ તેને બહુ દુઃખી થવા જેવું નથી કારણ કે તેની પાસે ચિંતામણી હોવાથી ગયેલું ધન ફરી પાછું આવશે. જો ચિંતામણિ ચોરાઈ જશે તો દુઃખી થવાનો વારો આવશે. એમ આપણને જે ભગવાન મળ્યા છે એ ચિંતામણિની જગ્યાએ છે. **શ્રી નરનારાયણદેવ સ્વરૂપે જે આપણને ચિંતામણિ પ્રાપ્ત થઈ છે તેનાથી ક્યારેય કોઈ આપણને અળગા ન કરે તે સતત ધ્યાન રાખવું. ખૂબ જતન કરીને શ્રી નરનારાયણદેવને રાખીશું તો બધું જ પ્રાપ્ત થશે.**

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**

www.swaminarayan.info

www.swaminarayan.in

**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫ ● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૯-૩૦ ● શયન આરતી ૨૦-૩૦

# "તમને સત્સંગના કવિ સ્થાપિયે છીએ"

(દલપત શૃંખલા-૪)

- અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (અમદાવાદ)



પિતા ડાહ્યા વેદિયા પ્રખર અગ્નિહોત્રી કર્મકાંડી બ્રાહ્મણ હતા. પુત્રના નવીન સ્વામિનારાયણ સંપ્રદાયના અંગિકારથી તેઓ અત્યંત ખિન્ન થયા. ''ગજબ થયો, મારો નિર્વંશ ગયો'' એવા આક્રોશ સાથે એમણે પોતાની યજ્ઞશાળામાં નો યજ્ઞકુંડ ખોદી નાંખ્યો તથા અગ્નિ પ્રગટાવવાની ખેરની શારડી પણ બાળી નાંખી. એકલા જ ઘર ત્યાગ કરીને ધોળકા પાસેના વૌઠા ગામે ગયા ને ત્યાં સપ્તસંગમ ઘાટે એક વિજયાનંદ સ્વામી પાસે જઈ સન્યસ્ત દીક્ષા લીધી - ડાહ્યાભાઈ મટી માધવાનંદ સ્વામી થયા અને છેવટે થોડાંક વર્ષો બાદ સંવત ૧૯૦૦ના ધનુર્માસની શુકલ ચતુર્દશીનાં રોજ માધવાનંદ સ્વામી કૈવલ્યપદને પામ્યા.

આ બાજુ પંચવર્તમાન ધારણ કરી પોતાના વતન વઢવાણ આવેલા દલપતરામે પ્રથમ પગલું શું ભર્યું ? તો દલપતરામ પોતાના આયુષ્યનો એક મહામંત્ર શીખ્યા કે કવિતા કરતાં સધ્ધર્મ અધિક છે, સાહિત્ય કરતાં સંસાર મહામોટો છે. કવિતા તથા સાહિત્ય ચોક્કસપણે ભાવના પ્રદેશમાં વિહરે છે તેમ છતાં ભાવના દેશે તો ચક્રવર્તી એક સધ્ધર્મ જ છે ! કવિતા કે સાહિત્યનું પરમ નિયામક સૂત્ર સદાચારણ-સદાચાર જ છે. પંચવર્તમાન ધારણ કર્યા પૂર્વે દલપતરામ ''હીરાદન્તી'' તથા ''કમલલોચની'' નામક બે બિભત્સ શ્રૃંગારી કાવ્યો રચ્યાં હતાં. સ્વામિનારાયણ ધર્મ અંગિકાર કરીને જેવા ઘેર આવ્યા કે ઘેર આવીને પોતાની શામળશાહી વાળી આ બે કાવ્યવાર્તાઓ સ્વંય અગ્નિ પ્રગટાવી એમાં બાળી નાંખી. એમને થયું ''સ્ત્રી ચાતુરીની આ મારી કાવ્યવાર્તાઓ રખેને સંસારી વાંચેને પાપના પંથે વળે ! પંચવર્તમાનધારીથી સંસારને ગેરમાર્ગે દોરનારી કવિતા લખાય જ નહિં !''

આમ પંદરમું વર્ષ બેસતાં દલપતરામ રસની બિભત્સતા ને જીત્યા. પુણ્યનો અગ્નિ જાણે પ્રગટાવ્યો અને બિભત્સ શ્રૃંગારી રસયુક્ત પોતાની જ કૃતિઓ ભસ્મ કરીને કવિતાક્ષેત્રે રસના ઈન્દ્રિયને જાણે જીતી લીધી. કવિતા પ્રદેશે પણ પુણ્ય જ ચક્રવર્તી છે !

હવે પછીનાં વર્ષોમાં દલપતરામ કાવ્ય દીક્ષા પામ્યા. જેમ ધર્મદીક્ષાના ગુરુ નિર્માની ભૂમાનંદ સ્વામી હતા તેમ જ કાવ્ય દીક્ષાના ગુરુપણ એવા જ નિર્માની સંત દેવાનંદ સ્વામી બન્યા ! ગ્રીષ્મ ઉતરીને અષાઢ બેઠો. મામાએ કહ્યું, ''દલપત ! શ્રાવણ માસમાં તું મૂળી રહે ને મારા વતી તુલસી ચઢાવે તો બો રૂપિયા આપીશ.'' મામાને હતું કે પોતાનું દેવકાર્ય થશે ને સંત સમાગમે ભાણેજનો સત્સંગ દૃઢ થશે. દલપતરામ તો તૈયાર જ હતા.

એ વખતે મૂળી મંદિરના મહંત પદે સદ્‌ગુરુ દેવાનંદ સ્વામી બિરાજતા હતા ને તેઓ પોતાના ગુરુ બ્રહ્માનંદ સ્વામીએ સોંપેલું મૂળી મંદિરનું કામ પુરું કરાવતા હતા. સ્વરૂપાનંદ સ્વામી તથા લાલો કોઠારી એ બે કોઠારી હતા અને ઘનશ્યામાનંદજી મુખ્ય બ્રહ્મચારી હતા. ધોળિયા (શ્વેતવસ્ત્રધારી ગૃહસ્થ) તરીકે દલપતરામ મંદિરમાં રહેવા લાગ્યા ને સંતોની સેવા કરવા લાગ્યા. એ દરમ્યાન પોતાનાં મૌલિક હડૂલાને સાખીઓ બોલી સહુનાં મન રીઝવતા. (હડૂલો એટલે હડુડુડુ કરતો છોડેલો કાવ્ય ગોળો. એને ન હોય મ્હોં કે ન હોય માથું, અન્ત્યાનુપ્રાસ

મળે અને પાદપૂર્તિ સચોટ જળવાય, કલ્પનાશક્તિ ધમધમ કરતી જગાડે એવી સાખી તે હડૂલો જેમ કે,

ગપ્પી ને ઘેર ગપ્પી આવ્યા આવો ગપ્પીજી !

બાર હાથનું ચીભડું ને તેર હાથનું બી !'' આ પ્રાચીન હડૂલો છે. ''છાયાં એટલાં છાપરાં ને મળ્યાં એટલાં ઘર ભોજો ભગત તો એમ જાણે જે વાંઢા એટલાં વર !'' આ દલપતરામ રચિત હડૂલો છે)

દલપતરામ દરરોજ સભામંડપમાં આવીને બેસતા. દેવાનંદ સ્વામીનાં કીર્તનો સાંભળે. દેવાનંદ સ્વામી છંદો રચતાં નહિ, કીર્તનો જ રચતા અને તે પણ ત્યાગ શોભીતાં વૈરાગ્ય પ્રધાન કીર્તનો. સંતો હંમેશા દુનિયાને સદ્‌બોધ જ આપે છે ને ? ભાવવાહીં ત્યાગપ્રધાન મધુર કીર્તનો સાંભળીને દલપતરામની જિજ્ઞાસા વધવા લાગી, સ્વામીનાં કીર્તન વધુને વધુ મેળવીને વાંચ્યા, હૈયું હુલસાવા લાગ્યું, સ્વામી પ્રત્યેની ભક્તિ ખેંચાતી ચાલી. એમણે સ્વામીને કાવ્યશાસ્ત્રની કેટલીક શંકાઓ પૂછી. સ્વામીના ઉત્તરથી એમને શાંતિ વળી. છેવટે દલપતરામે દેવાનંદ સ્વામીને પોતાના કાવ્યગુરુ બનાવ્યા ને એમની પાસેથી પિંગળ ભણવા માંડ્યું.

સંવત ૧૮૯૦ થી ૧૮૯૭ સળંગ નહિ પણ કટકે કટકે દલપતરામ દેવાનંદ સ્વામી પાસે કાવ્યશાસ્ત્ર ભણ્યા ને કિશોર મટી જુવાન થયા. છન્દ શ્રૃંગાર નામનું પિંગળ શાસ્ત્ર અને ભાષાભૂષણ નામનો અલંકારગ્રંથ દેવાનંદ સ્વામી પાસેથી સૌ પ્રથમ દલપતરામ શીખ્યા. એ વખતે દલપતરામના એક સહાધ્યાયી વૈષ્ણવાનંદ બ્રહ્મચારી હતા. મુક્તાનંદસ્વામી કૃત બે ભાષાગ્રંથો - સત્સંગ શિરોમણિને વિવેક ચિંતામણિ - આ બન્ને ગ્રંથ એ બંન્ને સહાધ્યાયીઓ દેવાનંદસ્વામી પાસેથી શિખ્યા. દરમ્યાન આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજે બંને શિષ્યોને બોલાવીને એમની કવિતાઓ સાંભળી રાજી થયા. બ્રહ્મચારી વૈષ્ણવાનંદજીને ભટ્ટાકજી પાસે પોશાળમાં ભણવાને ભૂજ મોકલ્યા. જોયું કે દલપતરામ સ્વંય અભ્યાસી વૃત્તિ ધરાવે છે એટલે કહ્યું કે પુસ્તકો વિગેરે જોઈએ તો માંગી લેજો ને અભ્યાસ વધારજો એમ કહી આશીર્વાદ આપ્યા.

એ વખતે વ્રજભાષા જ રાજભાષા હતી, મંદિર ભાષા હતી અને તીર્થભાષા પણ એજ ગણાતી. આવા સમયમાં દલપતરામે ગુરુ દેવાનંદ સ્વામી પાસેથી પ્રેરણા લઈને ગુજરાતી ભાષામાં નાનાં નાનાં કીર્તનો રચવાનું શરૂ કર્યું. આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજીની આજ્ઞાથી એમણે સંવત ૧૮૯૬ બેસતાં શ્રીપુરોત્સવ (અમદાવાદ મંદિરનો) તથા શાકોત્સવ એ બે કાવ્યો રચ્યાં.

દલપતરામની સ્મરણ શક્તિ અત્યાધિક તેજ હતી. શિક્ષાપત્રી એમનો ધર્મગ્રંથ હતો. શિક્ષાપત્રી એમનું શ્રધ્ધાસ્થાન હતી અને શિક્ષાપત્રીમાં જ એમનો વિધિનિષેધ હતો ! શિક્ષાપત્રીનાં ૨૧૨ શ્લોક છે. દલપતરામને શિક્ષાપત્રીનો પ્રતિલોમ પાઠ અક્ષરશઃ કંઠસ્થ હતો. પ્રતિલોમપાઠ એટલે અવળે આંકે શ્લોકો ભણી જવાનો પાઠ. ૨૧૨ મો શ્લોક, પછી ૨૧૧ મો શ્લોક પછી ૨૧૦ મો શ્લોક - એમ દલપતરામને શિક્ષાપત્રીના પ્રતિલોમ પાઠનો મહાવરો હતો.

સંવત ૧૮૯૭ ની જન્માષ્ટમી ઉપર વૈષ્ણવાનંદ સ્વામી ભૂજથી ભણીને મૂળીએ આવ્યા. સમૈયો ભરાયો હતો. અમદાવાદથી અયોધ્યાપ્રસાદજી મહારાજ પણ પધાર્યા હતા. મહારાજશ્રીએ પોતાના બંને શિષ્યોની પરીક્ષા લીધી. સ્વામીને કહ્યું કે શ્રીજીના બાળ લીલાનાં વિશેક છંદ રચો. દલપતરામને કહ્યું કે શ્રીજીની ચેષ્ટા નાં છંદ રચો. એમ અઠવાડિયાની અવધિ ઠરાવી હતી. અઠવાડિયું પુરું થયું ને બંન્નો કાવ્યો આચાર્યશ્રીએ સાંભળ્યા ખૂબ રાજી થયા. સ્વામીને બનાતની ટોપીને ચાદર ઓઢાડ્યાં (કેમ કે ત્યાગી હતા) અને દલપતરામને પાઘડી બંધાવી ને બંન્ને કહ્યું કે **તમને સત્સંગના કવિ સ્થાપિયે છીએ.** સત્સંગને ઉજળો કરજો. આમ દલપતરામ સત્સંગના માન્ય કવિ બન્યા. જીવન પર્યંત એ પ્રસાદીની પાઘડી દલપતરામે બાંધી રાખીને આચાર્યશ્રીની આજ્ઞા શિરોમાન્ય ધારી.

આચાર્યશ્રી સમક્ષ રજુ કરેલા શ્રીજીની ચેષ્ટાનાં પાંચ-છ છંદો જળવાયેલાં છે. એ તમામ છંદોમાં દલપતરામની કલ્પનાશક્તિ સોળે કળાયે ખીલે છે. જેમ કે

(૧) શ્રીજી મહારાજને એક ટેવ એવી હતી કે છીંક કે બગાસું ખાતાં મુખે આડો રૂમાલ ધરતા. દલપતરામે એનો છંદ બનાવેલો એનો ભાવાર્થ આવો હતો : ''બગાસું ખાધે જશોદામા એ બ્રહ્માંડ દેખ્યું ને મૂર્છા આવી ગઈ તો આ

(પેજ નં. ૧૫ પર)

## સુસ્વાસ્થ્ય અને આહારના માહાત્મય સભર
# શ્રી સહજાનંદ સ્વામી નિર્મિત શાકોત્સવ

- પ્રો. સૂર્યકાન્ત ભટ્ટ (ભુજ-કચ્છ)

આપણા આ માનવ દેહના સુક્ષ્મ કોષો અને મનોમય કોષો સુધીની દેહ રચનાનું પોષણ અન્ન કરે છે. આમ આહાર એ દેહનો આધાર છે. આજે તો ચટપટા સ્વાદ વાળા જંકફૂડ આરોગવામાં જનતા સપડાયેલી છે. વાસ્તવમાં આહાર આરોગવાનું એક વિજ્ઞાન છે. એ કેવો ખોરાક લેવો ? શું આરોગવું ? શું ન આરોગવું ? કેવી વસ્તુ આરોગવાથી સ્વાસ્થ્ય જળવાય અને દિર્ઘાયુષી બની શકાય તેની સમજણ આપે છે. પરંતુ આ ટી.વી. કલ્ચર અને ફાસ્ટ ફૂડના જમાનામાં લોકો સ્વાદના મોહમાં કંઈ સાંભળવા સમજવા તૈયાર નથી.

આ જગતના નિયંતા અને જગતના રચયિતાએ માનવાના સુસ્વાસ્થ્ય માટે માનવ શરીરમાં રોગ પ્રતિકારક શક્તિ મૂકીને રક્ષા કરી છે. તો બીજી તરફ શાસ્ત્રકારોને પ્રેરણા કરી શરીર સ્વાસ્થ્યની વાતો ધર્મમાં વણી લીધી છે. સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને લોકોને આચાર, આહાર, વિહાર અને વિચારની શુધ્ધિ બાબતે શિક્ષાપત્રીમાં સમજણ આપી. માત્ર ઉપદેશો વહેતા કર્યા એમ નહીં પરંતુ આ નિયમોને પોતે પાળી બતાવ્યા. તેમના નંદ સંતોએ પણ અપનાવ્યા. આજે પણ સ્વામિનારાયણ સંપ્રદાયના ચૂસ્ત અનુયાયીઓ આ નિયમો પાળે છે. શ્રીહરિએ તો એટલે સુધી કહ્યું છે કે, ''તન અને મનની શુધ્ધતા માટે શુધ્ધ અન્ન અને ગાળેલું શુધ્ધ પાણી આવશ્યક છે. સ્નાન ખૂબ આવશ્યક છે. ધ્યાન અને ભજન ભક્તિનું આ પ્રથમ સોપાન છે. શરીર અને મનની શુદ્ધિને કારણે જીવને ધ્યાન-ભજનમાં અલૌકિક આનંદ પ્રાપ્ત થાય છે. જીવ અવશ્ય મોક્ષભાગી બની શકે છે.'' ધ્યાન દ્વારા અતૂટ માનસિક શાંતિનો અનુભવ થતો રહે છે. આહારની દૃષ્ટાંતે સહિત લોકોને સમજ આપવા પોતાના અવતારી કાળ દરમ્યાન શ્રીહરિએ 'શાકોત્સવ' જેવા આહારોત્સવના આયોજન કર્યા. કે જે શાકોત્સવ આજે પણ સંપ્રદાયમાં પ્રચલિત છે, અને ઉજવાય છે. આજે શ્રી નરનારાયણદેવ દેશમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની નિશ્રામાં આવા અનેક શાકોત્સવોનું આયોજન થાય છે.

એક સમયે શ્રી સહજાનંદ સ્વામી પોતાના નંદ સંતોની સાથે લોયા ગામે પધારેલા. તેમના દર્શનાર્થે આજુબાજુના ગામોમાંથી ભક્તજનો પણ આવતા રહેતા. મૂળા અડાળ નામના ભક્ત ખોલડિયાદ ગામેથી ૧૨ મણ ઘી લઈને ભગવાન અને સંતોને રસોઈ આપવા પધાર્યા. તેઓ એ દંડવત્ કરી શ્રીજી મહારાજને બે કર જોડીને કહ્યું કે, ''મહારાજ, મારે આપને સંતોને અને આપના ભક્તજનોને રસોઈ આપવી છે, ઘી તો ૧૨ મણ હું લાવ્યો છું. શ્રીજી મહારાજ આ ભક્તની ભાવના સમજી ગયા. તેમણે સૂરા ખાચરને બોલાવ્યા અને ૬૦ મણ રીંગણા એકત્ર કરવા આજ્ઞા આપી. ચૂડા ગામ અને રાણપર ગામમાંથી રીંગણ મંગાવ્યા. તમામ રીંગણાને સ્વચ્છ પાણીથી ધોઈ, વસ્ત્રોથી સાફ કરી શ્રીહરિની આજ્ઞા મુજબ સંતો ભક્તોએ સમાર્યા. મોટા તપેલા, હવેજ મસાલાઓ પણ મંગાવ્યા. તેની સફાઈ કરી.

મહાસુદ-૭ સંવત ૧૮૭૭ તા. ૯-૨-૧૮૨૧ ના રોજ શ્રી સહજાનંદ સ્વામીએ ૧૨ મણ ઘી માં ૬૦ મણ રીંગણા વઘાર્યા, મીઠું, મરચું, ધાણાજીરૂં, ચણાનો લોટ, થોડું દહીં થોડો ગોળ આદિ મસાલા શાકમાં ભભરાવ્યા. વઘારમાં રાઈ, મેથી, જીરૂં, સૂકા મરચાં, લીમડાના પાન આદિનો ઉપયોગ કર્યો. શાકને વારંવાર હલાવતા રહ્યા. શાકની સોડમ ચોમેર પ્રસરી ગઈ કે જે સોડમે સૌની ભૂખ ઉઘાડી. રીંગણામાં લોહતત્વ ભરપુર છે. પાચનમાં હલકા છે. શક્તિ પ્રેરે છે. છતાં તેના કાળા કલરને કારણે આજે પણ ઓછા લોકો આરોગે છે. એવી માન્યતા રહી છે કે રીંગણા ગરમ છે. પરંતુ ઘીના વઘાર સાથેનું અનુપાન ગરમી લાગવા દેતું નથી. શ્રીહરિએ રોટલા, ખીચડી આદિની વ્યવસ્થા કરી. પરંતુ સંતો ભક્તોએ ખૂબ પ્રેમથી માગી માગી આ શાક આરોગ્યું.

આજે પણ આ પ્રણાલિકા સંપ્રદાયમાં જળવાયેલી છે. માગસર માસથી મહા માસ સુધી ઠેક ઠેકાણે શાકોત્સવ ઉજવાય છે. કેટલાક લોકો આવું શાક એકલા રીંગણાનું ઘેર પણ બનાવે છે.

આ દિવસે બોચાસણ ગામના કાશીદાસ તથા ગામ બુઆના કાનદાસ શ્રીહરિના દર્શને આવ્યા. કાનદાસ નવા હતા. તેમણે સહજાનંદ સ્વામીના વસ્ત્રો હળદરથી ખરડાયેલા તથા શરીર પરેસવા વાળું નિહાળ્યું તેથી તેમને શ્રી સહજાનંદ સ્વામીના ભગવાન પણામાં સંશય થયો. તેથી દંડવત ન કર્યા. શ્રીહરિ તરત જ સમજી ગયા. તેમણે તો મુક્તાનંદ સ્વામીને જણાવ્યું કે, ‘‘કોઈ ભક્તજન ગંગાજી સુધી પહોંચે અને તરસ્યો પરત જાય એ અમને ગમતું નથી.’’ થોડીજ ક્ષણોમાં કાનદાસને ભગવાનનું દિવ્ય દર્શન થયું. તેઓ દંડવત્ પર દંડવત્ કરવા લાગ્યા.

મનુષ્ય લીલા સમયે ભગવાન પોતાનું ઐશ્વર્ય છતું કરતા નથી. આ તો ભગવાનની અનાદિ રીત છે. ભગવાનની ક્રિયા અલૌકિક હોય છે. જે સામાન્ય માણસને સમજમાં આવતી નથી. મોટા પુણ્યશાળી, ભાગ્યશાળી જન તે સમજી શકે.

એ સમયે સંતોએ ભોજન કરાવવાની, પાથરણાની, પાણીની આદિ ખૂબ સારી સેવા કરી તેને જોઈને સૂરાખાચરને શ્રીહરિ કહેવા લાગ્યા, ‘‘આ સંતો ધર્મનું પોષણ કરે તેવા બન્યા છે. આ સત્સંગ સજીવ રહેશે. તેમને રમાડી જમાડી પ્રસન્ન રાખીએ એમાં અમારી ભક્તિ છે.’’ આવા સુંદર વચનો સાંભળી સૂરાખાચરની આંખો ભીની થઈ ગઈ. સ્વાસ્થ્ય પ્રદ આહાર આરોગવવા માટે સર્વાવતારી શ્રીહરિનો સિંહ ફાળો રહ્યો છે.

(પેજ નં. ૧૩ પરનું)

હરિભક્તોનું બ્રહ્માંડ દર્શને શું થાય ? એ વિચારી શ્રીહરિ મુખપૈ રુમાલ ધરે છે !

(૨) શ્રીજી મહારાજ થાળ જમવાને બેસતા ત્યારે મસ્તકે ને આખે અંગે પછેડી ઓઢતા પણ કાન ઉઘાડા રાખતાં. દલપતરામ કહે છે : ‘‘ગૌ, બ્રાહ્મણ સાધુના ધા (ફરિયાદ) સાંભળવાને કાજ શ્રીજી કાન ઉઘાડા રાખે છે. દલપતરામ કહે છે કે ભગવાન કાન ઢાંકે (ફરિયાદ ના સાંભળે) ત્યારે તો થઈ જ રહ્યું ને ?

(૩) શ્રીજીની એક ચેષ્ટા એ હતી કે માળા ફેરવતા ત્યારે ક્યારેક એકવડી ફેરવતા ને ક્યારેક બબ્બે મણિકા જોડમાં ફેરવતા. દલપતરામ છંદમાં કહે છે કે શ્રીજી મહારાજ માળા ફેરવે છે ત્યારે ધર્મ સ્થાપવાને ને અધર્મ ઉત્થાપવાને વાસ્તે કેટલા જન્મ લીધા ને કેટકેટલા હરિભક્તોને તાર્યા એનું જાણે લેખું કરે છે, તેમાં કેટલાં બ્રહ્મચારી રૂપ ધાર્યાને કેટલાં જુગલરૂપ ધાર્યા તે ગણવાને માટે જોડકે પારા મૂકે છે !

કેવી અદ્‌ભુત કલ્પનાશક્તિ છે દલપતરામની ! શ્રીજીની સ્વાભાવિક ચેષ્ટાઓમાં પણ કેવો મર્માળો તર્ક મૂકીને એમણે છંદો રચ્યાંછે. સદ્‌ગુરુ દેવાનંદ સ્વામીની સેવા કરતે થકે કાવ્યશાસ્ત્રના સારને પામ્યાં અને આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજીનાં આશીર્વાદ એમાં ભળ્યાં પછી બાકી શું હોય ? (ક્રમશઃ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નાથદ્વારા (રાજસ્થાન) સંપર્ક માટે નવો મોબાઈલ નંબર : ૦૯૯૮૩૧૮૧૨૨૮**

**નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે**

જેતલપુર : www.jetalpurdarshan.com
મહેસાણા : www.mahesanadarshan.org
છપૈયા : www.chhapaiya.com
ટોરડા : www.gopallalji.com
નારણઘાટ : www.narayanghat.com
વડનગર : www.swaminarayanmandirvadnagar.com
પ્રયાગ : www.prayagmilan.org
અયોધ્યા : www.ayodhyaswaminarayanmandir.com
ઈડર : www.gopinathjiidar.com
નારણપુરા : www.sankalpmurti.org

# "સત્સંગી થયા તો કેવા થયા" શ્રીહરિની રીત

- પટેલ ગોરધનભાઈ શંકરદાસ (સોજા)

सक लभुवनमध्ये निर्धनास्तेपिधन नियसति हृदि येषां श्रीहरे भक्ति रेक ।।
हरीरपि निजलोकं सर्वथा तो विहाय प्रवीशति हृदि तेषां सुत्रोपध्धः ॥

પરબ્રહ્મ પરમાત્મા એવા ધર્મભક્તિના લાડીલા દિવ્યમૂર્તિ સહજાનંદ સ્વામી આપણા ઈષ્ટદેવ છે. અને ધર્માકુળાશ્રિત આચાર્યો આપણા દીક્ષાગુરુ આચાર્ય છે. અને આપણે સર્વે સત્સંગી તરીકે ઓળખાઈએ છીએ, કારણ બ્રહ્માનંદ સ્વામીના શબ્દોમાં - "મૈં તો તમ સાથે કરી છે ઓળખાણ લોકલજ્જા ખોઈને" એટલે આધ્યાત્મિક માર્ગમાં ગુરુ તરીકે આપણા સંપ્રદાયમાં આચાર્યોશ્રીની પરંપરા ધર્મવંશ પ્રાગટ્ય દ્વારા દર્શાવી છે. જે આપણે જાણીએ છીએ. અને "સ્વામિનારાયણ" મંત્ર જપીએ છીએ, પણ શુધ્ધ ભક્તોના સંઘમાં રહીને સંપૂર્ણપણે શ્રીહરિકૃષ્ણ ભાવનામય થઈને ભગવદ્ ભક્તિ કરવાની છે. એટલે શ્રીહરિની શિક્ષાપત્રી, વચનામૃત, સત્સંગિ જીવનમાં દર્શાવેલ, સંપ્રદાયના શ્રીહરિએ જે સંતોને આજ્ઞા કરી ધર્મગ્રંથો રચવાનું કહ્યું છે તેવા શ્રીહરિના સમકાલીન સંતોના - એટલે સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી, સ.ગુ. અદ્ભુતાનંદ સ્વામી, સદ્ગુરુ મુક્તાનંદ સ્વામી, સ.ગુ. પ્રેમાનંદ સ્વામી, સદ્ગુરુ બ્રહ્માનંદ સ્વામીનાં શ્રીહરિ સાથેનાં લીલાચરિત્રો અને કીર્તનો-વાતોમાં દર્શાવેલી પ્રણાલિકાઓ પ્રમાણે વર્તવાની રીતથી વર્તીએ તો જ સાચા અર્થમાં સત્સંગી કહેવાઈએ અને અક્ષરધામનું સુખ અનુભવીએ.

પણ સત્સંગમાં આવવા છતાં ભૌતિક પદાર્થોનું સુખ જ્યાં સુધી જણાય છે ત્યાં મન દોરાઈ જાય છે. અને ભક્તિ માર્ગનું આ વિઘ્ન ટાળી શકતા નથી. જેથી શ્રીહરિની આજ્ઞા લોપી ભટકાઈ જવાય છે. માટે શ્રીહરિની આજ્ઞા પ્રમાણે બધા ભ્રષ્ટાચારો અને બધા પાપકર્મોથી બચવા દઢ નિયમ - નિશ્ચય અને પક્ષ સત્સંગીએ જીવનમાં રાખવો જોઈએ. અને ગ.અંત્યના ૨૪ માં વચનામૃતમાં શ્રીહરિ કહે છે તેવી "જ્ઞાનાંશ" વાત સમજીએ તો જ શ્રીહરિનો જેવો છે તેવો શુધ્ધ-સત્સંગ થાય અને જીવાત્માને સુખ આવે આ રહી આ જ્ઞાનાંશની વાત -

શ્રી સહજાનંદ સ્વામી વડતાલમાં પ્રસાદીનાં આંબલાની રાયણ નીચે બિરાજેલા અને સૂર્યગ્રહણનો દિવસ હતો અને ભક્તો-સંતોને પોતાના બ્રહ્મસ્વરૂપ પરબ્રહ્મ પરમાત્માના રુપનાં દર્શન આપી રહ્યા હતા. અને સંતો હરિભક્તોના હૃદયમાંથી નાદ ગુંજી રહ્યો હતો.

મારે ઘેર આવ્યા રે, સુંદરવર શ્યામળિયો,
હરખભરી હું હરિને નિરખું પિયું પ્રિતમ પાતળિયો.
સુખ દેવાને મન હરિ લેવા અમ પર અઢળક ઢળિયો,
લક્ષ્મીનો વર લાડકાવાયો, અકળ ન જાય કળિયો.

તે સમયે શ્રીહરિ કહે છે "ભગવાનના સ્વરુપમાં યથાર્થ નિશ્ચય થાય તો જે કલ્યાણકારી ગુણ ભગવાનના છે તે સંત હરિભક્તમાં આવે. જેને ભગવાનના સ્વરૂપનો નિશ્ચય હોય તેને ભગવાનનો સંબંધ થયો કહેવાય (વ.ગ.પ્ર. ૬૨) શ્રીકૃષ્ણ ભગવાનના સ્વરૂપમાં જે મુમુક્ષુની અચળ મતિ થઈ, જેમ કે, આ આંબાનું વૃક્ષ છે તે એકવાર દઢ કરીને જાણ્યું પછી કામ વ્યાપે, ક્રોધ વ્યાપે, લોભ વ્યાપે તો પણ કોઈ રીતે આંબા વિષે ભ્રાંતિ થાય નહિ જે આ આંબાનું વૃક્ષ હશે કે નહિ ? તેમ જેને પ્રત્યક્ષ શ્રીકૃષ્ણના સ્વરૂપનો દઢ નિશ્ચય થયો ને તેમાં કોઈ જાતનો કુતર્ક ન થાય તો તે પુરુષના પ્રાણ લીન ન થાય તો પણ નિર્વિકલ્પ સમાધિ છે. તે પ્રાણ લીન થયા હોય તો પણ નિર્વિકલ્પ સમાધિ છે (વ.વર-૧) આ શ્રીહરિના વચનામૃતોમાનું ગૂઢાર્થ રહસ્ય સમજી જે ભક્ત સત્સંગ

કરે છે તે શુધ્ધ સત્સંગી ધર્માકુળાશ્રિત છે. અને આવા સત્સંગી ભક્તને શ્રીહરિએ આપેલા સુખનો અનુભવ થાય છે -

શ્રીહરિ આગળ કહે છે - અમારો દઢ વિશ્વાસ રાખશો, ને કહીએ તેમ કરશો, તો તમને મહાકષ્ટ કોઈક આવી પડે તેથી અથવા સાત દકાલી જેવું પડશે તે થકી રક્ષા કરશું, જો અમારા સત્સંગના ધર્મ બહુ રીતે કરીને પાળશો, ને સત્સંગ રાખશો તો, (સુખ પામશો) નહિ રાખો તો મહાદુઃખ પામશો તેમાં અમારે કોઈ લેણા દેણા નથી (વ.જેત.૫)

પછી શ્રીહરિએ નજર સંતો સામે ફેરવી કહ્યું, ''આજ્ઞા લોપી જો ન હોય કાંઈ તો ઉઠી ઉભા થાઓ સહુ આંઈ'' ત્યારે સ.ગુ. આત્માનંદ અને રામદાસ સિવાયના સર્વે સંતો ઉભા થયા, ત્યારે શ્રીહરિ કહ્યું કે શું સમજીને ઉભા થયા છો ? અમે તમને જે વેણ (વચનામૃતનાં) વચન-આજ્ઞા કહ્યું હતું તેનો મર્મ તમે સમજ્યા નથી, દેશ પરદેશમાં તમોને ધર્મોપદેશ કરવા મોકલ્યા હતા, ત્યારે અમે ''માગવું નહિ'' એમ કહ્યું હતું. તો પછી સ.ગુ. માધવાનંદ સ્વામી શબ્દોમાં -

''તમે ઉભા થયા કેમ આંહી, નથી ભૂલ્યા વચનમાં કાંઈ
માગી ન હોય ચાદર એહ, વળી કોપીન હજુરીયા તેહ
ક્યાંઈ ગોદડી નથી કરાવી, ચાકુ, કાતર નથી મંગાવી
સૂઈ લૂગડું વળી દોરા, નથી માગ્યા ને કાગળ કોરા
કોઈએ ગરણું મંગાવ્યું તે હોય, શું સમજીને ઊઠ્યા સહુ કોય!

આમ શ્રીહરિ કહે છે. માટે વચન લોપનાર તમે અમને શું સમજી બેઠ્યા છો ? તમારો નિશ્ચય ક્યાં રહ્યો ? વિશ્વાસ ક્યાં રહ્યો ? તમારા તપ-ત્યાગ (સત્સંગ) ક્યાં ગયાં ? જાઓ તમને કહીએ છીએ ''અમે હવે અમો'' ''હવે અમો ભેળા નહીં તમો.'' પણ દયાળુ સ્વભાવ સ્વામી સહજાનંદનો તેથી એ ગુણે કરીને મૂળજી પટેલની રસોઈ જમીને તમો ચાલ્યા જજો'' એમ શ્રીહરિએ કહ્યું, પણ શ્રીહરિની બદલાયેલી મુખમુદ્રા જોઈ - ''એ રસના ચાખનાર છાશ ન પીવે રે'' એ ન્યાયે સંતો રસોઈ જમી શ્રીહરિની આજ્ઞાથી રસોઈ જમ્યા પણ શ્રીહરિ આગળ કોઈ લીંબડા નીચે તો કોઈ આવળ નીચે બેસી વચનભંગ થવાની ભૂલનો પસ્તાવો-વિચાર કરવા લાગ્યા કે હવે શું કરવું ? ત્યારે રામદાસભાઈએ સંતોને કહ્યું ''આ સહજાનંદ સ્વામી હરિકૃષ્ણ સિવાય બીજો કોઈ ભગવાન છે ? તમે શું વિચારી લીધું ? ભલે મહારાજે આવું કહ્યું પણ આપણે તો તેમને છોડીને નથી જાવું એવો નિશ્ચય રાખો, પછી સંતો રામદાસભાઈની વાત સમજી શ્રીહરિ પાસે આવ્યા અને પોતે જે ''માગવું નહિ'' એ આજ્ઞા પાળવામાં વચનભંગ થયા હતા તે કબૂલ કરી શ્રીહરિની આજ્ઞા પાળવામાં કટિબધ્ધ થયા.'' આ વાતનું રહસ્ય એટલે ભગવદ્ ગીતાની રાજનીતિ. ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને ભણાવી હતી તે છે.

આ સર્વે શ્રીહરિના લીલાચરિત્રની વાત છે કે આપણે સત્સંગમાં ''શ્રીહરિની શિક્ષાપત્રીમાં દર્શાવેલ આજ્ઞાઓ'' અને સત્સંગમાં ''શ્રીહરિએ વહેંચણીનો લેખ બન્ને આચાર્યોને કરેલ છે,'' તે પ્રણાલી મુજબ સત્સંગમાં કેટલા પાકા છીએ ? કે કાચા ? વિચારવાનો સમય પાકી ગયો છે. સમયની સરિતા અવિરતપણે વહ્યાં જ કરે છે, સમય પ્રમાણે હૃદયની વૃત્તિઓમાં પણ પરિવર્તન આવ્યા કરે છે - પણ ''ધર્મના સનાતન સત્યો'' - તેમના તેમ રહે છે અને શ્રીહરિએ આપેલા વચનો - જે સનાતન સત્યો છે. જેના આચરણમાં વ્યક્તિ અને સમષ્ટિનું હિત રહે છે રક્ષાય છે. સત્સંગમાં - સ્વધર્મપાલનમાં શ્રીહરિએ પ્રેરેલો ''સદાચાર પ્રથમો ધર્મ'' અહિંસા પ્રથમો ધર્મ'' છે તે સૌના હૃદયમાં વસી રહે અને શ્રીહરિએ સ્થાપેલો આપણો ઉધ્ધવ સંપ્રદાય - જે સ્વામિનારાયણ સંપ્રદાય તરીકે - ધર્માકુળાશ્રિત આચાર્યોની દેખરેખ નીચે શિક્ષાપત્રી પ્રમાણ શ્રીહરિની શુધ્ધ ઉપાસનાથી ચાલી રહ્યો છે તેનું મહત્વ સમજી - નિયમ -નિશ્ચય અને પક્ષની વાતનાં શ્રીહરિએ દર્શાવેલ સનાતન સત્યો સત્સંગીએ જીવનમાં ઉતારી-સત્સંગમાં એકરૂપતા અખંડિતતા રાખી - ભૂરિ સ્નેહો માધવો'' કહેતા શ્રીહરિની ઉપાસનામાં ભજન-કીર્તન-કથા-વાર્તા રોજ કરતા રહીએ એ જ શ્રીહરિને પ્રાર્થના.



# છપૈયા પ્રસાદીના સ્થાનોનો જીર્ણોધ્ધાર

પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ સર્વ અવતારના અવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને નવ ખંડમાં વિકલ્પોમાં છપૈયાની ધરતીને જન્મ ધારણ કરવા પસંદ કરી અને પોતાના સોળ ચિન્હો અંકિત ચરણારવિંદ વડે બાળ અવસ્થામાં અનેક બાળ લીલાઓ કરી છે. તે બાળલીલાઓના સ્મૃતિ સ્થાન ખૂબ જર્જરિત થતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની પ્રેરણાથી સુરતના શ્રી નરનારાયણદેવની નિષ્ઠાવાળા હરિભક્ત શ્રી નંદુભાઈ ખેમચંદભાઈ પટેલે પ.પૂ. મોટા મહારાજશ્રીના સંકલ્પને પરિપૂર્ણ કરવા કાર્ય ઉપાડી લીધું અને લગભગ બે ત્રણ વર્ષમાં મોટાભાગના પ્રસાદીના સ્થાનોને નવા જ રૂપ રંગ આપી વિકસાવી દીધા. છે. મહંત બ્રહ્મચારી સ્વામી વાસુદેવાનંદજીની મહંતાઈમાં થયેલા આ કાર્યમાં તેમને અન્ય હરિભક્તોનો આર્થિક સહકાર સાંપડ્યો જે નીચે મુજબ છે.

**(૧) ગૌઘાટ :**

(૧) પ.ભ. પટેલ નંદુભાઈ ખેમચંદભાઈ (મુ. મોટપ) સુરત

(૨) પ.ભ. પરમાર ભગવાનજીભાઈ ભુરાભાઈ જોધાણી (ઢસા-આંબરડી)સુરત

**(૨) ચંદન માસીનું ઘર :**

પ.ભ. જનકભાઈ ગોકળભાઈ પટેલ (અમદાવાદ)

**(૩) ભૂતિયો કુવો :**

ગં.સ્વ. ગૌરીબેન અમૃતભાઈ પટેલ, જતીનભાઈ એ. પટેલ તથા રીતેષભાઈ એ. પટેલ (અમદાવાદ)

**(૪) કાલીદૈતનો મોક્ષ :**

કૌશલેન્દ્ર ગાર્ડન ઝુલા (હિંચકાવાળા), પ.ભ. પટેલ અમૃતભાઈ શીવાભાઈ, પ.ભ. પટેલ જયન્તિભાઈ શીવાભાઈ (વિહારવાળા) અમદાવાદ

**(૫) કલ્યાણ સાગર શ્રી હનુમાનજીનું મંદિર નવું બાંધકામ :**

પ.ભ. કૌશિકભાઈ સી. જોષી, ઘનશ્યામ એન્જિનીયરીંગ ઈન્ડસ્ટ્રીઝ - અમદાવાદ

આ ઉપરાંત પણ બીજા અન્ય સ્થળોનું જીર્ણોધ્ધારનું કાર્ય ચાલુ જ છે. જે ટૂંક સમય માં પૂર્ણ કરવામાં આવશે. હવે આપ છપૈયા દર્શને જાવ ત્યારે આ બધા સ્થળોના દર્શન કરતા આપને અનેરો આનંદ આવશે અને તીર્થની પવિત્રતા પણ અનુભવાશે જ. પ.પૂ.મોટા મહારાજશ્રીએ શ્રી સ્વામિનારાયણ ભગવાનના સ્પર્શને પામેલ વસ્તુઓની જાળવણી માટે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમની રચના કરી અને તેવા જ સંદર્ભમાં પ્રસાદીના સ્થળોની જાળવણી કરવાનો શુભ સંકલ્પ કરી જે તે સ્થળોનું મહાત્મ્ય હરિભક્તો ને સમજાય તેવી વ્યવસ્થા કરી આપી જેના માટે સમગ્ર સત્સંગ ચિરકાળ સુધી તેમનો ઋણી રહેશે.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી



**જેતલપુરના ગંગામાની રસોઇ**

જેતલપુરના ગંગામા રામાનંદ સ્વામીના શિષ્યા હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણને તેઓ પોતાના દીકરાની જેમ હેતથી બોલાવતા અને જમાડતા. ભગવાન જ્યારે ગુજરાતમાં વિચરણ કરતા હોય, ત્યારે ગંગામા ભગવાનની રસોઈ બનાવવા સેવામાં હાજર રહેતા. ભગવાન ગામેગામ ફરતા હોય ત્યારે ગંગામા પોતાના મસ્તક ઉપર આ ટોપલામાં સગડી રાખીને ગરમા ગરમ ભોજન તૈયાર રાખતા. ગંગામા ગરમ રસોઈ જમાડતા. પ્રભુ પ્રત્યે કેવું હેત ! આ ઉપરાંત રસોઈના અન્ય વાસણો જેવા કે તાંસળી, ખરલ, થાળી, વાટકી વગેરે પણ હજી જળવાયેલ છે. આ તમામ વસ્તુઓ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના હોલ નં.૪માં દર્શનાર્થે રખાયેલ છે.

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**
**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**
**મોબાઈલમાં ct<સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - જુન - ૨૦૧૫

| | |
|---|---|
| રૂા.૨૫,૦૦૦/- | અ.નિ. છોટાભાઈ રણછોડભાઈ પટેલ ના મોક્ષાર્થે હ. વિપુલભાઈ - અંબાપુર |
| રૂા.૨૫,૦૦૦/- | એક હરિભક્ત - સંતરામપુર સંકલ્પ પૂર્ણ થવા નિમિત્તે |
| રૂા.૧૮,૪૬૦/- | કિરીટભાઈ અમૃતભાઈ વડનગરવાળા - મુંબઈ |
| રૂા.૧૧,૫૦૦/- | વર્ષાબેન અશ્વિનભાઈ સોની -ન્યુ રાણીપ |
| રૂા.૧૧,૦૦૦/- | ધીરજભાઈ કે. પટેલ - અમદાવાદ |
| રૂા.૭,૫૦૦/- | અશોકભાઈ છગનભાઈ પટેલ લીંબડીયા અધિકમાસમાં અભિષેક નિમિત્તે |
| રૂા.૫,૧૦૧/- | શંકરભાઈ હરિભાઈ પટેલના મોક્ષાર્થે હ. કેતનભાઈ મનુભાઈ, ભાવેશભાઈ મનુભાઈ - ઉવારસદ |
| રૂા.૫,૦૦૧/- | રમેશભાઈ ભક્તિદાસ પટેલ રાજપુર વાળા - ન્યુ રાણીપ ચિ.ભાવિકભાઈને વિઝા મળ્યા નિમિત્તે |
| રૂા.૫,૦૦૧/- | અ.નિ.પિતાશ્રી રત્ના જેસા - ફોટડી (કચ્છ)અ.નિ. માતુશ્રી કાનબાઈ હ. કેશરાભાઈ રત્ના - લાલભાઈ |
| રૂા.૫,૦૦૦/- | કાન્તિભાઈ પટેલ - ન્યુઝિલેન્ડ |
| રૂા.૫,૦૦૦/- | શ્રી સ્વા.મંદિર રતનપર(સુ.નગર) તથા અ.નિ.નરનારાયણદાસજી સ્વામી સ્મૃતિ મહોત્સવ નિમિત્તે હ. પાર્ષદ કાળુભગત |
| રૂા.૫,૦૦૦/- | મીનાબેન કે. જોષી - બોપલ |
| રૂા.૫,૦૦૦/- | એક હરિભક્ત - સંતરામપુર |

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - જુન - ૨૦૧૫

| | |
|---|---|
| તા. ૦૫-૦૬-૧૫ | ચિરાગ અમૃતભાઈ કાછડીયા - નવસારી હાલ ઓસ્ટ્રેલીયા |
| તા. ૦૬-૦૬-૧૫ | ચૌધરી ભેરોરામ સમરપાજી - વાલી (રાજસ્થાન) |
| તા. ૧૪-૦૬-૧૫ | જીગ્નાશાબેન વિરેન્દ્રકુમાર - દેસાઈ - નવરંગપુરા |
| તા. ૧૭-૦૬-૧૫ | શ્રી સ્વામિનારાયણ મહિલા મંડળ - હર્ષદ કોલોની |
| તા. ૧૮-૦૬-૧૫ | (સવાર) દેવર્ષ પ્રહલાદભાઈ પટેલ - રાણીપ (બપોરે) સાં.યોગી મોટા રામબાઈ ફઈ તથા નાનબાઈ તથા રામબાઈ સમગ્ર ધર્મકુળની પધરામણી કરાવીને નિમિત્તે - માનકુવા (કચ્છ) |
| તા. ૧૯-૦૬-૧૫ | શ્રી સ્વામિનારાયણ મંદિર મહિલા મંડળ - નારણપુરા |
| તા. ૨૧-૦૬-૧૫ | (સવાર) શ્રી નરનારાયણદેવ યુવક મંડળ - શ્રી સ્વામિનારાયણ મંદિર - ઘાટલોડીયા (બપોરે) શ્રી નરનારાયણ દેવ મહિલા મંડળ હ. સુમનભાઈ - સાબરમતી |
| તા. ૨૭-૦૬-૧૫ | મહિલા મંડળ શ્રી સ્વામિનારાયણ મંદિર (બાઈઓનું)- દરબારગઢ મોરબી તથા હળવદ હ. સાં.યોગી રાજકુંવરબા તથા ઉષાબા, નિતાબા |
| તા. ૨૮-૦૬-૧૫ | (સવારે) શ્રી નરનારાયણ યુવક મંડળ - લુણાવાડા (બપોરે) સત્સંગ સમાજ સ્વામિનારાયણ મંદિર હ. ઉદયનભાઈ મહારાજા - વિસનગર |
| તા. ૩૦-૦૬-૧૫ | ભક્તિ મંડળ શ્રી સ્વામિનારાયણ મંદિર - કોઠંબા |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
**www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com**

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

### ''મોહનવરને માન સંગાથે વેરજો''

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

''રસબસ હોઈ રહી રસિયા સંગ,
જ્યું મીસરી પયમાંહી ભળી''

એકવાર જીવ જ્યારે પ્રભુ પ્રેમમાં ઓગળી જાય, ભક્તિ રસમાં તરબોળ થઈ જાય પછી ઠાકોરજી તેનાથી દૂર થઈ શકતા નથી. પણ પ્રભુ પ્રેમમાં ઓગળવું ઘણું કઠણ છે. અહંકાર જીવને પ્રભુ ભક્તિમાં લીન થવામાં વિઘ્નરૂપ બની જાય છે. અહં દૂર કરવો એ પણ બહુ કઠણ કામ છે. કોઈ ડોકટર એમ કહે કે વજન ઘટાડી નાખો તો ખોરાક ઓછો કરી દઈએ. તો વજન ઘટાડી શકીએ એ આપણા હાથની વાત છે. પણ કોઈ શાસ્ત્ર, કોઈ સંત એમ કહે કે હવે અહં ઘટાડી નાંખો. તમારામાં અહંની માત્રા વધારે છે. ડેન્જર લાઈન ઉપર છે માટે સાવધાન થાઓ. પરંતુ એ અહં ઘટાડવો કેવી રીતે ? જ્યારે પરમાત્માની કૃપા ભળે ત્યારે, કોઈ એવા દૈવી શક્તિ કે સત્પુરુષની પ્રાપ્તિ થાય અને એના વચન પ્રમાણે જીવ વર્તે તો અહંકાર ઘટે.

એક ભારે અહંકારી મનુષ્ય પોતાને સિધ્ધ પુરુષ માનતો હતો. આંધ્રપ્રદેશ બાજુનો એ વતની હતો. તેમની પાસે થોડી સિધ્ધિઓ હતી. પણ એ સિધ્ધિઓ કરતાં પણ વધારે અહંકાર હતો. ''કોઈ આવે મારી સામે, ખબર પાડી દઉં.'' આ કહેવાતો સિધ્ધ એકવાર પોરબંદરના રાજા પાસે પહોંચ્યો. રાજા સામે જોઈને હાંક મારી. ''દશ હજાર રૂપિયા આપી દે. નહીં તો તારું શહેર દરિયામાં ફેંકી દઈશ. હું એવા મંત્રો બોલીશ જેથી સમુદ્રના તોફાની મોજા તારું શહેર તાણી જશે.''

રાજા બુધ્ધિશાળી હતો તેણે વિચાર્યું કે આને કોઈ યુક્તિથી વિદાય આપવી પડશે. તેમણે સિધ્ધને કહ્યું, હે સિધ્ધ ! એક સાચી વાત કહું .મારા જેવા નાના રાજાને પરેશાન કરવાથી તમારી વાહ વાહ નહીં થાય પણ તમે સ્વામિનારાયણ પાસે જાઓ, એમને કાબુમાં લો. અંકુશમાં લો તો તમારી સિધ્ધાઈની કસોટી થાય. બાકી મારા જેવાને ડરાવો, ધ્રુજાવો એમાં તમારી સિધ્ધાઈની કસોટી નથી. ક્યાં છે એ સ્વામિનારાયણ ? આ ગુજરાત સૌરાષ્ટ્રમાં ફરે છે. આ સિધ્ધને તો અભિમાન હતું. સ્વામિનારાયણ કોણ ? તેને વશ કરવા મારા માટે તો ચપટીનો ખેલ છે. હમણાં જ સ્વામિનારાયણને વશ કરીને પછી તારી પાસે આવું છું એમ રાજાને કહી મન્નિરામ સિધ્ધ સ્વામિનારાયણ ભગવાન માંગરોળમાં બિરાજેલા ત્યાં સભામાં આવી પહોંચ્યા.

એવું અદ્‌ભુત દિવ્ય વાતાવરણ હતું. વાતાવરણમાં એવી દિવ્યતા, શીતળતા વ્યાપેલી હતી કે પ્રવેશતાં જ હૃદય શિતળ થઈ જાય. જેમ એસી રૂમમાં કોઈ દાખલ થાય તેને તરત જ શિતળતાનો અનુભવ થાય પણ કોઈએ જાકીટને, કોટને, ટાઈને મોજા આ બધું પહેર્યું હોય તેને શિતળતાનો અનુભવ થતાં થોડી વાર લાગે. એમ આ સિધ્ધને આવું દિવ્ય શાંત વાતાવરણ સ્પર્શી ન શક્યું. કારણ કે તેણે પોતાનાં મન ઉપર અહંકારના ઝાકીટો ચઢાવેલાં હતાં. તેણે તો પ્રવેશતાંની સાથે સીધી હાંક મારી, જીવવું હોય તો મારે શરણે થઈ જાઓ. પણ જ્યાં પ્રભુની દૃષ્ટિ તેના ઉપર પડતાં જ આ સિધ્ધ તો એકદમ નર્વસ થઈ ગયો. કશું ચાલ્યું નહીં. એટલે ઘૂંઘવાતા ઘૂંઘવાતા પોતાને ઉતારે જઈને મંત્ર, તંત્રની આરાધ્ય દેવીને બોલાવી અને કહેવા લાગ્યો કે મા ! તારી કૃપાથી, તારી આપેલી સિધ્ધિની તાકાતથી હું બધે વિજેતા થતો આવ્યો છું પણ આ સ્વામિનારાયણ પાસે મારું કેમ કાંઈ ચાલ્યું નહી ?

શક્તિએ તો ધડાકો જ કર્યો - હે મૂર્ખ ! એ તો સાક્ષાત્ પરમાત્મા છે. મારા જેવી અનંત શક્તિઓનાં સ્વામી છે. તારે મોક્ષની પ્રાપ્તિ કરવી હોય તો તેમના ચરણમાં નમસ્કાર કર એનું શરણું સ્વીકારી લે. જ્ઞાન તો હતું પણ ઉપર જે અહં રૂપ કાટ લાગી ગયો હતો તે આ દૈવી શક્તિએ દૂર કરી દીધો.

બીજા દિવસે ફરી એવી જ સભા, એવું જ શાંત વાતાવરણ હતું. ત્યાં આ સિધ્ધ આવ્યો. સંતો, ભક્તો અને સ્વામિનારાયણ ભગવાનને વંદન કર્યા અને હાથ જોડીને માફી માંગવા લાગ્યો. મને માફ કરો. તમારે શરણે લ્યો. સ્વામિનારાયણ ભગવાને જોયું. નમ્યો તે સાચું પણ તેનો અહંકાર રૂપ કાંટો ઓગળવા માટે પ્રભુ બોલ્યા, ''અમારે શરણે તો લઈએ પણ જો આ તમારા મોટા લાંબા વાળ ઉતરાવીને રસ્તામાં નાંખી દો. જે કોઈ આવે એ તમારા વાળ ઉપર પગ મુકીને આવે.'' જેવી આજ્ઞા ! વાળંદને બોલાવીને એ કામ પુરુ કર્યું. પછી એથી પણ અઘરી કસોટી કરી.

તમારે અમારી સાથે અહીં રહેવું હોય તો અમારા સંતો, ભક્તોના જોડાનો ઢગલો બહાર પડ્યો છે તે બધા ભેળા કરી વસ્ત્રના ટૂકડામાં ગાંઠડો બાંધી માથા ઉપર મુકી અને આ સભાને ત્રણ પ્રદક્ષિણા કરો. જેવી આજ્ઞા થઈ તરત જ એનું પણ પાલન કર્યું. ધન્ય છે એ નમ્રતાને ! કોઈ કાચો પોચો હોય તેને એમ થઈ જાય કંઠી બાંધવી હોય તો



બાંધો નહીં તો બીજે જઈશું. કાંઈ તમે એક જ થોડા છો. પણ ધન્ય આ સિધ્ધ મગ્નિરામની નમ્રતાને ! સ્વામિનારાયણ ભગવાનને ખાત્રી થઈ કે હવે અહં ઓગળી ગયો છે ત્યારે પોતાના શરણે લીધા, સંત બનાવ્યા અને અદ્વૈતાનંદજી નામ આપ્યું. પણ તે દેવીવાળા મગ્નિરામ તરીકે ઓળખાતા.

સ્વામિનારાયણ ભગવાન તો સર્વાન્તર્યામી બધું જાણતા જ હતા તો પણ આ ચરિત્ર, આ કસોટી આપણા ઉપદેશ માટે હતી કે જ્યાં સુધી જીવમાં અહંકાર હશે ત્યાં સુધી એ પરમાત્મા સાથે જોડાઈ શકતો નથી. અહંકારી જીવ પરમાત્માના શરણે પહોંચી શકતો નથી. માટે હે ભક્તો ! આવું દિવ્ય વાતાવરણ, સારો ભક્તિનો, ભજનનો, સત્સંગનો યોગ આપણને ભગવાનની કૃપાથી પ્રાપ્ત થયો છે તો આપણે પણ વિનમ્ર થઈને, નિર્માની થઈને ઠાકોરજીના શરણમાં રહીશું તો બ્રહ્માનંદ સ્વામીના આ શબ્દો આપણા જીવનમાં પણ સાર્થક થયા ગણાશે.

''રસબસ હોઈ રહી રસિયા સંગ,
જ્યું મીસરી પયમાંહી ભળી....''

●

### સેવકરામના સગાભાઈ

- નારાયણ બી. જાની (ગાંધીનગર)

સ્વામિનારાયણ ભગવાને પ્રથમના દશમાં વચનામૃતમાં સેવકરામની વાત સ્વમુખે કહી છે. જ્યારે સ્વામિનારાયણ ભગવાન વર્ણિવેશે વિચરણ કરતા કરતા તિરૂપતી બાલાજીથી શેતુબંધ રામેશ્વર જતા હતા ત્યારે રસ્તામાં કોઈ વૈરાગી રોગના કારણે કણસતો હતો. સ્વામિનારાયણ ભગવાનનો સ્વભાવ - ''અતિ દયાળુ રે, સ્વભાવ છે સ્વામિનો....'' દયાના કારણે સ્વામિનારાયણ ભગવાન તેની પાસે રોકાયા. તેને લોહીખંડ પેટ બેસણું એવું દર્દ થઈ ગયું હતું તેથી પેટમાં અન્ન તો શું, પાણી પણ ન ટકે એવી તેની દશા થઈ ગઈ.

કૃપાળુ પરમાત્માએ તેની સેવા ચાકરી ચાલું કરી. કેળના પાનની એક હાથ ઊંચી પથારી કરી આપે, તે બગાડે તો ફરી બીજી. પણ પરમાત્મા જેની સારવાર કરી આપે, તેને રોગ રહે ખરો ! સેવા-ચાકરી કરતા કરતા તો એક માસે તે સાજો થયો. ધીમે ધીમે અનાજ ટકવા માંડ્યું. મહારાજ કહે છે ''એક શેર ઘી પચાવે તેવો સમર્થ થયો.'' જે પ્રભુએ તેમની યાત્રા અટકાવીને તેની સેવા-ચાકરી ન કરી હોત વડના ઝાડ નીચે જ રાડો પાડતો મૃત્યુ પામત. પણ તેના સદ્નસીબે પરમાત્મા મળ્યા. પ્રભુ સ્વયં ભીક્ષા માગી લાવી તેને જમાડે અને પોતાને ઉપવાસ પણ થાય તો પણ ચાકરી કરતા. અને જ્યારે એ સંપૂર્ણ સાજો થયો અને ત્યાંથી ચાલતા થયા ત્યારે પોતાનું વજનદાર એક મણ વજન ભરેલું પોટલું કૃશકાય વર્ણીરાજ પાસે ઉપડાવીને પોતે ઠાલો ચાલે. તેને તો થઈ ગયું સારો શિષ્ય મળી ગયો છે. આટ આટલી સેવા શ્રીહરિએ સ્વયં કરી છતાં કશો ગુણ નહીં. મહારાજ બાજુમાં બિરાજતા હોય, ભૂખ્યા હોય અને પ્રભુ જે ભિક્ષામાં લાવ્યા હોય તેને એકલો જ ઝાપટી જતો. આવો જે હોય, પોતાના ઉપર ઉપકાર કરનારનો પણ જેના હૃદયમાં ગુણ ન હોય તેવાને કૃતઘ્ની કહ્યો છે. શ્રીહરિ સ્વયં કહે છે કે - ''પછી અમે કૃતઘ્ની જાણી તેના સંગનો ત્યાગ કર્યો.''

આ તો વાત થઈ સેવકરામની પણ તમે કોઈ સેવકરામના સગા ભાઈને ઓળખો છો ? ખ્યાલ છે એના ભાઈઓ વિશે ? તો આજે થોડો પરિચય સેવકરામના ભાઈ વિશે પણ કેળવીએ ? તમે વિચારો તે ખ્યાલ આવશે કે ભગવાનના ઉપકારો આ જીવો પર કેટલા બધા છે !! દા.ત. જન્મ થતાં પહેલાં માતાના ઉદરમાં બાળકની અદ્‌ભુત રીતે રક્ષા કરી છે. ત્યારથી જ એ જીવને પોષણ મળે તેની વ્યવસ્થા. બાળક જન્મે દાંત ન હોય ત્યારે એ શું ખાય ? તો માતાના રૂધિરમાંથી દૂધ બનાવીને બાળકના પોષણની અજબ વ્યવસ્થા કરી. આ શરીરની રચના - આંખથી તમામ દ્રશ્યો જોઈ શકાય, કાનમાં એવી વ્યવસ્થા કરી તે અવાજના મોજાને ઝીલી શકે. શબ્દને પારખી શકે. સુગંધ કે દુર્ગંધ પારખવાની લેબોરેટરી એટલે નાક, મોઢામાં એવી પ્લેટ કરી કે તમામ સ્વાદની જાણ થાય.

આટલું ઓછું હોય તેમ હાથ, પગ, ફેંફસા, કીડની, આંખો કાન કે જેની કિંમત આંકી ન શકાય તે બધા પાર્ટસ બબ્બે આપ્યા. વિચારતો કરો - કોઈ માણસ તમને મદદ માટે રોકડા રૂપિયા આપે છે તો પછી વ્યાજ માંગે અને ઉઘરાણી કરે છે. જ્યારે પરમાત્માએ આટલું બધું આપ્યું છે પણ એનો બદલો માંગતા નથી. ખેતરમાં બાજરીનો એક દાણો નાંખ્યા પછી તેના બદલામાં કેટલા બધા દાણા જમીનમાંથી મળે છે ? આ ઉપકાર કોનો છે ? ઘરમાં ચકલીમાં પાણી આવે છે તેના બદલામાં સરકાર ટેક્સ વસુલે છે પણ પરમાત્મા અમૃત જેવા મીઠા પાણી આકાશમાંથી જમીન પર વરસાવે છે. તેના બદલામાં આપણી પાસે કોઈ દિવસ ટેક્સ માંગ્યો ? ઘરમાં વિજળીના દિવા કરીએ, પંખા ફેરવીએ તો મહિનો થતાં તેનું બીલ આવી જાય છે. જ્યારે ભગવાને પ્રકાશ માટે સૂર્યને સદા પ્રકાશિત રાખ્યો, રાત્રે ચંદ્રની વ્યવસ્થા કરી, હવા માટે સદાય પંખા ચાલું રાખ્યા (પવન) છતાંય તેનું કોઈ દિવસ બીલ આવ્યું ? આ વિચાર કર્યો છે કોઈ દિવસ?

આ રીતે વિચાર કરો તો આખું પુસ્તક પણ ઓછું પડે. કહેવાનું કે આવા દયાળુ પરમાત્મા શ્રીહરિએ જીવના સુખ માટે અથાગ સગવડો કરી આપી છે છતાં જો જીવ પ્રભુની ભક્તિ ન કરે, પોતાની આવકમાંથી પ્રભુનો ભાગ કાઢ્યા વગર એકલો જ ખાય, એકલો જ વાપરે, આવા દેવ દુર્લભ માનવદેહથી સેવા-ઉપાસના-સત્સંગ ન કરે તો આવો જે મનુષ્ય છે તે પુરો કૃતઘ્ની છે. તે જ કહેવાય. ''સેવકરામનો સગો ભાઈ'' એ વાતમાં જરાય શંકા નથી. અને આવા જે સેવકરામ અને તેના ભાઈઓનો ભગવાન કૃતઘ્ની જાણીને ત્યાગ કરી દે છે.

માટે આપણે સતત એ વાતનું અનુસંધાન રાખવું કે આપણું નામ આ સેવકરામના ભાઈઓમાં તો નથી આવતું ને !!!!!

# ભક્તિસુધા

**એકાદશી સત્સંગ સભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી) (પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી) ''પ્રયાસ કરીએ તો બધું જ શક્ય છે''**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

આ મનુષ્ય દેહ મળ્યા પછી આપણને મોટામાં મોટી વસ્તુ મહારાજે એ આપી છે કે આપણે ધારીએ તેવું જીવન આપણું બનાવી શકીએ છીએ. પરંતુ આપણે પ્રયાસ જ નથી કરતા. પ્રયાસ કરીએ તો બધું જ શક્ય છે. આપણને જે મનુષ્ય દેહ મળ્યો છે તેની સરખામણી શેના સાથે થાય છે. તો રથ, અશ્વ, લગામ, સારથી અને મુસાફર, આપણું આ મનુષ્ય શરીર છે ને તે 'રથ' છે. દશ ઈન્દ્રિયો છે તે દશ 'અશ્વ' છે અને લગામ એટલે 'મન' અને સારથિ એટલે 'બુધ્ધિ' અને મુસાફર એટલે આપણો 'આત્મા' તો જે અશ્વ છે ને તે કોને આધીન છે તો અશ્વ લગામને આધીન છે. લગામથી અશ્વને જે બાજુ ખેંચવામાં આવે છે તે બાજુ જાય છે. તો ઈન્દ્રિયોરૂપી અશ્વ છે તે મનને આધીન છે. અને લગામ છે સારથિને આધીન છે. તો સારથિ એટલે 'બુધ્ધિ'. તો બુધ્ધિ મુખ્ય ગણાય. કેમ કે ? બુધ્ધિ નિર્ણય લે છે. તો જે મુસાફર છે તે 'આત્મા' છે. તેને ક્યાં જવું છે. તો તેને ખબર છે કે મારે પરમાત્મા પાસે જવું છે. પરંતુ આ જગતમાં આવ્યા પછી માયાના નશામાં માણસ ભૂલી જાય છે. તેની બુધ્ધિ ભ્રમિત થઈ જાય છે. ત્યારે તેને ભટકાવે છે. અને જ્યારે જ્ઞાનરૂપી પ્રકાશ થાય છે ત્યારે માણસ સીધો ચાલે છે. થોડા સમય માટે અને પછી ભૂલાઈ જાય છે. એટલે માયામાં ફસાઈ જાય છે. તેમાં મુખ્ય બુધ્ધિ છે. તો બુધ્ધિને પવિત્ર અને સાત્ત્વિક રાખવી. ભગવાનને શું જોઈએ છે ? તો ભગવાનને 'મન' જોઈએ છે. તો આપણે શું કરીએ છીએ ? ઈન્દ્રિયો દ્વારા 'સેવા' કરીએ છીએ, કાનથી શ્રવણ ભક્તિ કરીએ છીએ, આંખથી દર્શન કરીએ છીએ પરંતુ મનથી નથી કરતા. આપણે આપણી પ્રક્રિયા આખી ઉલટાવી દઈએ છીએ. પરમાત્માની કોઈ પણ સેવા કરીએ તેમા મન જોડાવું જોઈએ. ઈન્દ્રિયો તે 'સાધન છે. ઈન્દ્રિયોને 'મન' દ્વારા અને 'બુદ્ધિ' દ્વારા જેવો અભ્યાસ કરાવીશું જેવા કાર્યો કરાવીશું તેવું કરશે. તો મન અને બુધ્ધિને જાગ્રત રાખવાની જરૂર છે. આપણે આખી જીંદગી દોડતા જ રહીએ છીએ. બધાને જુદી જુદી જગ્યાએ સુખ દેખાય છે. મન તો ચોવીસ કલાક દોડે છે. એક જ સમય એવો છે કે જ્યાં ૫૦% લોકોની દિશા એક જ હોય છે. જ્યારે આપણે સત્સંગમાં બેઠા હોય ત્યારે જેટલા વ્યક્તિ બેઠા હોય તેમાંથી ૫૦% લોકોની મનની વૃત્તિ સત્સંગમાં જોડાયેલી હોય છે. મનરૂપી પક્ષી ગમે તે વૃક્ષ પર બેસે છે. જેમ પક્ષી જેવા વૃક્ષ પર બેસે છે તેવા ફળ ખાવા મળે છે. તેમ મનનું પણ એવું છે. જેવા વિચારો આવશે તેવું ફળ મળશે. તેવા કાર્યો થશે.

ઈન્દ્રિયોની ટેવ હોય છે કે આપણને કાયમ માટે ઉંધી દિશામાં લઈ જાય છે. પછી આપણને પસ્તાવો થાય છે. માયાનું પણ એવું જ છે. ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનમાં જે વસ્તુ છે જ નહિં તેને માની લેવામાં આવે છે. તેવું 'આવરણ' આવી જાય છે. અંધારુ થઈ જાય છે. પરમાત્માના સ્વરૂપનું જે સાચું જ્ઞાન છે તેને અટકાવી દે છે. આપણે જે સુખ ઈન્દ્રિયો દ્વારા અનુભવીએ છીએ તે સાચું જ છે. અને કાયમ માટે રહેશે તેવું માયા દ્વારા અનુભવાય છે. સર્પની 'માદા' તે પોતે જ પોતાના બચ્ચાને ખાઈ જાય છે. જેનાથી જાણવાનું કે માયાથી જ માણસનું પતન થાય છે. જેનાથી માયા જ માણસને ખાઈ જાય છે. સંસારની જે પણ વસ્તુ છે તે જવાની જ છે. ખ્યાલ જ છે છતાં પણ તે વસ્તુ જાય છે. તો આપણને દુઃખ કેમ થાય છે ? તો આપણી છોડવાની તૈયારી જ નથી. અને તૈયારી કેમ નથી ? તો આપણે વિવેકપૂર્વક વિચાર્યું જ નથી. આપણે જાણીને વિચાર કરીને કોઈ જરૂરતમંદને ૧૦૦ રૂા.ની નોટ આપણી મરજીથી આપી દઈએ તો દુઃખ થતું નથી. તેમ સંસારની વસ્તુ છે ને તે નાશવંત જ છે. એવું વિચારી અનાસક્ત ભાવથી વિવેકપૂર્વક છોડીને રહીશું તો અંત સમયે છોડતી વખતે દુઃખ નહિ થાય.

પરમાત્માની પ્રાપ્તિ માટે અનાસકત રહીને ભજન કરવું. આપણને તો કોઈ પણ પ્રયત્ન કર્યા વગર પારસ મણિરૂપી આ સત્સંગ મળી ગયો છે. સત્સંગથી બહાર જઈને જોઈએ તો ખબર પડે કે લોકો કેટલા દુઃખી છે. મહારાજશ્રી કાયમ કહે છે કે બહારની દુનિયા જોવા જેવી નથી. આપણે સત્સંગને લીધે આટલા ઉજળા છીએ. તો આ સત્સંગમાં કાંઈ પણ તકલીફ છે જ નહિ. મહારાજ અને નંદ સંતોએ ખૂબ સહન કર્યું છે. આપણા માટે મંદિરો, સંતો, શાસ્ત્રો, બધું જ તૈયાર છે. ખાલી આપણે શું કરવાનું છે. તો મહારાજે આપેલી આજ્ઞાનું પાલન કરવાનું છે. આપણને આ સત્સંગ આપીને શ્રીજી મહારાજે આ સત્સંગના માધ્યમથી અક્ષરધામનું 'આમંત્રણ' આપી દીધુ છે. જેને પણ આ સત્સંગ પ્રાપ્ત થયો છે તેવા દરેક વ્યક્તિની આ વાત છે. મહારાજે આપણને આ સત્સંગરૂપી કંકોત્રી મોકલી છે. તો કંકોત્રીમાં મહારાજે શું લખ્યું છે તે આપણને બધાને ખબર છે. ક્યા રસ્તેથી આવવાનું, ક્યા રસ્તે ચાલવાનું, ક્યાં જવાનું, કેવી રીતે પહોંચવાનું, કેવી રીતે જીવવાનું બધું જ લખી દીધું છે. પછી આપણા હાથની વાત છે કે આપણે મહારાજે બતાવેલા રસ્તે જવું કે બીજા રસ્તે જવું. સત્સંગમાં આવ્યા પછી આપણામાં બદલાવ ના દેખાય તો સમજવાનું કે આપણને સત્સંગની અસર થઈ જ નથી. સત્સંગથી આપણો રંગ નથી બદલાતો પરંતુ આપણો ઢંગ બદલાઈ જાય છે. અર્થાત્ સત્સંગથી આપણો બાહ્ય દેખાવ બદલાતો નથી પરંતુ કાગડા જેવી વાણી હોય તો કોયલ જેવી થઈ જાય છે. જેમ હંસ અને બગલો તેના ખોરાકથી ઓળખાય છે. તો

આપણે હંસની માફક નીર અને ક્ષીરનો વિવેક કરવા વાળા થઈ જઈએ છીએ. અંતર ચોખ્ખું થતું જાય છે.

મજૂરના છોકરા હસતા હસતા પથ્થરમાં સૂઈ જાય છે. આપણે બંગલામાં રહેતા હોય તો પણ દુઃખી જ હોઈએ છીએ. એરકંડીશનમાં બેઠા બેઠા કંટાળી જઈએ છીએ. જે લોકો મજૂરી કામ કરે છે તે ચાર-પાંચ રોટલા ખાઈને પચાવી શકે છે. કેમ કે તે શ્રમ કરે છે. માટે ખાધેલું છે ને તે શરીરમાં ઉતરે છે. અને શરીર મજબૂત થાય છે. આપણે ઘરમાં બેઠા બેઠા બે રોટલી પચાવી શકતા નથી. કેમ કે બધું વગર મહેનતે મળી જાય છે. એવી રીતે સત્સંગમાં આવ્યા પછી સંતો, શાસ્ત્રો, સત્સંગ-સભા, શિબિરો બધું તૈયાર મળી જાય છે. તેના માટે જાતે કાંઈ જ પ્રયત્ન કરવો પડતો નથી. પરંતુ જો ખપ હોય તો મહેનત થાય છે. ખપ રાખીને મનન, ચિંતન કરશો તો ભૂખ લાગશે. તો સત્સંગ જીવમાં ઉતરશે. પરમાત્માની ભક્તિમાં હજી આપણે ખૂબ ગરીબ છીએ. હજી મારામાં આટલી કચાશ છે તેમ પોતના દોષોને જોઈને અહંકારને ટાળવાનો અને સતત પ્રયત્ન કરવાનો તો આપણે પરમાત્માને પ્રાપ્ત કરવા માટે લાયક બનીશું.

●

### સેવાનો મહિમા

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

સ્વામિનારાયણ સંપ્રદાય એટલે સેવાનો સંપ્રદાય. વ્હાલા ભક્તો ! આપણા ઉપાસ્ય ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણે સેવાનો મહિમા બતાવતા આપણી એવી જે, જનસમાજને પણ ઉપયોગી થાય એવા સર્વજીવ હિતાવહ સંદેશો આપનાર એવી શિક્ષાપત્રીમાં કહે છે કે ''સેવા મુક્તિશ્ચ ગમ્યતામ્'' શ્લોક-૧૨૧માં કહે છે કે સેવા થી જ મુક્તિ છે. તેવી જ રીતે ભગવાન શ્રી સ્વામિનારાયણે સેવાનો મહિમા બતાવતા ગઢડા મધ્ય પ્રકરણના ૨૮ માં વચનામૃતમાં સેવાને ખૂબજ વખાણી છે.'' જે ભગવાનના ભક્તની સેવા-ચાકરી કરે તે ઉપર તો અમારે અતિશે રાજીપો થઈ જાય છે. અને જેનું રૂડું થાય છે તે પણ ભગવાનના ભક્તની સેવામાંથી જ થાય છે. વળી જીવને ભગવાનને રાજી કર્યાનો ઉપાય તો મન-કર્મ-વચને ભગવાનના ભક્તની સેવા કરવી એજ છે. અને ભગવાનના ભક્તનો દ્રોહ કરવો એજ ભગવાનને કુરાજી કરવાનો ઉપાય છે. (ગઢડા મધ્યનું ૨૮ મું વચનામૃત)

સેવાનું મૂલ્ય અમૂલ્ય છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે નાના બાળકથી લઈને મોટા સદ્‌ગુરુ સુધીના સૌને સેવાની ગળથૂંથી પાઈ છે. જેથી આજે આપણો સંપ્રદાય સેવાથી ઝળહળી રહ્યો છે. સેવામાં બે અક્ષરો છે. સ=સહન શક્તિ અને વ=વાહવાહથી દૂર રહેવું.

કોઈપણ સેવકની સેવા ક્યારે ઝળહળી ઉઠે તો તેનામાં સહનશક્તિ હોય તથા તે વાહવાહથી દૂર રહેતો. સેવા નાની છે કે મોટી તે અગત્યનું નથી. ''સેવા એ ભક્ત અને ભગવાનને જોડતો દિવ્ય સેતુ છે.'' સેવા પોતે જ દિવ્ય છે. પવિત્ર છે. સેવા કેવા ભાવથી, ઉમળકાથી કે અંતરની દિવ્ય ભાવનાથી કરવામાં આવે છે તે જ અગત્યનું છે. રાજપાટ મૂકીને વિશાળ વૈભવને ઠોકર મારીને, જંગલમાં એકલવાયા જઈને ઝુંપડી બાંધીને રહેવું તે સહેલું છે. પરંતુ સંતો-ભક્તોના ભીડામાં રહીને સેવારૂપી તપ કરવું તે કઠિન છે. સેવા એ જીવનના પાયાના ઘડતરની પારાશીશી છે. એટલે જ ભગવાન શ્રી સ્વામિનારાયણ તત્કાલીન ગઢપુર મંદિરની સેવા માટે, પોતાના સુવર્ણના મોળીડા ઉપર મોટો પથ્થર ઉંચકીને ગઢપુર મંદિરના પાયામાં નાખ્યો અને તે દ્વારા સંપ્રદાયના આશ્રિત માત્રને સેવાનો મહિમા બતાવ્યો છે.

હક્ક અને ફરજ એ બન્ને સિક્કાની બે બાજુ જેવા છે. તેમ આધ્યાત્મિક માર્ગમાં સમાગમ અને સેવા બન્ને છે. જેમ સમાગમ કરવો એ આપણો હક્ક છે. તો તેની બીજી બાજુ સેવા કરવી એ આપણી ફરજમાં છે. કેમ કે સંતનો સમાગમ કરીને આપણે કેટલું જીવન-ઉપયોગી અણમોલ ભાથું મેળવીએ છીએ તો તેના બદલામાં આપણને તે અગણિત ઉપકારોનો બદલો વાળવા માટે કોઈક નાની-મોટી સેવા તો કરવી જ જોઈએ ને ? આમ સમાગમ અને સેવા એ બન્ને અભિન્ન અંગો છે. જો સમાગમ રૂપી સૂર્ય એ એક બાજુ ગણીએ તો સેવા રૂપી પડછાયો એ બીજી બાજુ દેખાય.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ સમાગમ અને સેવાનો સુંદર અભિગમ રજૂ કર્યો હતો. ૪૦ વર્ષ ૪ માસ અને ૪ દિવસ સુધી જૂનાગઢમાં અવિરત સમાગમ કરાવ્યો હતો. તો બીજે પક્ષે પોતે ૪૦-૪૦ વર્ષ સુધી અખંડ સેવા યજ્ઞ પણ ચાલુ રાખ્યો હતો. સ્વામીએ પોતે જૂનાગઢનો વિશાળ ચોક વાળવાની સેવા પોતાના સ્વહસ્તે કરી હતી. એક સમયે તરણેતરના મહંત ગુણાતીતાનંદ સ્વામીના દર્શન કરવા જૂનાગઢ આવ્યા. ત્યારે સ્વામી ચોક વાળતા હતા. ત્યારે સ્વામીને મહંતે પૂછ્યું કે ''મુઝે ગુણાતીતાનંદજી કો મિલના હૈ વે કબ મિલેંગે ?'' સ્વામી પોતે ચોક વાળતા છતાંય દાસત્વ ભાવનું અંગ દર્શાવતા બોલ્યા કે ''તમે અહીં બેસો તેઓ થોડીવાર પછી તમને મળવા આવશે.'' સ્વામી તો કચરો વાળી નાહી-ધોઈ તૈયાર થઈને મહંત પાસે આવ્યા. ત્યારે મહંત કહે ''મુઝે આપ કો નહીં મિલના હૈ, મુઝે તો ગુણાતીતાનંદ સ્વામી કો મિલના હૈ.'' ત્યારે બોલ્યા કે, હા, હું પોતે જ ગુણાતીતાનંદ છું. બોલો શું કામ છે ? આમ જ્યારે સાંભળ્યું ત્યારે તે મહંત સ્તબ્ધ થઈ ગયા. અહોહો આવા મોટા મહંત તેમની આટલી બધી સાદાઈ અને આવી નિર્માનીપણે સેવા ભાવના ! જેનામાં સેવાનો ગુણ હોય તેનેજ દાસભાવ દૃઢ થાય. તેજ સત્સંગમાં મોટો થાય. સેવા એ અહમ્ શૂન્ય થવાનો ઉપાય છે. સેવકમાં સેવાનું અંગ જોઈએ, જોઈએ ને જોઈએ જ. સેવા વગર જો સદ્‌ગુરુ હોય તોય ન શોભે.

દાસ ભાવે જે વર્તે તેજ સદ્‌ગુરુ તરીકે શોભે. બાકી ગાદી ઉપર બેસવાથી સદ્‌ગુરુ ન થવાય. સદ્‌ગુરુ બનવા માટે તો દાસભાવ એજ મોટું આભૂષણ છે. દાસભાવ આવે છે એ સેવાના ગુણથી આવે છે. સેવા જીવાત્માની શુધ્ધિ અને વૃધ્ધિ માટે છે. તેવો ખ્યાલ આવે તો સેવા કરવાનો ચડતો ને ચડતો રંગ રહે છે. સેવા એ કામ નથી. કામ એ માયિક શબ્દ છે. જ્યારે સેવા બે દિવ્ય શબ્દ છે. કોઈ જ અપેક્ષા વિના પ્રભુને રાજી કરવા માટે, નિઃસ્વાર્થ ભાવે જે કાંઈ કરે છે તે સેવા છે. આવી સેવા મોક્ષદાયી છે. જ્યારે સકામ ભાવનાથી કરે તે કામ છે. કામ એ વ્યવહારનો શબ્દ છે. કામ જ્યારે નિઃસ્વાર્થ ભાવે, પ્રસન્નતાને અર્થે કરવામાં આવે તો સેવામાં પરિવર્તન પામે છે. સેવા મનસ્વી રીતે ન કરવી. માનને ઈર્ષા એ રહિત કરવી.

આપણા ભારતીય ધર્મશાસ્ત્રોમાં મોક્ષના અનેક સાધનો

બતાવવા આવ્યા છે. જેવા કે, વ્રત, તપ, દાન, યજ્ઞ, સેવા ભક્તિ વિગેરે તેમાં સર્વ શ્રેષ્ઠ સાધન હોય તો તે છે સેવા. સેવાથી દુર્લભ વસ્તુની પ્રાપ્તિ થાય છે. સેવાથી અપ્રાપ્યને પ્રાપ્ય બનાવે છે. સેવાથી બૃહસ્પતિના પુત્ર કચે, દૈત્યના ગુરૂ કે જે પોતાના શત્રુ કહેવાય તે શત્રુ પાસેથી પણ સંજીવની વિદ્યા મેળવી હતી. દૈત્યના ગુરૂ શુક્રાચાર્ય પાસે સંજીવની વિદ્યા હતી. અને દેવોના ગુરૂ બૃહસ્પતિ પાસે વિદ્યા નહતી. દૈત્ય મરે તેને શુક્રાચાર્ય સજીવન કરી શકે. દેવોને બૃહસ્પતિ સજીવન કરી શકતા નહિ. તેથી સર્વ દેવોએ મળી ને બૃહસ્પતિના પુત્ર કચને શુક્રાચાર્ય પાસે સંજીવની વિદ્યા લેવા મોકલ્યા. કચે શુક્રાચાર્ય પાસે આવીને કહ્યું, ''હુ બૃહસ્પતિનો પુત્ર કચ છું. હું વિદ્યા માટે એક હજાર વર્ષથી બ્રહ્મચર્ય પાળું છું માટે મને વિદ્યાદાન કરો. શુક્રાચાર્યે કહ્યું : ''બહુ સારૂં, આ મારી ગાયો ચારો ને મારી પુત્રી દેવયાની કહે તેમ કામ કરો.'' ગુરૂની આજ્ઞાથી કચે ૫૦૦૦ વર્ષ ગુરૂ સેવા કરી અને ગુરૂ અને દેવયાનીને પ્રસન્ન કર્યા. દૈત્યોને ખબર પડી કે ગુરુ પાસે કચ સંજીવની વિદ્યા ભણવા આવ્યો છે. તે સંજીવીની લઈ જશે તો દેવો આપણો નાશ કરશે. માટે ''રોગ અને શત્રુનો ઉગતા નાશ કરવો'' આવા દુષ્ટ આશયવાળા દૈત્યોએ કચને મારી નાખ્યો. અને તેનું માંસ કૂતરાને ખવરાવી દીધું. સાંજે ગાયો ઘેર આવી અને કચને ન દેખ્યો તેથી શુક્રાચાર્યે સંજીવિની વિદ્યાનો પ્રયોગ કર્યો. તુરત કચ આવ્યો અને કહ્યું : ''મને દૈત્ય પુત્રોએ મારી નાખ્યો હતો છતાં આપની વિદ્યાના પ્રભાવે સજીવન થયો છું.'' વળી બીજે દિવસે કચને પુષ્પો વિણવા મોકલ્યો. ત્યાં દૈત્યોએ કચને દેખ્યો તેથી ફરીને મારી નાખ્યો અને તેની ભસ્મ કરીને શુક્રાચાર્યને મદ્ય સાથે તે ભસ્મ પાઈ દીધી. પછી ફરીને સંજીવનીનો પ્રયોગ કરીને કચને બોલાવ્યો. તેથી કચ પેટમાં બોલ્યો ત્યારે શુક્રાચાર્યે પૂછ્યું, ''તું મારા પેટમાં ક્યાંથી ? કચે કહ્યું અસુરોએ મને મારી, ભસ્મ કરી અને ચૂર્ણ કરીને સુરાની સાથે આપના ઉદરમાં ઉતાર્યો છે. મને આપની કૃપાથી સ્મૃતિ રહી છે. શુક્રાચાર્યે પ્રસન્ન થઈને કહ્યું, ''હે કચ ! તું શુધ્ધ બ્રાહ્મણ છે. બ્રાહ્મણ સિવાય મારા ઉદરમાં કોઈ રહી શકે નહિ. તું ખરો વિદ્યાને લાયક છે. હું મારી સંજીવની વિદ્યા તને આપું છું. તું કૃતઘ્ની થઈશ નહિં.'' તું મારૂં ઉદર ફાડીને બહાર નીકળીને મને સજીવન કર.'' આમ કહીને કચે બહાર આવીને ગુરૂને સજીવન કર્યા. આ રીતે કચે દુશ્મન પક્ષના શુક્રાચાર્યને સેવાથી પ્રસન્ન કરીને સંજીવની વિદ્યા મેળવી હતી. આમ સેવાથી અપ્રાપ્ય-દુર્લભ વસ્તુની પ્રાપ્તિ થાય છે.

●

### પ્રસાદીનું જળ

- પટેલ લાભુબેન મનુભાઈ (કુંડાળ, તા. કડી)

ગુજરાતમાં ખેડા જિલ્લામાં કઠલાલ નામનું એક ગામ છે. આ ગામમાં એક બ્રાહ્મણ બાઈ હરિભક્ત રહેતાં હતાં. આખા ગામમાં આ એકજ બાઈ સત્સંગી હતા. તેમને ભગવાન સ્વામિનારાયણમાં અતૂટ સ્નેહ અને મહિમા પૂર્વકનો નિશ્ચય હતો.

તેઓ એક દિવસ કૂવામાંથી પાણી ખેંચી રહ્યાં હતાં. બનવા જોગ તે સમયે શ્રીજી મહારાજ સંત મંડળ સાથે ગામની ભાગોળેથી પસાર થયા. આ વાતની જાણ થતાં જ રામબાઈ ઉતાવળે પગલે દોડ્યાં. સીધાં પહોંચ્યાં શ્રીજી મહારાજ પાસે. તેમના દર્શન કરી ભાવવિભોર બની ગયા. તેમણે હાથ જોડીને કહ્યું, 'હે મહારાજ ! આજ તો આ ગામમાં પધારો ને મારું ઘર પાવન કરો. મારાથી બનશે તેવી સેવા કરીશ. પણ અહીં સુધી પધાર્યા છો તો હવે ઘર પાવન કર્યા વિના જવાશે નહિં.'

તમારો ભાવ ઘણો છે તે અમે જાણીએ છીએ, પણ અત્યારે અમારે વડતાલ પહોંચવાની ઉતાવળ છે. આજે તો રોકાવાશે નહિ, પણ ભવિષ્યમાં જરૂર અહીં આવીશું. માટે આજે અમને રાજી થઈને રજા આપો. શ્રીજી મહારાજે તેમનો ભાવ જાણી પ્રેમથી કહ્યું.

રામબાઈએ બેડું નીચે ઉતાર્યું. પછી હાથ જોડી કહ્યું : પ્રભુ ! આપ તો અમારું જીવન છો. રાત-દહાડો હું આપના નામની માળા ફેરવું છું. આપને યાદ કરું છું. આ ગામમાં આપનું નામ સાંભળવા મળે એવું કોઈ ઘર નથી. બધા જ કુસંગી છે. કોઈનામાંય એવા સંસ્કાર નથી કે આ સત્સંગનો તેમને પાશ લાગે, આપના સ્વરૂપનો મહિમા સમજે.'

શ્રીહરિ તેની વાત સાભળી રહ્યાં હતા. રામબાઈને એકાએક વિચાર સૂઝ્યો. તેણે જળ ભરેલો ઘડો શ્રીહરિના ચરણ પાસે ધર્યો ને કહ્યું : પ્રભુ ! આ ઘડામાં આપ આપનો અંગૂઠો બોળો. તે પ્રસાદીનું થાય. શ્રીહરિએ મોજડી કાઢી પોતાનાં ચરણનો અંગૂઠો ઘડામાં બોળ્યો. પછી રામબાઈને પૂછ્યું : ''હવે આ પ્રસાદીનાં પાણીનું શું કરશો ?

રામબાઈ એ ધીરે રહીને કહ્યું : 'મહારાજ ! આ ગામનો કૂવો છે તેમાં આ પાણી રેડી દઈશ. આખા કૂવાનું પાણી પ્રસાદીનું થઈ જશે. પછી ગામનાં માણસો તે પાણી પીશે ને સત્સંગી થઈ જશે.

શ્રીહરિએ પૂછ્યું : 'રામબાઈ ! શાથી જાણ્યું કે બધા સત્સંગી થઈ જશે ?'

તરત રામબાઈ કહે : 'પ્રભુ ! આપનો સ્પર્શ થાય. આપની દૃષ્ટિ પડે, આપના પ્રત્યક્ષ કે પરોક્ષ સંબંધમાં જે કોઈ આવે તે બધા સત્સંગી થાય છે, તો ગામનાં માણસો આ પ્રસાદીનું પાણી પીને સત્સંગી કેમ નહીં થાય ?'

શ્રીહરિ તેમની સમજણ જોઈ રાજી થયા. રામબાઈએ થોડું પાણી એ ઘડામાંથી પીધું ને બાકીનું કૂવામાં નાંખ્યું.

રસ્તામાં શ્રીહરિએ મુક્તાનંદ સ્વામીને કહ્યું : 'સ્વામી ! આ રામબાઈ ને સત્સંગ કરીને બેસી રહેવું ગમતું ન હતું. આ દિવ્ય સત્સંગનો જે લાભ તેને મળ્યો છે તે બીજાને પણ તેને આપવો છે. પોતાનું જ કરીને પછી જે હાથ જોડી, મનમાં સંતોષ માની બેસી રહે, તેથી પણ જે પોતાને મળ્યું છે તે અન્યને પણ આપવાની ભાવના રાખે તેમાં ખરો પરોપકાર છે. ગામ આખું પ્રસાદીનું પાણી પીને સત્સંગી થઈ જશે. આ તેના સંકલ્પમાં કેટલું બળ છે !'

આજે ગામનાં જે ભાગમાં આ કૂવો છે, ત્યાંના તમામ વંશજોમાં આજ પર્યંત સત્સંગ જળવાયો છે ! ફક્ત પ્રસાદીનું પાણી પીધાનો કેવો અદ્‌ભુત પ્રતાપ !

આવા હતા શ્રીજી મહારાજનાં ભક્તો !

શ્રીજી મહારાજના સંગમાં આવેલી વસ્તુઓનો પણ વિશેષ મહિમા સમજે.

આવા હતા શ્રીજી મહારાજ ! ભક્તોના મનોરથો પૂરા કરવા હંમેશા તત્પર રહે અને સૌનું કલ્યાણ કરે.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

પ્ર. ૧ નિષ્કામી વર્તમાન શે ઉપાયે કરીને અતિશય દૃઢ થાય?

પ્ર. ૨ ''અમારો, તો એ સ્વભાવ છે જે, બ્રાહ્મણનો ને ગરીબનો ને ભગવાનના ભક્તનો કોઈક દ્રોહ કરે, તે તો અમને દીઠો જ ગમે નહિ, અને આ લોકમાં ને પરલોકમાં તેને ને અમારે સોબત રહેવાની નથી.'' આટલી વાત કરીને પછી શ્રીજી મહારાજે સ.ગુ. મુક્તમુનિ પાસે ક્યું પદ ગવરાવ્યું?

પ્ર. ૩ ધર્મશાસ્ત્રમાં પ્રચલિત મુખ્ય વીસ સ્મૃતિઓ ક્યા પ્રકરણમાં ક્યા અધ્યાયમાં બતાવવામાં આવી છે? વીસના નામ આપશો.

પ્ર. ૪ રાત્રીના સમયે અક્ષર ઓરડીમાં બેઠા થઈને શ્રીજી મહારાજે વીરા ભક્તને કહ્યું : ''આ કોણ ગાય છે?'' આ સ.ગુ. પ્રેમાનંદ સ્વામી ગાય છે. મહારાજ પૂનમીયા કૂવાના કાંઠા ઉપર આવી ઊભા રહ્યા ત્યારે, ''કુબરીગ્રહ બસ કે કાના નિરમોયા ભયે ક્યા કરું બૈકુંઠકું રે'' એ પદ બોલ્યા, તે સાંભળી મહારાજ રાજી થયાને પ્રેમાનંદ સ્વામીને શું આપ્યું ને શું કહ્યું?

પ્ર. ૫ ''આ દેહને મુકીને પછી કોઈ રીતનો જન્મ થવાનું નિમિત્ત તો નથી. તો પણ અંતરમાં એમ વિચારીએ છીએ જે, ''જન્મ ધર્યાનું કોઈક કારણ ઉત્પન્ન કરીને પણ સંતના મધ્યમાં જન્મ ધરવો'' એમ જ ઈચ્છીએ છીએ.'' મહારાજે ક્યા વચનામૃતમાં વાત કરી છે?

પ્ર. ૬ ''પ્રથમ સિંગાર રસ હાસ રસ દુસરો, તિસરો કરુના રસ બસત શ્યામ નેનમે'' - નવ રસનું વર્ણન કરતું સુંદર પદ કોણે બનાવ્યું છે?

પ્ર. ૭ ''નિજ આચારજ પદ જેહ, સ્થાપશે તમારે કુળે તેહ, એમ કરી મોટા મોટા કામ, પછી પધારશે નિજધામ''. સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ ક્યા શાસ્ત્રમાં ક્યા પ્રકરણમાં આ ચોપાઈની કડીઓ વર્ણવી છે?

## જૂન-૨૦૧૫ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) શ્લોક ૧૮૯. (૨) વડનગરના લલ્લુભાઈ શિલ્પી (મિસ્ત્રી) (૩) વચ.ગ.પ્ર. ૪૮ (૪) ભગવાને ભરી સભામાં ચીર પુર્યા..... ''દ્રૌપદીએ નિજ ચીર વધેરી બાંધ્યું હરિને હાથે દેવાનંદ કહે ભરી સભામાં આપ્યા દીનાનાથે.'' (૫) ભગવાન, ભગવાનના ભક્ત, બ્રાહ્મણ, ગરીબ (૬) ''સોમબાઈ જ્યાં સુધી તમે લાંઘણજના એ ઘરમાં હશો ત્યાં સુધી તમારા ઘરમાં રૂપિયા નહિ ખૂટે તમે સુખેથી જીવશો, સુપાત્રને દાન આપશો, સેવા કરશો, ઉત્સવ સમૈયા કરશો. પટારામાંથી રૂપિયા ખૂટશે નહિ.'' (૭) સ.ગુ. મંજુકેશાનંદ સ્વામી.

૧ સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (સી.જી. રોડ)
૨ પટેલ વિનોદભાઈ પી. (વહેલાલ)
૩ પટેલ ધરમશીભાઈ નરસીભાઈ (મેમનગર)
૪ પટેલ ચંદ્રિકાબેન વિનોદભાઈ (મેમનગર)
૫ બ્રહ્મભટ્ટ દેવયાની અવિનાશભાઈ (મેમનગર)
૬ સોની રંજનબેન કાંતિભાઈ (મેમનગર)
૭ પટેલ મગનભાઈ મોહનભાઈ (હિંમતનગર)
૮ ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાંગરવા)
૯ મહંત શાસ્ત્રી સ્વામી પ્રેમપ્રકાશદાજી (સ્વા. મંદિર હિંમતનગર)
૧૦ શાસ્ત્રી સ્વામી માધવપ્રિયદાસજી (સ્વા. મંદિર માણસા)
૧૧ ભાવસાર મહેન્દ્રભાઈ સોમાભાઈ (માણસા)
૧૨ પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૧૩ સરોજબેન માધવલાલ (માણસા)
૧૪ પટેલ જયંતિભાઈ હીરાભાઈ (વહેલાલ)
૧૫ દરજી સંગીતા કલ્પેશભાઈ (કાલુપુર)
૧૬ પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુરવાળા)
૧૭ પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૧૮ પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૧૯ પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા)
૨૦ સાં.યો. કોકીલાબા તથા ઉષાબા (સુરેન્દ્રનગર)
૨૧ ભાવસાર વીણાબેન આર. (નવરંગપુરા)
૨૨ પટેલ દિપીકાબેન કે. (નવરંગપુરા)
૨૩ ભાવસાર અરવિંદાબેન નરેશભાઈ (ચાંદલોડીયા)
૨૪ સાં.યો. કંચનબા, ભગવતીબા, હીરાબા (ઉંઝા)
૨૫ સાં.યો. ભારીતાબ, મંજુબા (કાલુપુર સ્વા. મંદિર હવેલી)
૨૬ પટેલ સુભદ્રાબેન અમૃતભાઈ (વડુ)
૨૭ ઠક્કર વીણાબેન નરેન્દ્રભાઈ (બોપલ)
૨૮ પટેલ કોકીલાબેન ઘનશ્યામભાઈ (વડુ)
૨૯ પટેલ શારદાબેન વિઠ્ઠલભાઈ (ડાંગરવા)
૩૦ પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ (ડાંગરવા)
૩૧ પટેલ મંજુલાબેન નટવરભાઈ (ડાંગરવા)
૩૨ ડૉ. પટેલ અરૂણભાઈ દેવજીભાઈ (રાણીપ)
૩૩ પટેલ ભક્તિભાઈ પુંજલદાસ (રાણીપ)
૩૪ ભાવસાર સુમિત્રાબેન નરેશકુમાર (વિસનગર)
૩૫ ભાવસાર કપિલાબેન નટવરલાલ (લાંઘણજ)
૩૬ સ્વામિનારાયણ મંદિર હર્ષદ (બાપુનગર)
૩૭ પટેલ મીના એમ. (આંબાવાડી)
૩૮ પટેલ મીનાબેન કમલેશકુમાર (કુહા)
૩૯ સાં.યો. બહેનો સ્વામિ. મંદિર બહેનોનું (મોરબી)
૪૦ અડાલજા કંચનબેન બાબુભાઈ (રતનપર-મૂળીદેશ)
૪૧ ભાવસાર નિકીતા બી. (કાલુપુર)
૪૨ પટેલ દિપીકાબેન કિરણકુમાર (નારણપુરા)
૪૩ પટેલ દિપીકા કિરણકુમાર (લુણાવાડા)
૪૪ ઘરસભા બહેનો (લુણાવાડા)
૪૫ ટેલ ઉષાબેન મંગળભાઈ (વાવોલ)
૪૬ પટેલ શારદાબેન હસમુખભાઈ (વાવોલ)
૪૭ ઠક્કર રીટાબેન જયેશકુમાર (વસ્ત્રાપુર)
૪૮ ચોકસી ઈલાબેન નરેન્દ્રકુમાર (દરિયાપુર)
૪૯ ચોકસી નરેન્દ્રકુમાર શાંતિલાલ (દરિયાપુર)
૫૦ સાં.યો. રંજનબા, નાનીબેન (સ્વા. મંદિર બહેનોનું વિરાટનગર)
૫૧ પટેલ કૈલાસબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૫૨ પટેલ રૂપલ એન. (લુણાવાડા)
૫૩ જેતલપુર સાંખ્યયોગી બહેનો (જેતલપુર)
૫૪ સાં.યો. દર્શાનાબેન ગુરુ સુરજબા, ઝવેરબા
૫૫ બારોટ ધર્મિષ્ઠાબેન બળદેવભાઈ (ઝુલાસણ)

# સત્સંગ સમાચાર

### વિજાપુરમાં પૂ. વજીબાની સ્મૃતિમાં પૂનમે ચાલતી અખંડ સભા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સંતોની પ્રેરણાથી મહા પ્રસાદી ભૂત તીર્થ ક્ષેત્ર વિજાપુરમાં પૂ. વજીબાની સ્મૃતિમાં દર પૂનમે અખંડ સભાનું સુંદર આયોજન થાય છે.

તા. ૪-૫-૧૫ પૂનમના રોજ નૂતન ભવ્ય મંદિરમાં સુંદર સત્સંગ સભામાં વજાપુર, સાંકાપુરા, ભીમપુરા, રણછોડપુરા, ભાણપુર, ધનપુરા, ગણેશપુરા, હીરાપુરા, જેપુર, હાથીપુરા, ખણુસા, પિલવાઈ, વેડા, માણેકપુરા, બદપુરા અને ઈશ્વરપુરા આદિ ગામોથી હરિભક્તો પદયાત્રા કરતા પધારે છે. સત્સંગ સભામાં આપણા સંતો કથા વાર્તાનો લાભ આપે છે. આ સભામાં શા. કૂંજવિહારી સ્વામીએ કથાનો સુંદર લાભ આપ્યો હતો. છેલ્લે સૌએ પ્રસાદ લઈ વિદાય થયા હતા.

(શા. સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી)

### શ્રી સ્વામિનારાયણ મંદિર મહાદેવનગર દ્વિદશાબ્દી મહોત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અમદાવાદ શ્રી નરનારાયણદેવ તાબાના શ્રી સ્વામિનારાયણ મંદિર મહાદેવનગરનો દ્વિદશાબ્દી મહોત્સવ પૂ. દેવ સ્વામી (નારણઘાટ મહંતશ્રી) તથા પૂ. શા. પી.પી. સ્વામી (ગાંધીનગર મહંતશ્રી)ની પ્રેરણાથી તા. ૧૫-૫-૨૦૧૫ થી તા. ૨૦-૫-૨૦૧૫ દરમ્યાન વિધિવત રીતે ઉજવાયો.

આ મહોત્સવમાં અત્રેના સત્સંગીઓની તન, મન અને ધનની સેવાથી ઉત્સવ ધામધૂમથી સંપન્ન થયો.

આ પ્રસંગે શ્રીમદ્ સત્સંગિભૂષણ પંચાન્હ રાત્રીય પારાયણ સ.ગુ.શા.સ્વા. રામકૃષ્ણદાસજીના (કોટેશ્વર)ના વક્તાપદે સંગીતના મધુર સુર સાથે થઈ હતી. સાથે સાથે શ્રી હનુમાનજી મહારાજ તથા શ્રી ગણતીજી મહારાજની પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા, મારૂતિ યજ્ઞ, ૧૨ કલાકની મહામંત્રધૂન, આદિ કાર્યક્રમો પણ થયા હતા. કથાની પૂર્ણાહુતિ સ.ગુ. પૂજ્ય મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (કાલુપુર મંદિરના મહંતશ્રી)ના વરદ્ હસ્તે થઈ હતી.

તા. ૨૦-૫-૧૫ પૂર્ણાહુતિના શુભ દિને પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા અને ઠાકોરજીની અન્નકૂટ આરતી તથા શ્રી હનુમાનજી, શ્રી ગણપતિજીની પુનઃ પ્રતિષ્ઠાની આરતી ઉતારી હતી. ત્યારબાદ સભામાં બિરાજમાન થઈ સૌ ભક્તોને રાજી થઈ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર પ્રસંગમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તથા મહિલા મંડળની સેવા પ્રેરણારૂપ હતી. સમગ્ર મહોત્સવનું આયોજન તથા સંચાલન સ.ગુ.શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીએ કર્યું હતું.

(કોઠારીશ્રી મહાદેવનગર)

### વડનગર શ્રી ઘનશ્યામ મહારાજનો ૫૪ મો વાર્ષિક પાટોત્સવ

ઐતિહાસિક અને ધાર્મિક નગરી વડનગર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન અલૌકિક મૂર્તિ શ્રીઘનશ્યામ મહારાજનો ૫૪ મો વાર્ષિક પાટોત્સવ પ.પૂ. મોટા મહારાજશ્રીના સાનિધ્યમાં તા. ૩૧-૫-૧૫ ના રોજ પ.ભ. ભાવસાર કિરીટભાઈ અમૃતલાલ (વડનગર હાલ મુંબઈ) પરિવારના યજમાન પદે વિધિવત રીતે ઉજવાયો. શ્રી ઘનશ્યામ મહારાજનો ષોડશોપચાર મહાભિષેક મહા આરતી અને અન્નકૂટોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમદાવાદ મંદિરના મહંત સ.ગુ.શા.સ્વા. હરિકૃષ્ણદાસજી તથા વડનગરના મહંત સ.ગુ. શા.સ્વા. નારાયણવલ્લભદાસજી તથા કોઠારી શા.સ્વા. વિશ્વપ્રકાશદાસજી, સિધ્ધપુર મહંત શા. ચંદ્રપ્રકાશદાસજી, મહંત શા. સ્વા. સિધ્ધેશ્વરદાસજી (માણસા) કોઠારી શા.સ્વા. નારાયણમુનિદાસજી (અમદાવાદ) તથા શા.સ્વા. અજયપ્રસાદદાસજી આદિ સંતો મહંતોએ પ્રસંગોચિત પ્રવચન કરી યજમાનશ્રીના પરિવારની સેવાને બિરદાવી હતી. પૂજારી સ્વામી ધર્મકિશોરદાસજી ગુરુ શા.સ્વા. નારાયણવલ્લભદાસજી ને પ.પૂ. મોટા મહારાજશ્રીએ રાજીપાનો હાર પહેરાવ્યો હતો.

છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીએ વડનગર મંદિર અને વડનગર ગામ આજે વિશ્વના પટ ઉપર સુપ્રસિદ્ધ બન્યું છે. તેમ કહી પાટોત્સવના યજમાન પરિવાર અને સમસ્ત ભક્તોને રાજી થઈ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સ.ગુ. મહંત શા. સ્વામી નારાયણવલ્લભદાસજીએ સુંદર સભા સંચાલન કર્યું હતું. (નવિનચંદ્ર એમ. મોદી, વડનગર)

### ભાભર (બનાસકાંઠા) ગામે એકાદશી સત્સંગ સભા

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા અમદાવાદ કાલુપુર મંદિરના મહંત સ.ગુ. શા. સ્વામી હરિકૃષ્ણદાસજીની પ્રેરણાથી અત્રે ભાભર ગામે જેઠ વદ-૧૧ ને તા. ૧૨-૫-૧૫ ના રાત્રે જલારામ મંદિરમાં ભવ્ય સત્સંગ સભાનું આયોજન થયું હતું.

આ પ્રસંગે અમદાવાદ કાલુપુર સ્વામિનારાયણ મંદિરના કોઠારી શા.સ્વા. નારાયણમુનિદાસજી, શા. સ્વા. કુંજવિહારીદાસજી, સ.ગુ. શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (ગાંધીનગર) આદિ સંત મંડળે મૂળ સંપ્રદાય, ધર્મકુળ આશ્રિત-આજ્ઞામાં વર્તતા સંતો અને ધર્મકુળ સ્થાપિત દેવ મંદિરની વિશેષતા, મહિમા અને માહાત્મય સૂપેરે સમજાવ્યું હતું. હરિભક્તોની વિશાળ સંખ્યા સભામાં હતી. અ.નિ. પ.ભ. નરભેરામભાઈ મોતીરામભાઈ કાનાબારને ભાવ ભીની શ્રધ્ધાંજલિ આપી મહામંત્ર ધૂન કરવામાં આવી હતી.

શ્રી નરનારાયણ સ્વામિનારાયણ સત્સંગ ભાભર મંડળ દ્વારા દર એકાદશીએ સત્સંગ સભા થાય છે. જેમાં ઘણા હરિભક્તો લાભ લે છે. (રમેશભાઈ એન. કાનાબાર)

**કાલીયાણામાં અન્નપૂર્ણેશ્વર મહાદેવ પ્રતિષ્ઠા**

સર્વોપરિ શ્રીજી મહારાજ સત્સંગ વિચરણ કરતાં કુંડળ, કડી, રામપુરા, ભંકોડા થી કાલીયાણા પધારી સૌને દર્શનનું સુખ આપી અને ગામને પવિત્ર તીર્થભૂમિ બનાવી છે. તેજ સમયનું અતિ પ્રાચીન અન્નપૂર્ણેશ્વર મહાદેવજીનું મંદિર જીર્ણ થતા ગામના સર્વે હરિભક્તોના સહયોગથી નૂતન મંદિર નિર્માણ થતા જેઠ સુદ-૭ સોમવારના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે પ્રાણ પ્રતિષ્ઠા ધામધૂમથી થઈ હતી. સભામાં અત્રેના વડીલ હરિભક્તો પ.ભ. ડાહ્યાભાઈ બૂટીયા અને પ.ભ. ભીખાભાઈ કોઠારીએ પ.પૂ. મોટા મહારાજશ્રીને પુષ્પહાર પહેરાવી આશીર્વાદ મેળવ્યા હતા. સમસ્ત ગામના ભક્તોને પ.પૂ.મોટા મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. (અરજણભાઈ ગો. મોરી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર માણસા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર માણસા ખાતે જેઠ સુદ-૧૦ શ્રીહરિ અંતર્ધાન તિથિ નિમિત્તે અત્રેના મહંત શા. સિધ્ધેશ્વરદાસજીના માર્ગદર્શનથી શાસ્ત્રી સ્વામી માધવપ્રિયદાસે કથા વાર્તા કરી હરિભક્તોને સુંદર લાભ આપ્યો હતો.

(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, માણસા)

**બોર ગામે સત્સંગ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તા. ૧૬-૬-૧૫ ના રોજ બોર ગામે શા. માધવપ્રિયદાસે (માણસા) હરિભક્તોને કથા વાર્તા કરીને સુંદર લાભ આપ્યો હતો. યુવક મંડળે ધૂન-ભજન કીર્તન કરીને સૌને રાજી કર્યા હતા. (યુવક મંડળ - બોર)

**હર્ષદ કોલોની મંદિર**

પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી બહેનોના શ્રી સ્વામિનારાયણ મંદિર હર્ષદ કોલોની ખાતે જેઠ સુદ-૧૦ ના શ્રી સ્વામિનારાયણ ભગવાનની અંતર્ધાન તિથિ નિમિત્તે બહેનોએ સવારના ૭-૦૦ થી સાંજના ૭-૦૦ સુધી અખંડ મહામંત્ર ધુન કરી હતી. એપ્રોચ મંદિરમાં પણ ૨ કલાક ધૂન-ભજન કીર્તન થયા હતા.

(ગોરધનભાઈ સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર જરવલા પુનઃ મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા પૂ. સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂ. શા. પી.પી. સ્વામી (જેતલપુરધામ)ની પ્રેરણા માર્ગદર્શનથી જરવલામાં નૂતન હરિ મંદિર નિર્માણ કાર્ય પૂર્ણ થતા તા. ૧૫-૫-૨૦૧૫ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વદ્ હસ્તે મૂર્તિ પ્રતિષ્ઠા વેદ વિધિસર સંપન્ન થઈ હતી. આ પ્રસંગના ઉપલક્ષમાં શા. સ્વામી દેવસ્વરૂપદાસજી (જયપુર મહંતશ્રી)એ શ્રીમદ્ સત્સંગિજીવન કથાનું રસપાન કરાવ્યું હતું. ગામના સર્વ હરિભક્તોએ તન, મન અને ધનથી સેવા કરી હતી.

સમગ્ર પ્રસંગમાં જેતલપુર મંદિરના મહંત કે.પી. સ્વામી, વાસણા અંજલી મંદિરના મહંત વી.પી. સ્વામી, વયોવૃદ્ધ શ્યામ સ્વામી, સ.ગુ. શાસ્ત્રી ભક્તિ સ્વામી આદિ સંતો વ્યવસ્થામાં જોડાયા હતા. (બૂટીયા ડાહ્યાભાઈ કાલીયાણા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર સત્સંગ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર ખાતે તા. ૧૪-૬-૨૦૧૫ ના રોજ સત્સંગ સભાનું સુંદર આયોજન થયું હતું. અત્રે મંદિરના મહંત સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા સ્વામી કૃષ્ણપ્રકાશદાસજીએ ભગવાનના મહિમાની વાતો કરી હરિભક્તોને રાજી કર્યા હતા. પ.ભ. પટેલ રામાભાઈ ડાહ્યાભાઈ (પ્રેમપુરા) તરફથી ભોજન પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. (આર.બી. પટેલ - હિંમતનગર)

**પાટણ ખાતે સત્સંગ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર પાટણ ખાતે તા. ૧૨-૬-૨૦૧૫ યોગીની એકાદશીના સુંદર સભા થઈ હતી.

આ પ્રસંગે હિંમતનગર મંદિરના મહંત શા. પ્રેમપ્રકાશદાસજી અને સંત મંડળે એકાદશી મહિમા, શ્રીજી મહારાજનો મહિમા અને ધર્મકુળ મહિમાની વાતો કરી હરિભક્તોને રાજી કર્યા હતા. (પ્રકાશભાઈ સોની - પાટણ)

**સોલૈયા (તા. માણસા જી. ગાંધીનગર) મંદિર માટે જમીન સંપાદન થઈ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા ગાદીવાળાશ્રીની પ્રેરણાથી છેલ્લા ત્રણ વર્ષથી સોલૈયા ગામે સાંખ્યયોગી બહેનોના મંડળ દ્વારા સત્સંગ સભાનું અવાર-નવાર આયોજન થાય છે. જેથી અહીં નો સત્સંગ વૃદ્ધિ પામતા અને સત્સંગ સભાના ફળ સ્વરૂપે સમગ્ર સોલૈયા ગામના ભક્તોની અહીં મંદિર માટેની તીવ્ર માંગણી હોઈ, જેથી મંદિર માટે ભૂમિ (જમીન) સંપાદન કરવામાં સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (જેતલપુર)ના માર્ગદર્શન હેઠળ જેમણે સહયોગ આપ્યો છે એવા પ.ભ. ચૌધરી પોપટભાઈ, પીથુભાઈ, ગોવિંદભાઈ, નાગજીભાઈ, મફાભાઈ, પ્રહલાદભાઈ..... વગેરે તથા બાલવા મંદિરના કોઠારી તથા શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સેવા પ્રેરણારૂપ હતી. અત્રે શ્રી નરનારાયણદેવ તાબાના નૂતન મંદિર નિર્માણથી અનેક નવા મુમુક્ષુ થશે. (સત્સંગ સમાજ સોલૈયા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઈડર પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સમગ્ર ધર્મકુળના રાજીપાથી તથા અત્રેના મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજીની પ્રેરણાથી એવં સ.ગુ. શા. સ્વામી ઘનશ્યામજીવનદાસજી (લાલોડા)ના રાજીપાથી ઈડર મંદિરમાં બિરાજમાન શ્રી ગોપીનાથજી હરિકૃષ્ણ મહારાજનો તા. ૩૦-૫-૨૦૧૫ ના રોજ પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. સંતો દ્વારા ઠાકોરજીનો ષોડશોપચાર અભિષેક બાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ અન્નકૂટ આરતી ઉતારી હતી.

પ્રાસંગિક સભામાં ધામો ધામના સંતો અમદાવાદ, ઈડર, લાલોડા, ટોરડા, વડનગર, સાપાવાડા, હિંમતનગર, પેથાપુર, માણસા અને શોકલીના સ.ગુ. શાસ્ત્રી સ્વામી રઘુવીરચરણદાસજી, શા. સ્વા. હરિજીવનદાસજી, શા.સ્વા. ધર્મપ્રવર્તકદાસજી, સા.ગુ.શા. સ્વામી નારાયણવલ્લભદાસજીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. કોઠારી એસ. એસ.સ્વામીએ સુંદરઆયોજન કર્યું હતું. પાટોત્સવના યજમાન પ.ભ. રેવાભાઈજેઠાભાઈ તથા પ.ભ. નરેશભાઈ રેવાભાઈ અને પ.ભ. કમલેશભાઈ રેવાભાઈ પટેલ આદિ પરિવારે પ.પૂ. મહારાજશ્રીનું પૂજન અર્ચન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા. સભા સંચાલન શા. કુંજવિહારીદાસે કર્યું હતું. અત્રેના સંત-પાર્ષદ મંડળની સેવા પ્રેરણારૂપ હતી.

(પૂજારી અજયપ્રકાશદાસજી - પૂજારી કપિલમુનિદાસ)

### મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

#### શ્રી સ્વામિનારાયણ મંદિર સુરેન્દ્રનગરના આગામી દશાબ્દી મહોત્સવ નિમિત્તે મૂળી દેશના ગામોમાં અખંડ ધૂન

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સુરેન્દ્રનગર મંદિરના મહંત સ્વામીના શુભ સંકલ્પથી શ્રી સ્વામિનારાયણ મંદિર સુરેન્દ્રનગરના આગામી દશાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં અનેક વિધ કાર્યક્રમો પૈકી મુળી દેશના ૧૨૫ ગામોમાં ૧૨ કલાકની શ્રી સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂનનું આયોજન પૈકી નીચેના ગામોમાં ધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમા ચૂડા, હળવદ, ઘાટીલા, ખાખરેચી, ભરાડા તેમજ ખાખરિયા દેશમાં ધરમપુર, મેડા, કલ્યાણપુરા, આદિ ગામોમાં ૧૨ કલાકની અખંડ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન સાથે સત્સંગ સભાનું પણ આયોજન થયું હતું. જેમાં કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજી, શા. સ્વા. પ્રેમવલ્લભદાસજી, પૂજારી સ્વામી નિત્યપ્રકાશદાસજી, પાર્ષદ રવિ ભગત આદિ સંત મંડળે દેવ-ગાદી સ્થાનનો મહિમા સાથે ભગવાન સંબંધી કથા વાર્તા કરી હરિભક્તોને રાજી કર્યા હતા. મોટી સંખ્યામાં ભક્તોએ ધૂનમાં લાભ લીધો હતો.

#### સર્વોપરિ ધામ છપૈયા અને અયોધ્યા મંદિરમાં અખંડ ધૂન

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર સુરેન્દ્રનગરના આગામી દશાબ્દી મહોત્સવ નિમિત્તે સર્વાવતારી સર્વોપરી શ્રી ઘનશ્યામ મહારાજની પ્રાકટ્યભૂમિ છપૈયા અને અયોધ્યાના આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ૧૨ કલાકની અખંડ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનનું અલૌકિક આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગમાં ખાસ તો આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. સાથે અત્રેના મહંત બ્ર. સ્વા. વાસુદેવાનંદજી, જેતલપુર ધામના પૂ.પી.પી. સ્વામી, અયોધ્યા મંદિરના મહંત દેવ સ્વામી, કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજી ભક્તિહરિ સ્વામી અને જીષ્ણુ સ્વામી આદિ સંતો-હરિભક્તોએ ભગવાન શ્રીહરિની જન્મભૂમિમાં શ્રીહરિના અપર સ્વરૂપ સાથે અખંડ મહામંત્ર ધૂન કરી હતી.

(શૈલેન્દ્રસિંહ ઝાલા)

#### શ્રી સ્વામિનારાયણ મંદિર ચરાડવા પૂજ્ય અ.સૌ. મોટા બહેનજીના અક્ષરવાસ નિમિત્તે મહામંત્ર ધૂન

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર ચરાડવામાં પૂ. મહંત સ્વામી અને સંતોની પ્રેરણાથી પ.પૂ. મોટા મહારાજશ્રીના બહેનશ્રી પૂ. મોટા બહેનના અક્ષરવાસ નિમિત્તે જેઠ વદ એકાદશીના રોજ શ્રી સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂન કરી શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં જેઠ સુદ-૧૦ શ્રીહરિ અંતર્ધાન તિથિ નિમિત્તે અખંડ ધૂન કરવામાં આવી હતી. પ.પૂ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ૪૩ માં પ્રાકટ્યોત્સવના ઉપલક્ષમાં ઘનશ્યામનગર અને ભક્તિનગર ગામે પૂ. શા.સ્વા. નિર્ગુણદાસજી અને અત્રેના મહંત સ્વામી અને સંત મંડળે પધારીને કથાવાર્તા કરીને સુંદર લાભ આપ્યો હતો. (શ્રી ન.ના.દેવ યુવક મંડળ, ચરાડવા)

### વિદેશ સત્સંગ સમાચાર

#### શ્રીમદ્ ભાગવત પંચાહ્ન પારાયણ શ્રી સ્વામિનારાયણ મંદિર પર્થ (ઓસ્ટ્રેલીયા)

શ્રી સ્વામિનારાયણ મંદિર પર્થ ઓસ્ટ્રેલીયાને આંગણે શ્રીમદ્ ભાગવત પંચાહ્ન પારાયણ ઉત્સવ તા. ૩-૬-૨૦૧૫ થી તા. ૭-૬-૨૦૧૫ દરમ્યાન ખૂબજ ધામધૂમથી ઉજવવામાં આવ્યો. મહોત્સવના યજમાન પદે પ.ભ. શ્રી રવજીભાઈ ગાંગજી હાલાઈ પરિવાર (ગામ કુંદનપુર), પ.ભ. શ્રી ધનજીભાઈ નાનજી હાલાઈ પરિવાર (ગામ મેધપર), પ.ભ. શ્રી ચંદ્રકાન્ત ધનજી પિંડોરીયા પરિવાર (ગામ માધાપર) અને પ.ભ. શ્રી જગદીશભાઈ રવજી જેસાણી પરિવાર (ગામ બળદિયા)ના હરિભક્તોએ પિતૃ મોક્ષાર્થે તથા શ્રીજી પ્રસન્નાર્થે ભાગ લઈને સદ્ લક્ષ્મીનો ધર્મ કાર્યે વ્યય કરીને શ્રીજી મહારાજનો અપાર રાજીપો મેળવ્યો છે. પારાયણ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પધારીને ચાર-ચાર દિવસ સુધી દર્શન - પૂજન - પધરામણીનો લાભ આપીને હરિભક્તોને રાજી કર્યા હતા. તથા શ્રી નરનારાયણદેવ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદથી પૂ. શા. સ્વામી પી.પી. સ્વામી તથા પૂ. શા. સ્વામી રામકૃષ્ણદાસજી તથા પૂ. શા. સ્વામી બાલસ્વરૂપદાસજી તથા પૂ. શા. સ્વામી ગોપાલજીવનદાસજી પધાર્યા હતા. કથા પારાયણના વક્તા પદે શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજીએ વ્યાસાસને બિરાજીને ભાગવત ભાગીરથી કથામૃતનું વિવિધ પ્રસંગો ખૂબજ સરળ મધુર શૈલીમાં સંભળાવીને શ્રોતાજનોને ભાવવિભોર કરીને ભક્તિ રસમાં તરબોળ કર્યા હતા. તા. ૨-૬-૨૦૧૫ ને મંગળવારના રોજ મંદિર પરિસરમાં બેન્ડવાજા - લેઝીમદળ - ભજન મંડળી તથા સમસ્ત ભક્તજનો સાથે વાજતે ગાજતે વિશાળ પોથીયાત્રા પ્રસંગ ઉજવેલ તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું સ્વાગત સામૈયુ શનિવાર તા.

૬-૬-૨૦૧૫ ને સાંજે બેન્ડવાજા - લેઝીમદળ - ભજનમંડળી તથા સમસ્ત ભક્તજનો સાથે ધામધૂમથી દબદબાપૂર્વક કરવામાં આવેલ. શ્રીકૃષ્ણ જન્મ - બાલ લીલા ચરિત્ર - ભરતજી આખ્યાન - શિવપાર્વતી કથા - દક્ષયજ્ઞ વિગેરે વિવિધ પ્રસંગોને સહજ સરળ ભાષામાં વક્તાશ્રીએ રસ પાન કરાવેલ. પારાયણ પ્રસંગે મંદિરમાં ડેકોરેશન - પારણીયું શણગાર - પ્રસાદ - ભોજન વ્યવસ્થા વિગેરેમાં હરિભક્તોના સાથ સહકારથી પ્રસંગ ખૂબજ આનંદપૂર્વક સુખ રૂપ પૂર્ણ કરેલ.

(મંત્રીશ્રી જયેન્દ્રભાઈ સોની)

**નેપાળ ભૂકંપગ્રસ્તો માટે આઈ.એસ.એસ.ઓ. 'સેવા' સંસ્થા દ્વારા સહાય**

શ્રી નરનારાયણદેવ દેશ સંસ્થાપિત આપણા ઈન્ટર નેશનલ શ્રી સ્વામિનારાયણ સત્સંગ ઓર્ગેનાઈઝેશન (આઈ.એસ.એસ.ઓ.)ની 'સેવા' સંસ્થાના વડા આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના નેતૃત્વ-આજ્ઞાથી આપણી આ 'સેવા' સંસ્થા દેશ વિદેશમાં કુદરતી આફતો-સંકટમાં લોકોની ત્વરિત મદદ કરીને માનવતાનું ઉત્તમ ઉદાહરણ 'સેવા' દ્વારા પુરુ પાડે છે.

હમણા નેપાળ ખાતે ભયંકર ભૂકંપમાં અનેક લોકો માર્યા ગયા. હજારો લોકો બેઘર બન્યા. ઘણાએ પરિવાર ગુમાવ્યા. આવા સંકટના સમયે આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તમામ વિદેશ વસતા સત્સંગીઓને નેપાલ હોનારતમાં સહાય કરવા અપીલ કરવામાં આવી. અને જોતજોતામાં ૨૫૦૦૦ હજાર ડોલર ભેગા કરવામાં આવ્યા.

ભૂકંપગ્રસ્ત વિસ્તારમાં તાત્કાલિક રાહત સામગ્રીની વહેંચણીમાં આઈ.એસ.એસ.ઓ. 'સેવા' ડાયરેકટ નેપાળની સ્વાસ્થ્ય મંત્રાલયના સહયોગમાં ડાયરેકટ રીલીફ દ્વારા ચીજ વસ્તુઓ પહોંચાડવામાં આવી.

આ ઉપરાંત લગભગ ૭૫ થી ૧૦૦ ટન જેટલી મેડીકલ ચીજ વસ્તુઓ એમ.ડી.-૨ કાર્ગોપ્લેનની ફ્રી સેવા માટે સીધા રીલીફ, ફેડેક્ષ અને અન્ય તમામે સહયોગ આપીને તાત્કાલીક મદદ મોકલી છે. તેમની પાસે લગભગ ૬૦ જેટલા લેક્ષટર-IV ફ્લ્યુડસ છે. દવાઓ તેમજ અન્ય જીવન જરૂરી વસ્તુઓના ૮૦ પેલેટસ રવાના કરવામાં આવ્યાં.

આપણી આ સંસ્થા નહીં નફોની નીતિ રાખી એક આંતરરાષ્ટ્રીય માનવીય સંસ્થા છે. જેના મુખ્ય વડા આપણા પ.પૂ. મહારાજશ્રી છે. સ્વાસ્થ્ય અને બિમારીની બાબતમાં કમનસીબ લોકોએ તેમજ કુદરતી આફત કે આફતજનક પરિસ્થિતિ જેવી ઘટનામાં દાકતરી નિષ્ણાંતોના અભાવથી પીડિત લોકોને સહાય કરવી એ આપણો મુખ્ય ધર્મ અને ધ્યેય છે.

આપણા સ્થાનિક હરિભક્તોના સુંદર સહકારથી આપણી માનવીય સહાય-સેવાઓ ધીરે ધીરે ખૂબજ વિસ્તાર પામી છે. થોડા સમયમાં આપણે જરૂરીયાત મંદ લોકોને મુશ્કેલીના સમયે સંસાધનો પુરી પાડીશું.

આપણી આઈ.એસ.એસ.ઓ.ની સ્થાપના ઈ.સ. ૧૯૭૮ માં પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ કરી હતી.

આજે ભારત દેશની બહાર તેના ૫૦ થી વધુ કેન્દ્રો આવેલા છે. અમેરિકામાં ૨૫ થી વધુ ચેપ્ટરો કાર્યરત છે.

આઈ.એસ.એસ.ઓ. ન્યુજર્સી, મેસેચ્યુ સેટસ, ફલોરિડા, ઓહીયાવો, મીશીગન, ઈલી નોઈસ, જ્યોર્જીયા, કેલિફોર્નિયા ને ટેકસાસ ઉપરાંત દેશભરમાં બીજા ઘણા સ્થાન ઉપર સ્થાનિક ચેપ્ટર્સ અને કેન્દ્રો ચલાવે છે.

વધુ માહિતી માટે સંપર્ક
ડૉ. જિજ્ઞેશ શાહ : **732-423-0151**
ઉપર કે **jshahmd@gmail.com**
**www.issoseva.org OR**
**www.issousa.org**

**શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા**

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયામાં આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી યોગીની એકાદશીના પર્વ નિમિત્તે મહંત શા.સ્વા. ધર્મકિશોરદાસજી અને હરિભક્તોએ સાથે મળી ધૂન-ભજન એકાદશીના પદો ગાઈને કીર્તનની રમઝટ બોલાવી હતી. સ્વામીએ એકાદશીનું માહાત્મ્ય સમજાવ્યું હતું. સેવા કરનાર યજમાનોનું ફુલહાર પહેરાવી સન્માન કરવામાં આવ્યું હતું. પ.પૂ. મોટા મહારાજશ્રીના પૂ.બહેનશ્રીના અક્ષરવાસ નિમિત્તે ધૂન કરવામાં આવી હતી. (પ્રવિણ શાહ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વિહોકન ૨૮ મો પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર વિહોકન ન્યુજર્સી ૧૬ મે શનિવારના સવારના ૯-૦૦ થી ૩-૦૦ દરમ્યાન પૂ. મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી (જેતલપુર), સ.ગુ. શા.સ્વા. ભક્તિનંદનદાસજી (જેતલપુર), શા.સ્વા. યજ્ઞપ્રકાશદાસજી (કાંકરિયા), શા.સ્વા. નરનારાયણદાસજી, શ્રીજી સ્વામી, મહંત શા. સત્સંગભૂષણદાસજી, બ્રહ્મ સ્વામી, શા. ધર્મકિશોર સ્વામી આદિ સંત મંડળની શુભ ઉપસ્થિતિમાં ૨૮ મો પાટોત્સવ ભવ્યતાથી ઉજવાયો. સવારે ૯-૦૦ કલાકે ઠાકોરજીનો ષોડશોપચાર અભિષેક પૂ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી અને સંતોએ વિધિપૂર્વક ષોડશોપચારપૂર્વક કર્યો ત્યારે ભક્તોની દર્શનની ભીડ ખૂબજ હતી. સભામાં ધૂન-કીર્તનની રમઝટ ચાલી હતી. હરિભક્તોએ તમામ પધારેલા સંતોનું ફુલહાર પહેરાવી પૂજન કર્યું હતું અને અન્ય મહાનુભાવોનું સ્વાગત પ્રેસિ. ભક્તિભાઈ, પંકજભાઈ તથા કમિટીના સભ્યો દ્વારા કરવામાં આવ્યું. યજમાનોનું પણ ફુલહારથી સન્માન કરવામાં આવ્યું. સમૂહ મહાપૂજામાં ઘણા ભક્તોએ સજોડે લાભ લીધો હતો. બપોરે ૨-૦૦ વાગ્યે ભવ્ય અન્નકૂટ દર્શન કરાવ્યા હતા.

અત્રે ભારતથી પધારેલા પૂ. મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી (જેતલપુર) અને સંત મંડળે સભામાં સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા હતા. (પ્રવિણ શાહ)

**અમેરિકામાં પારસીપની છપૈયાધામ મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા**

સૌ પ્રથમ અમેરિકામાં પ.પૂ. મોટા મહારાજશ્રીએ સત્સંગનો વ્યાપ વધે અને મૂળ સંપ્રદાય અને શ્રી નરનારાયણદેવ દેશ તાબા હેઠળ સત્સંગની વિશેષ પ્રવૃત્તિ-

મંદિરોનું નિર્માણ થાય તેવા હેતુથી ઈન્ટરનેશનલ સ્વામિનારાયણ સત્સંગ ઓર્ગેનાઈઝેશન નામની સંસ્થા સ્થાપી. ત્યારથી વિદેશોમાં અમેરિકા, ન્યુઝિલેન્ડ, ઓસ્ટ્રેલીયા, યુરોપ, કેનેડામાં મંદિરોનું નિર્માણ થતા આપણા હરિભક્તોને દર્શન-કથાવાર્તાનું સુખ મળતા ભાવિ પેઢીમાં પણ સત્સંગ ઉત્તરત્તર વધતો ગયો. વર્તમાન શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પણ દેશ-વિદેશમાં સતત વિચરણ કરે છે. અનેક મંદિરોનું નિર્માણ કર્યું છે. અમેરિકામાં દર વર્ષે ૨ થી ૩ મંદિરો નવા થતા રહે છે. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી દેશ-વિદેશમાં રાત-દિવસ સત્સંગની પ્રવૃતિમાં જ વ્યસ્ત હોય છે.

ગત ૧૭ થી ૨૪ મે ૨૦૧૫ દરમ્યાન અમેરિકામાં ન્યુજર્સીના પારસીપનીમાં ભવ્ય મંદિરનું નિર્માણ થતા મૂર્તિ પ્રતિષ્ઠાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ ભાગવત કથાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ દિને રવિવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પૂ. બિન્દુરાજા (પૂ. બહેનજી), શ્રી સૌમ્યકુમાર, શ્રી સુવ્રતકુમાર એમ ધર્મકુળ પરિવાર તથા પૂજનીય સંતોમાં પૂ. શા.સ્વા. આત્મપ્રકાશદાસજી (જેતલપુર) તેમજ આપણા અત્રે આઈ.એસ.એસ.ઓ. ચેપ્ટરોમાંથી પધારેલા સંતો-મહંતો હરિભકતો અને વક્તા શ્રી યોગેન્દ્રભાઈ ભટ્ટ અને યજમાન પરિવારની ઉપસ્થિતિમાં ભવ્ય પોથીયાત્રા ધામધૂમપૂર્વક વાજતે ગાજતે નૂતન મંદિરથી નીકળીને મુખ્ય હોલમાં સુવર્ણ ચાંદી જડીત ભવ્ય સિંહાસન સમક્ષ વ્યાસપીઠ પર પધરાવવામાં આવી. આરતીમાં યજમાન સાથે હરિભક્તો પણ જોડાયા હતા. રોજે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ નિશ્રામાં અને પૂજ્ય સંતોની શુભ ઉપસ્થિતિમાં હજારો હરિભક્તો કથા શ્રવણ કરવા પધારતા હતા. ત્રિદિનાત્મક મહાવિષ્ણુયાગમાં પ.પૂ. મહારાજશ્રી સાથે યજમાનોએ આરતીનો લાભ લીધો હતો. સમૂહ મહાપૂજામાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની શુભ નિશ્રામાં ઘણા ભક્તોએ લાભ લીધો હતો.

તા. ૨૪ મે ૨૦૧૫ રવિવારના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાન આદિ દેવોની ષોડશોપચાર અભિષેક કરી પ્રાણ પ્રતિષ્ઠાની આરતી ઉતારી ત્યારે હજારો હરિભક્તોએ દર્શન કરી જીવનને ધન્ય બનાવ્યું.

આ પ્રસંગે હરિભક્તો દ્વારા રાસ ગરબા સુંદર થયા હતા. સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે અન્ય મહાનુભાવો, મેયર, કાઉન્સીલર તથા યજમાન પરિવારનું સન્માન કરવામાં આવ્યું હતું. નૂતન પ્રકાશન પુસ્તક તથા સીડીનું વિમોચન પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે વિધિવત રીતે થયું.

સર્વે હરિભક્તોએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના ચરણ સ્પર્શ દર્શન કરી છેલ્લે રૂડા આશીર્વાદ મેળવી - અન્નકૂટ દર્શન કરી મહાપ્રસાદ ગ્રહણ કરી છૂટા પડ્યા હતા. (પ્રવિણ શાહ)

**પ.ભ. ડૉ. કાંતિભાઈ પટેલને મેડીકલનો ઈનોનેટર અને ફીલાન્થ્રોપ્રિસ્ટ ઈન્ડીયન હોલ ઓફ ફેમ એવોર્ડ**

ઓકલેન્ડ ન્યુઝિલેન્ડના મનાકુ જીપી બિજનેસમેન ત્યાંના પ્રતિષ્ઠિત સમુદાયના અગ્રણી એવા આપણા પ.ભ. ડૉ. કાંતિભાઈ પટેલનો ઈન્ડીયન હોલ ઓફ ફેમમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

ઓકલેન્ડની એક પ્રસિદ્ધ હોટલમાં ગત સપ્તાહે યોજાયેલ એવોર્ડ સમારંભમાં **ન્યુઝિલેન્ડના વડા પ્રધાન શ્રી જહોન કે દ્વારા ડૉ. કાંતિભાઈ પટેલને 'હોલ ઓફ ફેમ'માં સમાવેશ કરીને તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું.**

ઈ.સ. ૧૯૭૭ ની સાલથી ઓટારા સીટીમાં મેડીકલ પ્રેકટીશ શરૂ કરનારા ડૉ. કાંતિભાઈ હાલ નિર્વાણ હેલ્થ ગ્રૃપના સ્થાપક અને ડાયરેકટર છે. જે ગૃપ આજે ન્યુઝિલેન્ડમાં જનરલ પ્રેકટીશ કરનારું પ્રાઈવેટ કલિનિક ધરાવનારું સૌથી મોટું નેટવર્ક છે.

રોયલ ન્યુઝિલેન્ડ કોલેજ ઓફ જનરલ પ્રેકટીસનર્સના માનવંતા સદસ્ય, વોન્કા (વર્લ્ડ ઓર્ગેનાઈઝેશન ઓફ નેશનલ કોલેજીસ, એકેડેમીસ અને એકેડેમીક એસોશિએશન ઓફ ફેમીલી ફીજીસયન્સ)ના સદસ્ય ભારતીય સમૂદાય અને દવાઓમાં સેવાઓ બદલ કવિન્સ સર્વિસ મેડલ મેળવનાર આપણા ડૉ. સાહેબ એ ન્યુઝિલેન્ડના સૌ પ્રથમ મેઈનસ્ટ્રીમ પ્રાઈમરી હેલ્થ ઓર્ગેનાઈઝેશન ટોટલ હેલ્થકેર ચેરિટીબેલ ટ્રસ્ટના સ્થાપક ટ્રસ્ટી છે.

તેઓની ઈસ્ટ તમાકી હેલ્થ કેરને પણ બિજનેશ ઈનોવેશન અને સ્ટ્રેટેજી ક્ષેત્રમાં એવોર્ડ અને ઈકવલ એમ્પ્લોપમેન્ટ ઓપર્ચ્યુનીટીસ ટ્રસ્ટ દ્વારા પણ માન્યતા મળેલ છે.

જેઓ અહીં ભારતીય મંદિરના સ્થાપક ટ્રસ્ટી આપણા ઓકલેન્ડ મંદિરના નિર્માતા અને આઈ.એસ.એસ.ઓ. ના પ્રેસિડેન્ટ છે. તેઓશ્રીના દ્વારા પાપાટોટોમાં પણ હિન્દુ મંદિર બનાવવામાં આવેલ છે. **સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાન અને અમદાવાદ શ્રી નરનારાયણદેવ ગાદીના નિષ્ઠાવાન** અને આટલી બધી જવલંત સફળતા અને નામના મેળવનાર ડૉ. કાંતિભાઈ હોલ ઓફ ફેમનું સન્માન મેળવતી વખતે ખૂબજ વિનમ્ર અને સરળ દેખાતા હતા.

ઉપરોક્ત સન્માન માટે પોતાના વ્હાલા દર્દીઓ, સાથી ડૉકટરો અને સહયોગીઓને તેમના પત્ની ડૉ. રંજનાબેનને આ એવોર્ડ માટે સૌથી યોગ્ય જણાવે છે. તેઓ આ દેશના ઉત્કર્ષ અને જરૂરિયાતમંદ લોકોને મદદ કરવા માટે હંમેશા પ્રયત્નશીલ રહે છે.

આવો એવોર્ડ દેશના વિકાસમાં હકારાત્મક અભિગમથી ફાળો આપ્યો હોય તેમને જ અપાય છે. ન્યુઝિલેન્ડમાં આપણા દેશના કોઈ વ્યક્તિ માટે અપાતો આ શ્રેષ્ઠ અને સન્માનજક એવોર્ડ છે. જે આઈવેન્ટ 'ઈન્ડીયન વિકેન્ડર દ્વારા યોજવામાં આવે છે. આવા સન્માનજનક અને વિદેશની ધરતી પર ડૉકટરના વ્યવસાયના ઉચ્ચપદ પર આવો ભવ્ય એવોર્ડ પ્રાપ્ત કરનાર આપણા જ સત્સંગના પરિવારના પ.ભ. ડૉ. કાંતિભાઈની ઉત્તરોત્તર પ્રગતિ માટે **પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રી** આશીર્વાદ પાઠવે છે.

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

**પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી શ્રીજી પ્રસન્નાર્થે**

૮૮૮/- કાચા ટેલર્સ પરિવાર હ. મુળજીભાઈ કાચા શ્રીજી પ્રસન્નાર્થે લેસ્ટર-યુ.કે.
૫૦૦/- પરમાર જગદીશ બચુલાલ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે ધૂળકોટ-નાઈરોબી
૫૫૫/- પ.પૂ. મોટા મહારાજશ્રીના રાજીપા અર્થે ભૂડીયા કાંતિલાલ કેસરા ઈસ્ટ લંડન
૫૫૫/- પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીના રાજીપા અર્થે અ.સૌ. જસવંતીબેન કાંતિલાલ ભૂડીયા ઈસ્ટ લંડન
૧૦૧/- અ.નિ. હંસાબેન હર્ષદભાઈ પટેલ માસિક પુણ્ય તિથિ નિમિત્તે દહેગામ
૨૦૧/- પિંડોરીયા વેલજી પ્રેમજીની પુણ્ય તિથિ નિમિત્તે માધાપર-કચ્છ
૧૦૧/- અ.નિ. તેજેશકુમાર કનુભાઈ ભાવસારના સ્મરણાર્થે સાણંદ
૧૦૧/- અ.નિ. રૂપારેલીયા આકાશભાઈ ઘનશ્યામભાઈ માસિક પુણ્ય તિથિ નિમિત્તે સુરત
૧૦૦/- અ.નિ. અશ્વિનભાઈ ધીરૂભાઈ ત્રીજી પુણ્યતિથિ નિમિત્તે જાંબુડાવાળા
૫૦૧/- પટેલ તુલસીબેન શ્રીજી પ્રસન્નાર્થે કચ્છ (ઈસ્ટ લંડન)
૧૦૧/- સોરઠીયા હરિકૃષ્ણ સંજયભાઈ ૯૬ ટકાએ પાસ થયા તે નિમિત્તે બાપુનગર
૧૦૧/- પટેલ અંકિતકુમાર રમેશભાઈ પુત્ર જન્મ પ્રસંગે આકરૂંદ
૧૦૧/- પટેલ આત્મીય ભાવેશકુમાર શ્રીજી પ્રસન્નાર્થે આકરૂંદ
૧૦૦/- અ.નિ. બારોટ ડાહીબેન કાંતિલાલ પુણ્ય તિથિ નિમિત્તે અમદાવાદ
૫૦૧/- અ.નિ. તળાવીયા પ્રાગજીભાઈ નરસીભાઈના સ્મરણાર્થે પીઠવાજાળ
૧૦૦/- નાયી રમેશભાઈ કેશાભાઈ નવું બાઈક નિમિત્તે ચાંદખેડા
૫૦૦/- પટેલ હર્ષદભાઈ હરિભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નાંદોલ
૩૫૧/- પટેલ હાર્દિક હર્ષદભાઈ જોબ મળી તે નિમિત્તે મોટા ઉભડા
૧૦૧/- ડાભી કનકેશ ગીરીશભાઈ જન્મ દિને મહેસાણા
૧૦૦/- પટેલ સતીષચંદ્ર ગોબરદાસ અમેરિકા પ્રવાસ નિમિત્તે અમદાવાદ
૧૦૦/- પટેલ ધ્યાની સુમનભાઈ જન્મ પ્રસંગે ઉનાવા
૧૦૦/- દલવાડી કરશનભાઈ મોતીભાઈ નવું મકાન બનાવ્યું તે નિમિત્તે વિરમગામ
૧૦૦/- એક હરિભક્ત શ્રીજી પ્રસન્નાર્થે
૧૦૧/- પિત્રોડા બંસરી રાજેશભાઈ ઈશ્વરભાઈ જન્મ દિને અમદાવાદ
૧૦૧/- અ.નિ. પિત્રોડા ઈશ્વરભાઈ અમરશીભાઈ ત્રીજી પુણ્ય તિથિ નિમિત્તે અમદાવાદ
૧૦૧/- અ.નિ. પટેલ વિરચંદભાઈ સોમદાસ પાંચમી પુણ્ય તિથિ નિમિત્તે સોજા
૧૧૦/- જાદવ ધીમંતભાઈ કનકભાઈ શ્રીજી પ્રસન્નાર્થે મોરબી
૫૦૦/- પટેલ પ્રિયંકાબેન ચંદુભાઈ સરકારી સિવિલમાં જોબ નિમિત્તે સાચોદર
૪૦૦/- પટેલ અંકિત ચંદુભાઈ એમ.એસ.સી. ફીજીક્સ થયા અને ઈડરમાં ૧૧-૧૨ સાયન્સના કલાસ ચાલુ કર્યા તે નિમિત્તે સાચોદર
૧૦૦/- પટેલ હરિભાઈ માધાભાઈ ૭૪ માં જન્મ દિને સાચોદર
૫૦૦/- પટેલ ચેતનકુમાર પ્રભુભાઈ પુત્ર જન્મ પ્રસંગે લાલોડા
૫૦૦/- પટેલ સતીષકુમાર ડાહ્યાભાઈ પુત્ર જન્મ પ્રસંગે લાલોડા
૫૦૦/- ડૉ જેનિસ બંસીભાઈ નવું કલિનિક ચાલુ કર્યુ તે નિમિત્તે ચાંદખેડા
૨૦૦/- ડૉ. સૃષ્ટિ વિક્રમભાઈ પટેલ નવા કલિનિક નિમિત્તે ચાંદખેડા
૧૦૦/- ડી.જે. દર્શન, ડી.જે. લાવ્યા તે નિમિત્તે અમદાવાદ
૧૦૦/- મકવાણા અંકિત નટવરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૦/- પટેલ રામાભાઈ સોમાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નરોડા
૧૦૦/- પટેલ ભૂમિબેન સુરેશભાઈ બી. ગ્રુપમાં સારા ટકા નિમિત્તે અમદાવાદ
૧૦૦/- પટેલ વિશ્વકુમાર સુરેશભાઈ ધો-૮ માં સારા ટકા નિમિત્તે અમદાવાદ
૧૫૦/- અ.નિ. કમળાબેન રામભાઈ પટેલ ત્રીજી માસિક પુણ્ય તિથિ નિમિત્તે મોખાસણ
૧૦૧/- ડાભી યોગેન્દ્રસિંહ અનંતસિંહ નવું બાઈક નિમિત્તે ડાંગરવા
૧૦૦/- વૈષ્ણવ કલ્યાણી અશ્વિનભાઈ લગ્ન પ્રસંગે અમદાવાદ
૨૦૦/- પટેલ મેઘાવીબેન અતુલભાઈ લગ્ન પ્રસંગે નારણપુરા
૧૦૦/- પટેલ અતુલભાઈ પોપટભાઈ જોબ ટ્રાન્સફર નિમિત્તે નારણપુરા
૧૦૧/- પટેલ ઉર્વિશ રાજેશભાઈ ૧૨ સાયન્સ પાસ નિમિત્તે લસુન્દ્રા
૧૦૦/- પટેલ દિનેશભાઈ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે વાગોસણા
૧૦૦/- પટેલ નિધિબેન કમલેશભાઈ ધો-૧૨ માં પાસ થયા નિમિત્તે વાગોસણા
૧૦૦/- પટેલ કનૈયાલાલ જી. શ્રીજી પ્રસન્નાર્થે વાગોસણા
૧૦૦/- વિરાણી રમેશભાઈ ગોવિંદભાઈ નવું મકાન લીધું તે નિમિત્તે ઘાટલોડીયા
૨૫૧/- પટેલ કનુભાઈ શીવાભાઈ નવું એલ.ઈ.ડી. ટી.વી લાવ્યા તે નિમિત્તે અમદાવાદ
૨૦૦/- પટેલ ભગવાનભાઈ મુળજીભાઈ ચિ. પૌત્રી ભૂમિને ધો-૧૨ માં ૯૩ ટકા નિમિત્તે કોઠ
૨૫૧/- ભુવા અરવિંદ હીરજી જન્મ દિને કેરા-કચ્છ
૧૦૧/- ઉપાધ્યાય કુમુદચંદ્ર જગન્નાથ ચિ કર્મના જન્મ દિને અમદાવાદ
૧૦૧/- ઉપાધ્યાય કુમુદચંદ્ર જગન્નાથ રેખાબેનનું સ્વાસ્થ્ય સારુ થયું તે નિમિત્તે અમદાવાદ
૧૦૧/- રાઠોડ વિજયભાઈ અમરશીભાઈ પુત્ર જન્મ પ્રસંગે સુરત
૧૦૦/- ચિ. રૂદ્રસિંહ સિંધવના જન્મ પ્રસંગે કાલીયાણા
૧૦૧/- પટેલ પ્રકૃતિબેન જીતેન્દ્રભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રાયણીયા
૨૦૦/- પટેલ આકાશ જસુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ઉનાવા
૧૦૧/- પટેલ ગિરધરભાઈ અંબાલાલભાઈ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે મેડા
૧૦૧/- ચૌહાણ અશોકભાઈ બેચરભાઈ ચિ. કેવલ ૧૨ સાયન્સમાં પાસ નિમિત્તે અમદાવાદ
૧૦૦/- ચૌધરી ભાવિષા વિષ્ણુભાઈ સેંધાભાઈ અમેરિકા ગયા તે નિમિત્તે બાલવા
૧૦૧/- ચાવડા ગોવિંદભાઈ જેશંગભાઈ ચિ. રાજલ ધો-૧૨ માં પાસ નિમિત્તે બળોલ
૧૦૦/- વાઘેલા મનસ્વીબા વિજયસિંહ જન્મ દિને ગોધાવી
૧૦૧/- શકરીબેન ભગત સંતોને રસોઈ નિમિત્તે વડુ
૧૦૧/- પટેલ જડીબેન ડાહ્યાભાઈના સ્મરણાર્થે વડુ
૧૦૦/- પટેલ અરવિંદભાઈ ભલાભાઈ જન્મ દિને દહેગામ
૧૦૦/- ગાંગાણી અંકિત મગનભાઈ નવું એકટીવા લીધું તે નિમિત્તે અમદાવાદ
૨૦૦/- પટેલ નિતીન કનૈયાલાલ પૌત્રના જન્મ પ્રસંગે કોઠા
૨૦૦/- પોરીયા ધનસુખ દામજી ચિ. ભાવેશના લગ્ન પ્રસંગે મુંબઈ
૧૦૧/- મોદી ધ્રુવિસ અતુલકુમાર યાત્રા નિમિત્તે ગાંધીનગર
૧૦૦/- પટેલ રણછોડભાઈ અંબાલાલ શ્રીજી પ્રસન્નાર્થે કલોલ
૧૦૦/- પટેલ ગીતાબેન ભક્તિભાઈ ચિ. ધર્મિષ્ઠાબેન અને પિન્ટુબેનના જીયાણા પ્રસંગે વડુ
૧૦૦/- પટેલ અંજનાબેન મનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નાંદોલ
૫૦૦/- ઝાલા ધર્મિષ્ઠાબેન દિલાવરસિંહ નવો ફલેટ લીધો તે નિમિત્તે અમદાવાદ

૧૦૧/- વાઘેલા આનંદબા ઘનશ્યામસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૧/- ઝાલા રાજેશ્વરીબા દિલાવરસિંહ ગોધાવી
ધો-૧૨ માં સારા ટકાએ પાસ નિમિત્તે
૧૦૦/- ચૌહાણ આયુષસિંહ વજેસિંહ પુણ્ય તિથિ નિમિત્તે ટાંકીયા
૧૦૦/- પટેલ શંકરભાઈ છગનભાઈ જન્મ દિને ધનસુરા
૧૦૦/- ડાભી મહિપતસિંહ દિલીપજી લગ્ન પ્રસંગે ડાંગરવા
૧૦૦/- પટેલ પ્રિયાબેન જસુભાઈ ધો-૧૨ માં પાસ થયા તે નિમિત્તે લવારપુર
૧૦૦/- ચૌહાણ હિનાબા શૈલેન્દ્રસિંહ જન્મ દિને ભોળાદ
૧૦૦/- ચૌહાણ ધ્રુવરાજસિંહ શૈલન્દ્રસિંહ જન્મ દિને ભોલાદ
૧૦૧/- પટેલ મનોરમાબેન પિયુષકુમાર શ્રીજી પ્રસન્નાર્થે સૂકાટીંબા
૧૦૦/- મોરી અશોકભાઈ કાનજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાલીયાણા
૧૦૦/- વાઘેલા અક્ષરાજસિંહ ઈન્દ્રજીતસિંહ શ્રીજી પ્રસન્નાર્થે બામણવા
૧૦૧/- પટેલ વિરાજ સતીષકુમાર પ્રથમપગાર નિમિત્તે કલોલ
૨૦૦/- પટેલ પંકજભાઈ અરવિંદભાઈ કરજીસણ
નવું મકાન રાખ્યું તે નિમિત્તે
૧૦૦/- દરજી ભીખાભાઈ એસ. શ્રીજી પ્રસન્નાર્થે દહેગામ
૨૦૦/- સોની અમીષાબેન પંકજકુમાર શ્રીમંત પ્રસંગે અમદાવાદ
૨૫૧/- ભાવસાર રમેશચંદ્ર શાંતિલાલ અમદાવાદ
મ્યુ. કોર્પો.એસ્ટેટમાંથી ૩૦-૬ ના નિવૃત થયા તે નિમિત્તે
૧૦૦/- પટેલ કાનજીભાઈ મોતીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ખેરોલ
૧૦૦/- વાઘેલા વર્ષાબા કિરીટસીંહ શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા
૧૦૦/- વાઘેલા કિરીટસિંહ બળવંતસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા
૧૦૦/- પટેલ શિરાલી ચંદ્રેશભાઈ જન્મ દિને બાયડ
૫૦૧/- ભાટીયા મનીષકુમાર ભીખાભાઈ કડાણા
નવી ગાડી લાવ્યા તે નિમિત્તે
૧૫૧/- ભાવસાર દૃષ્ટિ પરેશભાઈ અમદાવાદ
ધો-૧૨ સાય.માં ૮૫ પર્સેન્ટાઈલ નિમિત્તે
૧૦૦/- મોરી અજીતભાઈ પથાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાલીયાણા
૧૦૫/- પટેલ યુવરાજકુમાર ગોપાલભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાયડ
૧૦૦/- ચાવડા રમેશભાઈ એ. વકીલ છપૈયાધામ દર્શન નિમિત્તે વિરમગામ
૧૦૦/- ચાવડા જયદિપ રમેશભાઈ છપૈયાધામ દર્શન નિમિત્તે વિરમગામ
૨૦૦/- મોદી પુલિત જીતેન્દ્રકુમાર અમદાવાદ
ઓસ્ટ્રેલીયાના પી.આર. મળ્યા તે નિમિત્તે
૧૦૦/- પટેલ પોપટભાઈ સોમાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે વાવોલ
૧૦૦/- દરજી મનોજભાઈ અશોકભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નરોડા
૧૦૦/- કા. વિમલભાઈ નારણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ધનસુરા
૨૦૦/- ચૌધરી શૈલેષભાઈ બળદેવભાઈ સમૌ
પ્રિન્સીપાલમાં જોબ અને નવા બાઈક નિમિત્તે
૧૦૦/- ચૌધરી ઉષાબેન શૈલેષભાઈ શિક્ષિકાની નોકરી નિમિત્તે સમૌ
૫૦૧/- પટેલ દિનેશ રમણભાઈ ચિ. આયુષીના જન્મ દિને કુબડથલ
૨૫૦/- પટેલ ધ્રુવ અરવિંદભાઈ ધો-૧૦ માં પાસ નિમિત્તે અસલાલી
૫૦૦/- પટેલ યશ હરિશભાઈ કુબડથલ
ધો-૧૦ માં ૯૮ ટકાએ પાસ થયા તે નિમિત્તે
૧૦૦/- પટેલ તિલક અલ્પેશભાઈ પ્રથમ જન્મ દિને અમદાવાદ
૨૦૦/- પટેલ મૈત્રી પ્રવિણભાઈ ૧૨ સાયન્સ પાસ નિમિત્તે વડાગામ
૨૦૧/- પટેલ માણેકબેન મણીલાલ દહેગામ
તા. ૧૪-૪-૧૫ ના અક્ષરવાસ નિમિત્તે
૧૦૦/- પટેલ મિનલબેન સંજયભાઈ યુ.કે.ના વિઝા નિમિત્તે ધમાસણા
૧૦૦/- ચૌધરી ઈક્ષ્વાકુ વી.કે. માણેકપુર
ધો-૧૨ સાયન્સમાં ઉતિર્ણ થયા તે નિમિત્તે
૧૦૦/- ચૌધરી ઋષિ ચિરાગ માણેકપુર
શ્રી નરનારાયણદેવે સંકલ્પ પૂર્ણ કર્યો તે નિમિત્તે
૧૦૦/- કપુપરા નેવિલ અતુલભાઈ અમદાવાદ
ધો.-૧૦ (અંગ્રેજી મિડીયમ)માં ૮૬ ટકા આવ્યા તે નિમિત્તે

૧૧૦૦/- પટેલ પારૂલબેન રાકેશકુમાર અમેરિકા-વાગોસણા
પ્રથમ પગાર નિમિત્તે
૫૦૦/- પટલે એલીસાબેન રાકેશકુમાર જન્મ દિને વાગોસણાવાળા
૧૦૦/- સોલંકી ક્રિના ત્રિશા શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૦/- પટેલ શારદાબેન ચંદુલાલ શ્રીજી પ્રસન્નાર્થે વાગોસણા
૧૦૦/- પટેલ રીતુ કમલેશભાઈ મારૂસણા
ધો-૧૨ માં ૭૮ ટકાએ પાસ થયા તે નિમિત્તે
૧૦૦/- જાદવ સંદિપસિંહ નાનુભાઈ સુરેન્દ્રનગર
ચિ. હર્ષરાજના જન્મ પ્રસંગે
૧૦૦/- જાદવ જયશ્રીબા નાનુભાઈ સુરેન્દ્રનગર
ચિ. પૃથ્વીરાજના લગ્ન પ્રસંગે
૧૦૧/- પટેલ અર્ચના બી. નોકરી મળી તે નિમિત્તે ગાંધીનગર
૧૦૧/- પટેર રૂદ્ર એસ. જન્મ દિને મોટેરા
૨૦૦/- પટેલ માનવ અલ્કેશભાઈ જન્મ દિને ચાંદખેડા
૧૦૧/- પટેલ આર્ય જૈમિન છઠ્ઠા જન્મ દિને નરોડા
૧૦૧/- પટેલ રશ્મિકાંત છોટાભાઈ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે ગામડી
૧૦૦/- સુહાગીયા સુહાસીની દિપેનભાઈ અમદાવાદ
સ્કુલમાં એડમીશન નિમિત્તે
૧૦૦/- કા. શુભમ ગીરીશકુમાર જન્મ દિને બાલાસિનોર
૫૦૦/- શેઠ ભાવિન જે. લગ્ન પ્રસંગે મોડાસા
૧૦૦૦/- પટેલ પ્રબોધકુમાર પૂંજાભાઈ વિઝા મળ્યા તે નિમિત્તે વિરાવાડા
૧૦૦/- ગાંગાણી ભૂમિ અરવિંદભાઈ અમદાવાદ
ધો-૧૨ કોમર્સ ફર્સ્ટ કલાસ નિમિત્તે
૧૦૧/- ગાંગાણી પ્રભુભાઈ નાનજીભાઈ અમદાવાદ
ચિ. ઝલકના લગ્ન પ્રસંગે
૧૦૧/- ભાવસાર સાવિત્રીબેન મનુભાઈ અમદાવાદ
ચિ. માનુષી ધો-૧૦ માં પાસ થઈ તે નિમિત્તે
૧૦૦/- મોદી અમરતલાલ મગનલાલ શ્રીજી પ્રસન્નાર્થે સેટેલાઈટ
૧૫૧/- ઝાલાવાડીયા ચિરાગ ધરમશીભાઈ પુત્ર જન્મ પ્રસંગે અમદાવાદ
૨૦૧/- અ.નિ. પટેલ કાંતિભાઈ સોમાભાઈ અંબાપુર
પ્રથમ પુણ્ય તિથિ નિમિત્તે
૧૦૧/- પટેલ રમાબેન પરસોતમભાઈ બાપુનગર
તુષાર કુમારને વિઝા મળ્યા તે નિમિત્તે
૨૦૧/- ચાવડા ઋત્વિકસિંહ નરેન્દ્રસિંહ બિલોદરા
ધો-૧૦ માં ૯૫ ટકા નિમિત્તે
૨૫૦/- અમીન લીલાતબેન શંભુભાઈ દહેગામ
જગદીશનું ઓપરેશન સફળ થયું તે નિમિત્તે
૨૫૦/- અમીન જગદીશભાઈ શંભુભાઈ ચિ. માનવના જન્મ દિને દહેગામ
૧૧૧/- નંદુભાઈ ગૌરીશંકરભાઈ ભાણાના લગ્ન પ્રસંગે
૧૦૧/- વાઘેલા પૂજાબેન રાકેશભાઈ અમદાવાદ
ધો-૧૦ માં ૮૫ ટકા નિમિત્તે
૧૦૦/- પંચાલ કનૈયાલાલ ધનજીભાઈ અમદાવાદ
ચિ. સમર્થને ૧૨ સાયન્સમાં સારા ટકા નિમિત્તે
૫૦૦/- પટેલ પ્રાન્સી ગુંજનકુમાર જન્મ દિને તા. ૧૭-૬ ઉનાવા
૨૦૦/- પટેલ પ્રેમ સુરેશભાઈ જન્મ દિને વાવોલ
૧૦૧/- પટેલ જૈમિન ભૂપેન્દ્રભાઈ વેવિશાળ નિમિત્તે ડાંગરવા
૧૦૦/- કા. વિનોદકુમાર કે. ચિ. નિત્યના જન્મ દિને વડોદરા
૧૦૦/- અ.નિ. કા. જીગર ગોવિંદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કોઠંબા
૧૦૦/- પટેલ ધરણી ચંદ્રેશભાઈ ધો-૧૦ માં ૮૪ ટકા નિમિત્તે બાયડ
૧૦૦/- પટેલ દિપકુમાર પંકજભાઈ ધો-૧૦ માં ૮૯ ટકા નિમિત્તે બાયડ
૩૦૦/- પૂજન, લીલાબેન અને વસંતભાઈના જન્મ દિને દહેગામ
૧૦૦/- રાવલ નયનાબેન પ્રવિણચંદ્ર ડી. કાલીયાણા
અન્નપૂર્ણેશ્વર મહાદેવ પ્રતિષ્ઠા નિમિત્તે

૧૦૧/- પટેલ આરવ ધવલભાઈ જન્મ દિને અમદાવાદ
૧૦૧/- પટેલ ધવલ ગૌતમભાઈ જન્મ દિને અમદાવાદ
૨૫૦/- પટેલ નીશા કુશલ નટવરભાઈ જોબ મળી તે નિમિત્તે સાબરમતી
૧૧૧/- સાપરીયા નિમિત્ત મનહરભાઈ ધો-૧૦ પાસ નિમિત્તે સુરત
૧૦૧/- પટેલ જીતકુમાર રાકેશભાઈ જન્મ દિને કરજીસણ
૧૦૧/- પટેલ દિયાબેન રાકેશભાઈ જન્મ દિને કરજીસણ
૩૦૧/- દોશી કીર્તન રમેશકુમાર જન્મ દિને ૧૭-૬ અમદાવાદ
૧૦૦/- મોદી મોસમ સાગર રમેશભાઈ ગાડી લાવ્યા તે નિમિત્તે મુંબઈ
૧૦૦/- પટેલ કૃણાલ દિલીપભાઈ ભાદરડી
૧૨ સાયન્સમાં સારા ટકા પાસ નિમિત્તે
૧૧૧/- પટેલ ચંપાબેન દિનેશભાઈ ચાર ધામ યાત્રા નિમિત્તે કનીપુર
૧૦૦/- ટાંક હર્ષાબેન કલ્પેશકુમાર પુત્ર જન્મ પ્રસંગે જીરાગઢ
૧૫૧/- મોરી રાકેશકુમાર બળદેવભાઈ ડેડીયાસણ
બોર્ડની પરીક્ષામાં સારા ટકા આવ્યા તે નિમિત્તે
૧૫૧/- મોરી ભગરીથ પરેશકુમાર ડેડીયાસણ
બોર્ડની પરીક્ષામાં સારા ટકા આવ્યા તે નિમિત્તે
૧૦૧/- ડાભી દિલીપસિંહ મુળુભા શ્રીજી પ્રસન્નાર્થે નરોડા
૧૦૧/- કા. ચિમનલાલ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે મુંબઈ
૨૦૦/- પટેલ જીજ્ઞેશકુમાર સુમનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમેરિકા
૧૦૦/- પટેલ અંબાલાલ વિઠ્ઠલભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નાંદોલ
૫૦૦/- અ.નિ. બકુલાબેન ચંદ્રહાસ દેરાસરીના સ્મરણાર્થે અમદાવાદ

## સમસ્ત સત્સંગ જોગ

**સમસ્ત સત્સંગને સહર્ષ જણાવાનું જે, સાધુ સદ્‌ગુણદાસજી ગુરુ સ.ગુ.ધ્યાની સ્વામી હરિસ્વરૂપદાસજી, સાધુ ધર્મસુતપ્રિયદાસજી ગુરુ સ.ગુ. ધ્યાનીસ્વામી હરિસ્વરૂપદાસજી તથા સાધુ પરોપકારદાસજી ગુરુ સ.ગુ.ધ્યાની સ્વામી હરિસ્વરૂપદાસજી ત્રણેય સંત વડતાલ શ્રી લક્ષ્મીનારાયણદેવ દેશના નાગરિક સંત હતા. હવે તેઓ અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશમાં રહેવા આવ્યા હોવાથી શ્રી નરનારાયણદેવ દેશના નાગરિક થયા છે. જેની સૌ સત્સંગને જાણ થાય.**

### અક્ષરનિવાસી હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

**પૂજ્ય અ.સૌ. મોટા બહેનનો અક્ષરવાસ : પરમપૂજ્ય મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના બહેનજી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ફોઈ પૂજ્ય અ.સૌ. રાજેન્દ્રકુમારી રત્નાકર મિશ્રા (પૂ. મોટા બહેન) સં. ૨૦૭૧ ના જેઠ વદ-૯/૧૦ ને ગુરુવારને તા. ૧૧-૬-૨૦૧૫ ના રોજ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.**

**ગોઝારીયા (મેઉવાળા) :** પ.ભ. ઘનશ્યામભાઈ રસિકલાલ ભાવસાર (શ્રી નરનારાયણદેવ યુવક મંડળ ગોઝારીયા સંચાલકશ્રી) તા. ૪-૬-૨૦૧૫ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**ભાભર (બનાસકાંઠા) :** પ.ભ. રમેશભાઈ કાનાબારના પિતાશ્રી પ.ભ. નરભેરામભાઈ મોતીરામભાઈ (દેવ કાપડીવાળા) તા. ૯-૨-૨૦૧૫ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**કલોલ (મૂળ ગામ મોખાસણ) :** પ.ભ. પ્રવિણભાઈ શંકરભાઈ પટેલ ૪૨ ગોળ સમાજના કલોલ પંચવટી મંદિરના સક્રિય સેવાભાવી કાર્યકર જેઓ જમીયતપુરા શ્રી પ્રભા હનુમાનજીના પગવાળા દર્શને જતા શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા તા. ૯-૪-૨૦૧૫ ના રોજ અક્ષરનિવાસી થયા છે.

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.




૧





૨




૧.શ્રી સ્વામિનારાયણ મંદિર પર્થ - ઓસ્ટ્રેલિયા શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ પ્રસંગે આશીર્વાદ આપતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પારાયણના વક્તા સ.ગુ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી તથા શાસ્ત્રી ગોપાલજીવનદાસજી.

૨. ભાભર ગામે એકાદશીની સભા પ્રસંગે સત્સંગ કરાવતા કોઠારી શા.સ્વામી નારાયણ મુનિદાસજી, શા.સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજી તથા શા.સ્વામી કુંજવિહારીદાસજી


**ફરાળી લોટ**

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાંથી જ લેવાનો આગ્રહ રાખવો.**

Registered under RNI-GUJ Guj /2007/20221 "Permitted to post at Ahd. PSO on 11 the every month under postal REG. No. GAMC. - 003/15-17 issued ssp Ahd Valid up to 31-12-2017 Licenced to Post without pre payment No. CPMG/GJ/01/2015 valid up to 31-12-2017







૧. આઈ.એસ.એસ.ઓ અમેરિકા સેવા સંસ્થા દ્વારા નેપાળ ભૂકંપ ગ્રસ્તો માટે ૨૫,૦૦૦ ડોલરના ચેકની સહાય કરવામાં આવી હતી.
૨. આપણા ડો. કાંતિભાઈ પટેલને મેડીકલનો 'હોલ ઓફ ફેમ' એવોર્ડ અપર્ણ કરતાં ન્યુઝિલેન્ડના વડાપ્રધાન શ્રી જહોન કે.



# ગુરુપૂર્ણિમા



**બીજો અષાઢ સુદ-૧૫ ગુરુપૂર્ણિમા તા. ૩૧-૭-૨૦૧૫ શુક્રવાર**

## પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું

સંત હરિભક્તો દ્વારા ગુરુપૂજન-અર્ચન સવારે ૮-૩૦ કલાકે શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ

## પ.પૂ.મોટા મહારાજશ્રીનું

સંત હરિભક્તો દ્વારા ગુરુપૂજન-અર્ચન
સવારે ૮-૩૦ કલાકે શ્રી સ્વામિનારાયણ મંદિર, મૂળી



## પ.પૂ.ભાવિ આચાર્ય શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો પ્રાકટ્યોત્સવ

બીજો અષાઢ વદ-૧૦ તા. ૯-૮-૨૦૧૫ રવિવાર સવારે ૮-૩૦ કલાકે
શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ

Praful Kharsani